RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 14 Issue : 237 Dt. 19-12-2024 Page : 08 Price : Rs 3

Editor : **PRATIPALSINH NARENDRASINH JADEJA,** Publisher, Printer & Owner : **YASHPALSINH JAYCHANDRASINH JADEJA**

Place of Publication : **201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT**




# મુંબઈ દુર્ઘટના
# પેસેન્જર બોટ પલટતા ૧૩ના મોત, ૧૦૧નો બચાવ

## ગેટ-વે ઓફ ઈન્ડિયાથી એલિફન્ટા વચ્ચે ચાલતી ફેરી બોટ નેવીની હાઈસ્પીડ બોટ સાથે અથડાઈ હતી : ૯૯ લોકો સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા

મુંબઈ, તા. ૧૮

બુધવારે સાંજે મુંબઈમાં ગેટવે ઓફ ઈન્ડિયાથી એલિફન્ટા વચ્ચે ચાલતી ફેરી બોટ પલટી ગઈ હતી. આ બોટમાં કુલ ૧૦૯ મુસાફરો હતા. તેમાં પાંચ ક્રૂ મેમ્બર સામેલ હતા. આ ઘટના પછી, નેવી અને પોલીસે સંયુક્ત રીતે એક મોટું રેસ્ક્યુ ઓપરેશન હાથ ધર્યું હતું અને સાંજે ૭.૧૫ વાગ્યે બધાને શોધી કાઢ્યા હતા, જોકે આ અકસ્માતમાં ૧૩ મુસાફરોના મોત થયા હતા. માર્યા ગયેલા લોકોમાં ૧૦ નાગરિકો અને ત્રણ નેવીના જવાનોનો સમાવેશ થાય છે. રેસ્ક્યુમાં બચાવી લેવામાં આવેલા તમામ ૯૯ લોકોને વિવિધ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જેમાંથી ચારની હાલત નાજુક છે. દરિયામાં ફેરી બોટ પલટી જવાની આ ઘટના સ્પીડ બોટ સાથે અથડાયા બાદ બની હતી. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે મૃતકોના પરિવારજનોને ૫ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે. મુખ્યમંત્રીએ આ ઘટનાની તપાસના આદેશ આપ્યા છે.

બચાવ કામગીરી બાદ ૫૬ મુસાફરોને જેએનપીટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં ત્રણની હાલત ચિંતાજનક છે. એક મુસાફરનું હોસ્પિટલમાં મોત થયું હતું. ૯ મુસાફરોને નેવી ડોકયાર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે. અહીં એક મુસાફરનું મોત થયું હતું. અશ્વિની હોસ્પિટલમાં એક વ્યક્તિની હાલત ગંભીર છે, જ્યારે કુલ નવ મુસાફરો સેન્ટ જ્યોર્જ હોસ્પિટલમાં દાખલ છે. આ તમામની હાલત સ્થિર છે. સત્તાવાર નિવેદન અનુસાર, ૧૨ મુસાફરોને કરંજે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દરેક વ્યક્તિ ખતરાની બહાર છે. NDK હોસ્પિટલ મોરામાં ૧૦ મૃત્યુ થયા છે. બોટના પાંચેય ક્રૂ મેમ્બર સુરક્ષિત છે. દુર્ઘટના બાદ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે નાગપુરમાં વિગતવાર નિવેદન જારી કર્યું હતું.

### ૪ હેલિકોપ્ટર બચાવ કામગીરીમાં સામેલ છે

સંરક્ષણ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે ચાર હેલિકોપ્ટર એક ડઝનથી વધુ અન્ય મુસાફરોની શોધ અને બચાવ કામગીરીમાં સામેલ છે, જ્યારે સ્થાનિક પોલીસ, જવાહરલાલ નહેરુ પોર્ટ ઓથોરિટી અને વિસ્તારના માછીમારો પણ બચાવ કામગીરીમાં સામેલ છે.



### મૃતકોના પરિવારજનોને ૫-૫ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત

મુખ્યમંત્રી ફડણવીસે બોટ દુર્ઘટનામાં માર્યા ગયેલા લોકોના પરિવારજનોને ૫ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે આ રકમ મુખ્યમંત્રી સહાય નિધિમાંથી આપવામાં આવશે. તેમણે કહ્યું કે આ ઘટનાની ઝીણવટભરી તપાસ કરવામાં આવશે. નેવીની સાથે પોલીસ પણ આ મામલે તપાસ કરશે.

### અંતર ૧૩ કિલોમીટર છે

ગેટવે ઓફ ઈન્ડિયા અને એલિફન્ટા કે વચ્ચેનું કુલ અંતર ૧૩ કિલોમીટર છે. આને પૂર્ણ કરવામાં લગભગ ૧ કલાકનો સમય લાગે છે. પ્રવાસીઓને મુંબઈમાં એલિફન્ટા ગુફાઓ સુધી લઈ જવા માટે ફેરી સર્વિસ ચાલે છે. આમાં પ્રવાસીઓ અને લોકોને બોટ દ્વારા ગુફાઓમાં લઈ જવામાં આવે છે. એલિફન્ટા ગુફાઓ મુખ્યત્વે હિન્દુ ભગવાન શિવને સમર્પિત ગુફા મંદિરોનો સંગ્રહ છે. આને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટ્સ તરીકે નિયુક્ત કરવામાં આવી છે.

### બોટમાં ૧૧૦ લોકો સવાર હતા

મળતી માહિતી મુજબ, બોટમાં લગભગ ૧૧૦ લોકો સવાર હતા, જોકે ચોક્કસ સંખ્યાની પુષ્ટિ થઈ શકી નથી. બોટ મુંબઈના પ્રખ્યાત પર્યટન સ્થળ એલિફન્ટા આઈલેન્ડ તરફ જઈ રહી હતી, ત્યારે સાંજે લગભગ ૪ વાગ્યે એક નાની હોડી તેની સાથે અથડાઈ અને બોટ પલટી ગઈ. આ ઘટના બાદ તરત જ એક વિડિયો બહાર પાડવામાં આવ્યો હતો જેમાં બચાવ કામગીરી ચાલી રહી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. હાલ ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

### ગુજરાતમાં ઔદ્યોગિક વસાહતોને જમીન ફાળવણી કરવાની નીતિમાં સુધારો
# GIDCને ત્રણ કેટેગરીમાં ફાળવાશે જમીન

કેટેગરી-૧માં ૧૧૯ તાલુકાની લઘુ વિકસિત GIDCને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના દરે જમીન ફાળવાશે

કેટેગરી-૨ઃ ૭૬ તાલુકાની મધ્યમ વિકસિત GIDCને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના ૧૨૫ ટકા દરે જમીન ફાળવાશે

કેટેગરી-૩ઃ ૫૬ તાલુકાની વિકસિત GIDCને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના ૧૫૦ ટકા દરે જમીન ફાળવાશે

રાજકોટ, તા. ૧૮

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ સહિતના તમામ ઉદ્યોગોના હિતમાં રાજ્ય સરકાર દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમને ઔદ્યોગિક વસાહત માટે જમીન ફાળવણી કરવાની નીતિમાં જરૂરી સુધારો કરીને, GIDCમાં ઉદ્યોગોને જમીન ફાળવવાની પ્રક્રિયાને વધુ સરળ બનાવવામાં આવી છે.



પ્રવક્તા મંત્રીએ વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યની ઔદ્યોગિક વસાહતો માટે સરકારી પડતર જમીન GIDCને તબદીલ કરવામાં આવે છે અને GIDC દ્વારા આ જમીન ઉદ્યોગોને ફાળવવામાં આવે છે. હાલની પદ્ધતિ અનુસાર જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતા હેઠળની કમિટી દ્વારા સરકારી જમીનના ભાવ નક્કી કરવામાં આવે છે. ત્યારબાદ નક્કી થયેલા ભાવે પડતર જમીન GIDCને ફાળવવામાં આવે છે. આ પ્રક્રિયા બાદ ઘણા કિસ્સામાં જમીનના દર હયાત દર કરતા વધુ થતા હોવાનું ધ્યાને આવ્યું હતું.

આવી તમામ સમસ્યાઓના નિકાલ માટે ગુજરાત સરકારે જમીન ફાળવવાની આ પ્રક્રિયાને વધુ સરળ બનાવી છે. હવે ગુજરાત ઔદ્યોગિક નીતિ-૨૦૨૦ અંતર્ગત ઉદ્યોગ અને ખાણ વિભાગે કરેલા વર્ગીકરણ પ્રમાણે કુલ ૩ કેટેગરીમાં GIDCને સરકારી પડતર જમીન ફાળવવામાં આવશે. જે મુજબ કેટેગરી-૧માં સમાવિષ્ટ ૧૧૯ તાલુકાની લઘુ વિકસિત GIDCને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના દરે જ જમીન ફાળવવામાં આવશે. આ ઉપરાંત કેટેગરી-૨માં સમાવિષ્ટ ૭૬ તાલુકાની મધ્યમ વિકસિત GIDCને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના ૧૨૫ ટકા દરે, જ્યારે કેટેગરી-૩માં સમાવિષ્ટ ૫૬ તાલુકાની વિકસિત GIDCને પ્રવર્તમાન ઔદ્યોગિક જંત્રીના ૧૫૦ ટકા દરે જમીન ફાળવવામાં આવશે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્ય સરકારના આ મહત્વપૂર્ણ નિર્ણયના પરિણામે ઔદ્યોગિક વસાહત માટે સરકારી પડતર જમીન ફાળવવા માટેની પ્રક્રિયા વધુ સરળ બનશે, સમયનો વ્યય અટકશે તેમજ તમામ GIDC વચ્ચે જમીન ફાળવણી અને તેના વિકાસની સમાનતામાં પણ વધારો થશે. ખાસ કરીને ખજખઊ ઉદ્યોગકારોને અને રોકાણકારોને પણ આ નિર્ણયથી વધુ સુગમતા થશે. ઉદ્યોગકારોની રોકાણ કરવા માટેની કેટલીક દુવિધાઓ અને અનિશ્ચિતાઓ પણ દૂર થશે.

# ગ્રામસ્વરાજની ચૂંટણી અંગે કાલે ગાંધીનગરમાં હાઈ લેવલ બેઠક

## રાજકોટ જિલ્લા કલેકટર અને DDO સહિત રાજ્યભરના ઉચ્ચ અધિકારીની રહેશે ઉપસ્થિતી : ઘેલા સોમનાથ ખાતેની ચિંતન બેઠક મોકૂફ

રાજકોટ, તા. ૧૮

ગ્રામ સ્વરાજની ચૂંટણી માટે હાલ રાજ્ય સરકાર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે ત્યારે કાલે ગાંધીનગર ખાતે રાજ્યના કલેક્ટર તથા જિલ્લા વિકાસ અધિકારીની એક ખાસ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે મહત્વની વાત એ છે કે તારીખ ૨૦ ના રોજ રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભાવ જોશી દ્વારા યાત્રાધામ ઘેલા સોમનાથ ખાતે જિલ્લાની ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ કોન્ફરન્સ આવી જતા તેને હાલ મોકો રાખવામાં આવી છે બીજી તરફ ચિંતન શિબિર ની નવી તારીખ આવનારા દિવસોમાં જાહેર કરવામાં આવશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

ગાંધીનગર ખાતે યોજાનારી કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીની કોન્ફરન્સમાં ખાસ ગ્રામ સ્વરાજની ચૂંટણી અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે ત્યારે સંબંધિત વિભાગના સૂત્રોના જણાવ્યા અનુસાર ચૂંટણીનું જાહેરનામું પણ ટૂંક સમયમાં પ્રસિદ્ધ થાય તો નવાઈ નહીં ત્યારે આ કોન્ફરન્સમાં મહેસુલ અને પંચાયત વિભાગની કામગીરી અંગે પણ ચર્ચા કરવામાં આવશે બીજી તરફ આ કોન્ફરન્સમાં રેવન્યુ કામગીરીની સમીક્ષા થશે અને દબાણો અને મહેસૂલી પંચાયતી કામગીરીનો રિપોર્ટ પણ સચિવ દ્વારા લેવામાં આવનાર હોય તેવું જાણવા મળી રહ્યું છે.

મહત્વનું એ છે કે રાજ્ય સરકાર અને મહેસુલ વિભાગ દ્વારા રાજ્યના તમામ કલેકટરોને એ ખાસ સુચના આપવામાં આવી છે કે જે પણ જગ્યાએ ગેરકાયદેસર બાંધકામો થયેલા હોય તેને દૂર કરવામાં આવે પછી તે નેશનલ હાઈવે પર ના હોય શહેરમાં હોય કે પછી જિલ્લાના કોઈપણ તાલુકા અથવા તો ગામમાં તેને તાકીદે દૂર કરવા માટે હાલ તખતો ઘડવામાં આવે. રાજકોટ જિલ્લાની જો વાત કરવામાં આવે તો રાજકોટ કલેકટર દ્વારા હાલ આ અંગે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે તેમાં મહાનગરપાલિકા દ્વારા પણ ખાસ મહેનત કરવામાં આવે છે અને જે પણ ગેરકાયદેસર દબાણો હોય તેને દૂર કરવા માટેની તજવીજ હાથ ધરાઇ રહી છે.

અત્યારે મહત્વનું એ છે કે જિલ્લા અને તાલુકા કક્ષાએ સરકારી જગ્યા પર દબાણનું પ્રમાણ ખૂબ વ્યાપક પ્રમાણમાં જોવા મળી રહ્યું છે. ત્યારે આગામી દિવસોમાં એ તમામ જગ્યા પર દબાણો દૂર થાય તે માટેની ખાસ વ્યવસ્થા ઊભી કરવા માટે હાલ તખતો તૈયાર કરવામાં આવ્યો છે. અત્યારે મહત્વનું એ છે કે હાલ જિલ્લા કલેકટર દ્વારા પ્રાંત અધિકારી અને રેવન્યુના અન્ય અધિકારીઓને યાદી તૈયાર કરવા માટે જણાવ્યું છે ત્યારે જોવાનું એ રહ્યું કે આવનારા દિવસોમાં આ અંગે કયા પ્રકારના પગલાં લેવામાં આવશે અને જે મિલકતોમાં દબાણ થયું છે તેને કઈ રીતે દૂર કરાશે

### આજે કલેકટર કચેરી ખાતે બોર્ડ બેઠક ૨૮ કેસો અંગે થશે સુનાવણી

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે આજે મહેસુલી કહેશોનું અપીલનું ખાસ બોર્ડ યોજવામાં આવશે ત્યારે ૨૮ જેટલા જે અપીલના કેસો છે તેના પર જિલ્લા કલેકટર દ્વારા સુનાવણી પણ હાથ ધરાશે મળતી માહિતી મુજબ આ બોર્ડ બેઠકમાં અત્યાર સુધીમાં જે મોટાભાગના પેન્ડિંગ કહેશો છે તેનો નિકાલ કરી દેવામાં આવશે ત્યારે આજની આ બોર્ડ બેઠકમાં શેઢા તકરાર, દબાણ સહિતના ૨૮ કેસોનું કરવામાં આવશે જે અંગે હાલ તમામ તૈયારીઓને પૂર્ણ કરી દેવામાં આવી છે મહત્વનું એ છે કે છેલ્લા ઘણા સમયથી પેન્ડિંગ રહેલી જે ફરિયાદો છે તેનો પણ નિકાલ કરવામાં આવશે.



માતાજીના ચિત્રવાળા સિક્કા અને ત્રણ આઠડા હોય તેવી દસની નોટ પર તાંત્રિક વિધી કરવાથી માલામાલ થઇ જશો કહી ઠગાઇ

# વિધી બાદ ડબ્બો ખોલતા રૂપિયાના બદલે નાળીયેર નીકળ્યા !


## એક મહિલાને કહેવાતો તાંત્રિક ખેતરમાં લઇ ગયો અને અગડમ બગડમ વિધી કરીઃ છેતરીને પોણા બે લાખ લઇ ગયોઃ બીજા મહિલાને ચલણી નોટ પર વિધીના બહાને આવી જ રીતે છેતર્યાઃ તેમણે વિધીના થોડા દિવસ બાદ ડબ્બો ખોલતાં ખાલીખમ્મ હતો!

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૮**

રાજકોટ: વિજ્ઞાનના યુગમાં પણ લોકો તંત્રમંત્ર પર અંધવિશ્વાસ મુકીને છેતરાઇ જતાં હોય છે. અનેક ગઠીયાઓ લોકોની ધાર્મિક ભાવના સાથે ખીલવાડ કરી ખેલ કરી જતાં હોય છે. આવો વધુ એક બનાવ સામે આવ્યો છે જેમાં મહિલાને વિશ્વાસમાં લઇ માતાજીના ફોટાવાળા દસ સિક્કાઓ પર વિધી કરવાથી ધન મળશે તેમ કહી ખેતરમાં તેણીને વિધીના બહાને લઇ જઇ અગડમ બગડમની ખોટી વિધી કરી મહિલાના પોણા બે લાખ પડાવી લીધા હતાં. બીજી ઘટનામાં એક વૃધ્ધાને ગઠીયાઓએ એક ભાઇ પાસે દસ રૂપિયાની ત્રણ આઠડાવાળી નોટ છે તેમાં વિધી કરવાથી તમારી જિંદગી બદલી જશે માલામાલ થઇ જશો કહી છેતરીને તેના સાડા ત્રણ લાખ પડાવી લીધા હતાં. પહેલી વિધીમાં ડબ્બામાં રૂપિયા મુકી બંધ કરી થોડા દિવસ પછી ખોલવાનું કહેવાતાં તેમાંથી રૂપિયાને બદલે નાળીયેર નીકળ્યા હતાં. બીજી તરફ ઓનલાઇન ફ્રોડના બનાવમાં રૂપિયા નવ હજાર પાંચસો પચાસના રિવોર્ડ રીડીમ કરવાનું કહી કમાણી કરાવવાના નામે ગઠીયાઓએ મહિલાના સાડા સાત લાખ રૂપિયા પડાવી લીધા હતાં.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો દસ રૂપિયાના સિક્કા પાછળ માતાજી હોય એવા સિક્કા હોય તો વધારે રૂપિયા આપવાની લાલચ આપીને વિધિ કરાવવાના નામે બે મહિલાઓ પાસેથી ઠગ ટોળકીએ ૫.૨૭ લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ મામલે કપુરાઇ અને વાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. વડોદરાના વાઘોડિયા રોડ પર આવેલા વૈકુંઠ -૧માં રહેતા મહિલાએ કપુરાઇ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે આરોપી રીક્ષાવાળો, અશોકભાઇ, અરવિંદભાઇ અને બે અજાણ્યો ઇસમો મારા ઘરે આવ્યા હતા. આરોપીઓએ કહ્યું હતું કે, માસી તમારી પાસે રૂપિયાના સિક્કા પાછળ માતાજી હોય એવા સિક્કા હોય તો તમને પૈસા અપાવીશ, જેથી ૧૦ રૂપિયાનો માતાજીવાળા સિકકો આપ્યો હતો. તે બાદ પુજામાં રોકડા ૬૪૦૦ રૂપિયા મુકાવ્યા હતા.

ત્યારપછી તેઓએ મને જણાવ્યું હતું કે, તમે ૧ લાખ રૂપિયા મુકો તો ૧૦ લાખ રૂપિયા થઈ જશે, જેથી મેં ૧ લાખ રૂપિયા મુક્યા હતા. જે રૂપિયા તેઓ સાથે લઇ ગયા હતા અને ડાકોર પાસે ઓડગામથી રણછોડપુરા ગામની નહેરમાં ખેતરમાં પુજા કરવા બહાને બોલાવી સ્ટીલમાં ડબ્બામાં રૂપિયા મુકી પુજા કરી ડબ્બાને લોક મારી આપ્યા હતા. તે બાદ પુજા વીધી બાકી છે જે વીધી પુરી કરવા ફરી ૨૦ હજાર રૂપિયા તથા પચાસ હજાર રૂપિયા માંગતા તે અશોકભાઈને આપ્યા હતા અને બાદમા ડબ્બો ખોલી જોતા તેમાંથી રોકડને બદલે ત્રણ નાળિયેર નીકળ્યા હતા. ડબ્બામાં રૂપિયા નહોતા. આ ઇસમો ઠગાઇ કરવાના બદઇરાદે રૂપિયા ૧,૭૬,૪૦૦ લઇ ગયા હતા.




### ત્રીજા કિસ્સામાં ઓનલાઇન ફ્રોડમાં રિવોર્ડ રીડીમના નામે મહિલા ડિરેકટર સાથે સાડા સાત લાખની ઠગાઇ

બીજા કિસ્સામા વડોદરા શહેરના માંડવી વિસ્તારમાં રહેતા વૃદ્ધ મહિલાએ વાડી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, આરોપી મહેશ, મહારાજ, ૧૦ રૂપિયાની નોટ વાળા ભાઇ તથા બીજા બે અજાણ્યા ઇસમોએ મારી સાથે છેતરપિંડી કરી છે. હું વડોદરા એસ. ટી. ડેપો ખાતેથી શટલ રીક્ષામાં બેસી ન્યાયમંદિર ઉતરી હતી. રીક્ષાચાલક મહેશભાઇએ મારી પાસેથી મારો મોબાઇલ નંબર લીધો હતો અને ત્રીજા દિવસે ફોન કરીને કહ્યું હતું કે, હું તમારી જીંદગી બનાવી નાખીશ તેમ જણાવી એક ભાઇ પાસે રૂ.૧૦ની ત્રણ આઠડાવાળી નોટ છે. તે નોટ લઈને પુજાવિધી કરાવવાનું જણાવીને માંડવી પુજા નામની દુકાન પાસે બોલાવી હતી અને રૂ.૧૦ની નોટવાળા શખ્સની સાથે મળાવી હતી.ત્યારબાદ તેઓએ ડભોઇ ખાતે વિધી કરાવી પૈસા પાડવાનું જણાવી ત્રીજા નોરતે આરોપી મહેશે ફરી ફોન કરી સોમા તળાવ બોલાવી હતી અને મને આરોપી મહેશ તથા રૂ.૧૦ની નોટવાળા આરોપીભાઇ સાથે ડભોઇ ગયા હતા. ત્યાં પુજા કરવાવાળા મહારાજ અને અન્ય એક આરોપી મળ્યો હતો. જ્યાં વિધી કરી હતી, જેમાં મેં ૮૫૦ રૂપિયા મુક્યા હતા અને મહારાજે વિમલનો થેલો ભરી પૈસા બતાવ્યા હતા અને કહ્યું હતું કે, તમને પૈસા જોઈતા હોય તો ૨.૫૦ લાખ રૂપિયા લઈ આવવા કહ્યું હતું અને ત્યારબાદ આરોપી મહારાજે ફરીને ફોન કરીને ૩.૫૦ લાખ રૂપિયા મંગાવ્યા હતા. એ પછી મહેશે બોરસદ સુર્યમંદિર પાસે ચા વાળાની ઝુંપડી પાસે ફરી બોલાવી હતી, જ્યાં આરોપી મહેશ તથા રૂ.૧૦ની નોટવાળો શખ્સ તથા રીક્ષામાં મહારાજ તથા અન્ય બે અજાણ્યા ભેગા થયા હતા. મહારાજ સ્ટીલનો ડબ્બો લઈને આવ્યો હતો. જેમાં તમામ રૂપિયા નાંખી દેવા કહ્યું હતું અને તે ડબ્બો મને પોતાના ઘરે રાખવા જણાવ્યું હતું અને આશરે એકાદ અઠવાડીયા પછી સ્ટીલનો ડબ્બો ખોલી જોતા ત્રણ નારિયેળ નીકળ્યા હતા અને ડબ્બામાં રૂપિયા નહોતા. આ શખ્સોએ મારી. સાથે ઠગાઇ કરવાના બદ ઇરાદે ૩,૫૦,૮૫૦ રૂપિયાની ઠગાઈ કરી છે.

ત્રીજા બનાવમા ઓનલાઇન ઠગાઇ કરતી ગેંગ દ્વારા હવે રિવોર્ડના નામે ઠગાઇ કરવામાં આવતી હોવાના કિસ્સા બની રહ્યા છે. વડોદરાની એક કંપનીન મહિલા ડિરેક્ટરે રીવોર્ડની રકમ લેવા જતાં રૂપિયા ૭.૫૨ લાખ ગૂમાવ્યા છે. ભાયલી કેનાલ રોડ વિસ્તારમાં રહેતી અને ખાનગી કંપનીમાં ડિરેક્ટર તરીકે ફરજ બજાવતી મહિલાએ પોલીસને કહ્યું છે કે,ગઇ તા.૩ જી જુલાઇએ હું ફિઝિયોથેરાપી માટે ગોત્રી ગઇ હતી ત્યારે અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો અને તમારા રૂપિયા ૯૫૫૦ ના રીવોર્ડ આજે એક્સપાયર થાય છે, રીડીમ કરાવવા હોય તો લિન્ક ઓપન કરો તેમ લખ્યું હતું.

મહિલાએ કહ્યું છે કે,થોડી વારમાં મને એક્સિસ બેન્કના કસ્ટમર કેરમાંથી કોલ આવ્યો હતો અને રૂપિયા ૯૫ હજારનો ટ્રાન્ઝેક્શન કર્યો હોય તો ૧ દબાવો અને ના કર્યો હોય તો ૨ નંબર દબાવવા માટે કહ્યું હતું.જેથી મેં ૨ નંબર દબાવીને એકાઉન્ટ બ્લોક કરાવ્યું હતું. ત્યારબાદ મેં બેન્કની સાઇટ પર જઇ ચેક કરતાં મારા એકાઉન્ટમાંથી ત્રણ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂપિયા ૭.૫૨લાખ ઉપડી ગયા હોવાનું જણાઇ આવ્યું હતું.જેથી સાયબર સેલને જાણ કરતાં પોલીસે ગુનો નોંધ્યો હતો. આમ બે કિસ્સામાં વિધીના નામે અને ત્રીજા બનાવમાં ઓનલાઇન નુસ્ખાનો ઉપયોગ કરી ગઠીયા લાખો ઉસેડી ગયા હતાં.

# વેરા વસુલાત શાખાનો વોર્ડ ૭માં સપાટો

## ૧૫ મિલકતો સીલ, ૪૧.૭૦ લાખની રિકવરી : ૮ મિલકતોને જપ્તી નોટિસ

રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાનગરપાલિકાના વેરા વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૪-૨૫ની રીકવરી ઝુંબેશ વધુ તીવ્ર કરવામાં આવી છે જેમાં ગઈકાલે ૧૫ મિલકતોને સીલ કરવામાં આવી સામે ૮ મિલકતોને જપ્તી નોટિસ આપવામાં આવી હતી. તો સામે ૪૧.૭૦ લાખની રિકવરી કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ વોર્ડ નં-૧ શાસ્ત્રીનગર મેઈન રોડ શેરી નં-૪માં પટેલ ઈન્ટીરીયર પ્રોડક્ટ ને નોટીસ સામે રિકવરી રૂ.૭૦,૦૦૦ની કરવામાં આવી. તો બીજી તરફ વોર્ડ નં-૪માં મોરબી રોડ પર શાનદાર રેસીડેન્સીમાં ગ્રાઉન્ડ ફ્લોર શોપ નં-૧ ને સીલ કરવામાં આવી હતી. વોર્ડ નં-૫માં આવેલ રણછોડનગર સોસાયટીમાં ગુરુકૃપા નજીક ૧-યુનીટ સામે નળ-કનેક્શન કપાત કરતા રિકવરી રૂ.૭૨,૪૪૬ થઈ હતી. સંત કબીર રોડ પર ન્યુ ગાંધી સ્મૃતિ સોસાયટીમાં ૧-યુનિટના નળ-કનેક્શન કપાત સામે રિકવરી રૂ.૪૦,૦૦૦ની થઈ.

કુવાડવા રોડ સેલ પેટ્રોલ પંપ સામે રાજા રણછોડ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૧.૦૩ લાખ. પેડક રોડ પર ટાગોર વિદ્યાલય સામે ઓફીસ નં-૧,૨,૩ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૧.૫૦ લાખની થઈ. બીજી તરફ વોર્ડ નં-૭માં સુભાષરોડ પર સિદ્ધિવિનાયક કોમ્પ્લેક્ષમાં થર્ડ ફ્લોર શોપ નં-૩૦૪ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૧.૯૪ લાખની થઈ. ક વિ નાન્હાલાલ માર્ગ રોડ પર શિરોમણી કોમ્પ-૩માં ફર્સ્ટ ફ્લોર ઓફીસ નં-૧૫ ને સીલ કરવામાં આવી હતી.

કવિ નાન્હાલાલ માર્ગ રોડ પર શિરોમણી કોમ્પ-૩માં સેકંડ ફ્લોર ઓફીસ નં-૪૬ ને સીલ કરવામાં આવી હતી કારણ કે બાકી લેણું રૂ.૧.૦૬ લાખનું હતું. કવિ નાન્હાલાલ માર્ગ રોડ પર શિરોમણી કોમ્પ-૨માં સેકંડ ફ્લોર ઓફીસ નં-૧૫ ને સીલ મારેલ બાકી માંગણું રૂ.૧.૬૩ લાખનું હતું. કવિ નાન્હાલાલ માર્ગ રોડ પર શિરોમણી કોમ્પ-૨માં સેકંડ ફ્લોર ઓફીસ નં-૧૪ ને સીલ મારેલ બાકી માંગણું રૂ.૧.૦૫ લાખ કવિ નાન્હાલાલ માર્ગ રોડ પર શિરોમણી કોમ્પ-૧માં ફર્સ્ટ ફ્લોર ઓફીસ નં-૨૩ને સીલ મારેલ બાકી માંગણું રૂ.૯૭,૬૭૭/-.



કડિયા નવાલીઈનમાં યોગી સ્મૃતિ માં થર્ડ ફ્લોર ઓફીસ નં-૩૦૨ ને સીલ મારેલ બાકી માંગણું રૂ.૧.૨૦ લાખ.કડિયા નવાલીઈનમાં યોગી સ્મૃતિ માં થર્ડ ફ્લોર ઓફીસ નં-૩૦૧ ને સીલ મારેલ બાકી માંગણું રૂ.૩.૩૮ લાખ.પંચનાથ પ્લોટમાં શેરી નં-૧૫ માં રજકણ સેકંડ ફ્લોર ઓફીસ નં-૨૦૭ ને સીલ મારેલ બાકી માંગણું રૂ.૨.૩૯ લાખ. સદર ભીલવાસ વિસ્તારમાં સ્પેકટ્રમ શોપ નં-૨ ને સીલ મારેલ બાકી માંગણું રૂ.૧.૧૦ લાખ.

વોર્ડ નં-૮માં ૧૫૦ ફીટ રીંગરોડ પર નક્ષત્ર-૧ માં ઓફીસ નં-૩૦૨ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૮૬,૧૦૮ની થઈ. કાલાવડ રોડ પર કોટેચા ચોક નજીક અનંત વર્ક સ્પેસ સેકંડ ફ્લોર શો રૂમ નં-૩ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૪.૩૬ લાખની થઈ. ૧૫૦ ફીટ રીંગરોડ પર ભાટિયા સિલ્ક હાઉસ નજીક અ-૧ ભક્તિધામ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૬૩,૬૪૩ની થઈ. કે.કે.વી ચોક નજીક સ્પેસ ઓડીસીમાં ઓફીસ નં-૧૬૦૩ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૭૬,૩૧૪ની થઈ. નાના મૌવા મેઈન રોડ પર પાન એમ્પાયર ફોર્થ ફ્લોર ઓફીસ નં-૪૦૧ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૮૮,૪૭૩ની થઈ . નાના મૌવા મેઈન રોડ પર પાન એમ્પાયર ફોર્થ ફ્લોર ઓફીસ નં-૪૦૩ સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ૧.૩૫ લાખ .

વોર્ડ નં-૧૩માં ગોંડલ રોડ પર જુના જકાતનાકા નજીક રાજકમલ પેટ્રોલ પંપ સામે મુરલીધર મોટર્સ ને નોટીસ સામે રિકવરી રૂ.૯૮,૩૩૦ની થઈ . ગોંડલ રોડ એસ.ટી.વર્કશોપ નજીક મર્સિડિઝ શો રૂમ સામે બ્લુ ડાર્ટ એક્ષ્પ્રેસ્સ લીમીટેડ ને નોટીસ સામે રિકવરી રૂ.૩.૦૦ લાખની થઈ. વોર્ડ નં-૧૪માં ગુંદાવાડી મેઈન રોડ ગોલ્ડ-૭ કોમ્પ્લેક્ષ સામે ૧-યુનિટની નોટીસ સામે રિકવરી રૂ.૮૮,૬૩૫ થઈ.ઢેબર રોડ પર રોયલ કોમ્પ્લેક્ષ ફર્સ્ટ ફ્લોર ઓફીસ નં-૧૦૩ ને સીલ મારેલ બાકી માંગણું ૫૬,૪૧૪ હજુ પણ બાકી.ઢેબર રોડ પર રોયલ કોમ્પ્લેક્ષ ફર્સ્ટ ફ્લોર ઓફીસ નં-૧૨૩ ને સીલ કરવામાં આવી કારણકે બાકી માંગણું ૫૫,૮૧૮ છે.ઢેબર રોડ પર રોયલ કોમ્પ્લેક્ષ સેકંડ ફ્લોર ઓફીસ નં-૨૨૩ ને સીલ મારેલ બાકી માંગણું છે ૬૦,૯૨૨. ઢેબર રોડ પર રોયલ કોમ્પ્લેક્ષ થર્ડ ફ્લોર ઓફીસ નં-૩૦૩ ને સીલ મારેલ બાકી માંગણું ૫૬,૯૮૯નું થયું. ઢેબર રોડ પર રોયલ કોમ્પ્લેક્ષ થર્ડ ફ્લોર ઓફીસ નં-૩૨૮ ને સીલ મારેલ બાકી માંગણું ૧.૦૫ લાખ. વોર્ડ નં-૧૫માં ભાવનગર મેઈન રોડ આજી વિસ્તારમાં ૧-યુનીટને નળ-કનેક્શન કાપવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર મેઈન રોડ આજી વિસ્તારમાં ૧-યુનીટને નોટીસ આપવામાં આવી હતી. વોર્ડ નં-૧૬માં હુડકો વિસ્તારમાં ૨-પૂજા પાર્કમાં મારુતીનગર નજીક ૧-યુનીટને નોટીસ સામે રિકવરી ૨૪, ૯૨૦ની થઈ. ન્યુ સાગર સોસાયટીમાં રાજકોટ-૮ માં ૧-યુનિટની નોટીસ સામે રિકવરી રૂ.૨૦,૧૧૦ની થઈ. વોર્ડ નં-૧૮માં ખોખદ્દડ નદી નજીક વેલનાથ પાર્કમાં શક્તિ પ્રોવિઝન સ્ટોર ને નોટીસ સામે રિકવરી રૂ.૭૮,૫૪૦ની થઈ. કોઠારીયા વિસ્તારમાં અમદાવાદ હાઈવે શ્યામ મંદિર નજીક રામનગર સોસાયટીમાં શેરી નં-૧ માં ૨-યુનિટની સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૧.૨૨ લાખ. કોઠારીયા વિસ્તારમાં ક્રિષ્નાનગર સોસાયટીમાં શિવ શક્તિ ગેરેજ સ્ટ્રીટમાં ૧-યુનિટની સામે સીલની કાર્યવાહી કરતા રિકવરી રૂ.૫૪,૫૬૦ની થઈ.

# શિયાળુ પાકો માટે સરકાર પૂરું પાડશે સિંચાઈનું પાણી

### સરદાર સરોવર સહિત ગુજરાતના ૨૦૭ જળાશયોમાં ૮૮ ટકા એટલે કે, ૭.૮૫ લાખ MCFTથી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ

રાજકોટ, તા. ૧૮

પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતો નિશ્ચિંત થઈને શિયાળુ પાકોનું વાવેતર કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને પૂરતા પ્રમાણમાં સિંચાઈ માટે પાણી ઉપલબ્ધ કરાવવામાં આવશે. હાલ ગુજરાતના તમામ જળાશયોમાં પાણીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.



ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં ચર્ચાયેલા મુદ્દાઓ અંગે પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે વિગતવાર માહિતી આપી હતી. તેમણે આ સંદર્ભે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ચાલુ વર્ષ ૨૦૨૪ દરમિયાન થયેલા સાર્વત્રિક વરસાદના પરિણામે સરદાર સરોવર સહિત રાજ્યના મુખ્ય ૨૦૭ જળાશયોમાં પાણીની મબલખ આવક થઇ છે. હાલ ગુજરાતના ૨૦૭ જળાશયની કુલ સંગ્રહ ક્ષમતા સામે ૮૮ ટકા જેટલો એટલે કે, ૭.૮૫ લાખ MCFTથી વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ છે, જે ગત વર્ષની સરખામણીએ ૪ ટકા વધુ છે. વિસ્તારવાર જોઈએ તો, ઉત્તર ગુજરાતના જળાશયોમાં ૬૫ ટકા, મધ્ય ગુજરાતના જળાશયોમાં ૯૨ ટકા, દક્ષિણ ગુજરાતના જળાશયોમાં ૯૧ ટકા, સૌરાષ્ટ્રના જળાશયોમાં ૮૬ ટકા અને કચ્છના જળાશયોમાં ૬૨ ટકા જેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર જળાશયમાં પણ ૯૦ ટકા જેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. રાજ્યના જળાશયોની પરિસ્થિતિને ધ્યાને લેતા સિંચાઈ માટે પૂરતા પ્રમાણમાં પાણી ઉપલબ્ધ હોવાથી ખેડૂતોને શિયાળુ પાકના વાવેતરમાં સુગમતા રહેશે, તેમ પ્રવક્તા મંત્રીએ વધુમાં ઉમેર્યું હતું.

દારૂબંધી ધરાવતા ગુજરાતમાં દારૂની સાથે સાથે કરોડોનો માદક પદાર્થ પણ પકડાય છેઃ લેન્ડીંગ માટે હબ બન્યું

# કચ્છમાં અગિયાર માસમાં ૧૧૩ કરોડનું ડ્રગ્સ ઝડપાયુ

## સમગ્ર ગુજરાતમાં પાંચ વર્ષમાં સિત્તેર હજાર કરોડનું ડ્રગ્સ પકડી ૧૦૦થી વધુ વિદેશીઓને દબોચાયાઃ ઈરાન, અફઘાનીસ્તાન, પાકિસ્તાનમાંથી ગુજરાતની દરિયાઇ સીમા મારફતે ઘુસાડાય છે ડ્રગ્સઃ કંડલા, મુન્દ્રા, પીપાવાવ ગાંધીધામ, પોરબંદર વગેરે બંદરો હેરાફેરી માટે માફીયાઓના ફેવરીટ

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૮**

રાજકોટઃ દારૂબંધી ધરાવતાં ગુજરાત રાજયમાં હવે માદક પદાર્થનો નશો કરનારાઓમાં પણ ચિંતાજનક રીતે વધારો થયો છે. આ દૂષણને ડામવા પોલીસ સતત પ્રયાસો કરે છે. બીજી તરફ ગુજરાતના દરીયાકિનારાઓ પર સતત ડ્રગ્સની હેરાફેરી પકડાઇ રહી છે. અલગ અલગ એજન્સીઓએ કરોડો અબજોનું ડ્રગ્સ પકડ્યું છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતના દરિયાકિનારે અને બંદરો પરથી અંદાજે સિત્તેર હજાર કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું છે. આ ડ્રગ્સ સાથે સોથી વધારે પાકિસ્તાની અને ઈરાની નાગરિકોની ધરપકડ કરાઈ છે. આ વર્ષના જાન્યુઆરીથી નવેમ્બર સુધી માત્ર કચ્છ પોલીસે જ ૧૧૩.૫૬ કરોડ રૂપિયાનું ડ્રગ્સ કબ્જે કરીને એકસઠ ડ્રગ્સ માફિયા અને ડ્રગ્સ પેડલરની ધરપકડ કરી છે.

ચોંકાવનારા આંકડાઓ સામે આવ્યા છે તેની વિગતો પર નજર કરીએ તો જાન્યુઆરીથી નવેમ્બર ૨૦૨૪ દરમિયાન પૂર્વ અને પશ્ચિમ કચ્છમાંથી પોલીસે ૧૧૩.૫૬ કરોડનું ડ્રગ્સ કબ્જે કરીને ૬૧ ડ્રગ્સ માફિયા અને ડ્રગ્સ પેડલરની ધરપકડ કરી છે. કચ્છ પોલીસ વડા ચિરાગ કોરડિયાએ જણાવ્યું હતું કે કચ્છના બોર્ડર એરીયા અને દરિયાઈ સીમા તરફ જતા અને આવતા શંકાસ્પદ માણસોની તપાસ અને સવેલન્સ પણ ચાલી રહ્યું છે તેથી છેલ્લા કેટલાક સમયથી ડ્રગ્સ માફિયા મોટા પ્રમાણમાં પકડાઈ રહ્યા છે.

બીજી તરફ આ મામલે નાર્કોટિક્સના ટોચના સૂત્રોએ જણાવ્યું કે ગુજરાતમાં ૨૦૨૦માં ૫૯૫૬ કરોડ રૂપિયા રૂપિયાનું અને ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ એમ બે મોટી ખેપ પકડાઈ હતી.

૨૦૨૧માં ૨૧,૦૦૦ કરોડ રૂપિયાનું અને ૩ હજાર રૂપિયાનું એમ ૨ ડ્રગ્સની બે મોટી ખેપ ઝડપાઈ હતી. ૨૦૨૨માં એક સાથે ૨૦૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું હતું. ત્યાર બાદ ત્રણ અલગ અસગ રેડમાં તબક્કાવાર ૫૦૦ કરોડ રૂપિયા, ૭૦૦ કરોડ રૂપિયા અને એક હજાર કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડાયું હતું.



આ ઉપરાંત વર્ષ ૨૦૨૩માં ૫૦૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ ઝડપાયું હતું. જ્યારે વર્ષ ૨૦૨૪ની શરૂઆતમાં જ ડીઆરઆઈ અને એટીએસની ટીમ દ્વારા કલકત્તાના એક પોર્ટ પરથી ગુજરાતમાં લવાતું ૨૦૦ કરોડ રૂપિયાથી વધારેનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું. ત્યાર પછી કોસ્ટગાર્ડની મદદથી એટીએસ અને એનસીબીની ટીમે ૭૦૦ કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત કર્યું હતું. અંકલેશ્વરની ફાર્માસ્યુટિકલ કંપની માંથી ૫૦૦૦ કરોડનું કોકેન પણ જપ્ત કર્યું હતું.

ગુજરાતમાં કંડલા, મુન્દ્રા, પીપાવાવ ગાંધીધામ, પોરબંદર વગેરે બંદરો ડ્રગ માફિયાઓનાં હોટ ફેવરીટ બની ગયાં છે.

ઈન્ટરનેશનલ ડ્રગ્સ માફિયાઓએ ગુજરાતના પોર્ટ અને દરિયાકિનારાને ડ્રગ્સની હેરાફેરીનું સેન્ટર બનાવી દીધું છે. ઈરાન, અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાંથી આવતા ડ્રગ્સને ગુજરાતની દરિયાઈ સીમામાંથી ઘૂસાડાય છે અને પછી દેશમાં અન્ય કોઈ ઠેકાણે આ ડ્રગ્સની ડીલીવરી કરાય છે.

ડ્રગ્સની હેરાફેરી અને પકડાઇ રહેલા જથ્થા મામલે એનસીબીના ભૂતપૂર્વ ઈન્ટેલિજન્સ અધિકારી અને નાર્કોટિક્સના નિષ્ણાત મોહનીશ ભલાએ જણાવ્યું કે ગુજરાતનો દરિયાકિનારો ડ્રગ્સ માફિયા માટે સોફ્ટ સ્પોટ હતું અને હવે ડ્રગ્સના લેન્ડિંગ માટેનું હબ બનતું ગયું છે. ગુજરાતના બંદરો અને દરિયાઈ સીમામાં ઘૂસાડાયેલા ડ્રગ્સની દેશના અન્ય પોર્ટ ઉપર અથવા તો દરિયામાં અધવચ્ચે ડિલિવરી કરાતી હોય છે અને તેને ખાનગી જગ્યાએ છુપાવી દેવામાં આવે છે. અફઘાનિસ્તાનથી આવતું ચરસ સુગર કોકેન હાઈ ક્વોલીટીનું હોય છે અને તે ઈરાન થઈને વાયા કરાચી થઈ ગુજરાતના દરિયાકાંઠેથી પસાર કરાવીને બીજા દેશો સુધી પહોંચાડાય છે. આમ ગુજરાતમાં હજારો કરોડોનું ડ્રગ્સ જે તે નક્કી કરેલા સ્થળે પહોંચે એ પહેલા પકડી લેવામાં સફળતા મળી હતી.

મોરબી જિલ્લા પોલીસ SIT: એક દૂરંદેશી પહેલ

# મોરબીમાં વેપારીઓના ફસાયેલા નાણા પરત અપાવતી SIT

## નાનામાં નાના વેપારીથી લઇને ઉદ્યોગપતિઓને સહયોગ અને વેપારને રક્ષણ-સંવર્ધન માટે CM હંમેશા તત્પર: હર્ષ સંઘવી

રાજકોટ, તા. ૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં ઉદ્યોગકારોને સુરક્ષિત અને સલામત વાતાવરણ મળી રહ્યુ છે. ત્યારે સમગ્ર વિશ્વમાં આગવી ઓળખ ધરાવતી મોરબી સીરામીક ઇન્ડસ્ટ્રીમાં ઉદ્યોગકારોને વિશ્વાસમાં લઈને થતી છેતરપિંડી અટકાવવા તથા ફસાયેલા નાણાં પરત અપાવવા સહિતની કાર્યવાહી માટે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં મોરબી જિલ્લા પોલીસ SIT (સ્પેશ્યલ ઇન્વેસ્ટીગેશન ટીમ) ની રચના કરવામાં આવી હતી. આ S.I.T. દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ દ-રમિયાન મોરબી સીરામીક તથા અન્ય ઉદ્યોગોના વેપારીઓના ફસાયેલા રૂ.૧૯ કરોડથી વધુ નાણા પરત કરી પ્રશંસનીય કામગીરી કરવામાં આવી છે.





વેપારીઓના ફસાયેલા નાણાં પરત કરાવવામાં એક્સ્ટ્રા ફોર્સ સાથે આગામી સમયમાં એક મહિનાની મેગા ડ્રાઇવ ચલાવવામાં આવશે






ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યુ કે, કરોડોનો ઉદ્યોગ અને લાખોની રોજગારી પુરી પાડવાની સાથે દેશમાં સૌથી ઝડપી વિકાસ પામનાર શહેર મોરબી છે, જે ગુજરાતનું હ્રદય છે. મોરબીના સૌ નાનામાં નાના વેપારીથી લઇને ઉદ્યોગપતિઓને તમામ પ્રકારનો સહયોગ આપી વેપાર-ઉદ્યોગને રક્ષણ આપવા સહિત જરૂરી બળ પુરૂ પાડવા શ્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર હંમેશા તત્પર છે.મંત્રીએ કહ્યુ કે, વેપારીઓને તાત્કાલીક પોલીસ મદદ મળે તેમજ તેમની ફરીયાદ અને રજુઆતો બાબતે ઝડપી કાર્યવાહી થાય તે માટે એક વર્ષ પહેલા રચાયેલી જીંઝથી વેપારીઓને રક્ષણ તો મળ્યુ જ છે, સાથે સાથે SITની ટીમ કેરલ, મહારાષ્ટ્ર, તામિલનાડુ, કર્ણાટક, આંધ્રપ્રદેશ સહિતના વિવિધ રાજ્યોમાં આ તપાસ માટે પહોંચી ચુકી છે. જેને પરિણામે હવે ચીટર ટોળકીઓમાં ગભરાટ ઉભો થઇ ગયો છે અને ગુજરાતના વેપારીઓના ફસાયેલા રૂપીયા પરત આવવા લાગ્યા છે. હર્ષ સંઘવીએ વેપારીઓને વિશ્વાસ આપતા કહ્યુ કે, હજુ જે વેપારીઓના પૈસા ફસાયેલા છે અને અરજીઓ એસ.આઇ.ટી પાસે પેન્ડીંગ છે, તેના નિરાકરણ માટે આગામી સમયમાં એક મહિનાની મેગા ડ્રાઇવ ચલાવવામાં આવશે. એક્સ્ટ્રા ફોર્સ સાથે ટીમોને અલગ-અલગ રાજ્યોમાં તપાસ માટે મોકલી સૌ વેપારીઓના ફસાયેલા નાણાં પરત કરાવવામાં આવશે. સાથે સાથે મંત્રીશ્રીએ વેપારીઓને સલાહ આપતા કહ્યુ હતું કે, ધંધાની લાલચમાં એવા કોઇ ચીટર વેપારીઓને માલ ન આપવો જેના કારણે ભવિષ્યમાં રૂપિયા ફસાઇ જાય. પોલીસ તંત્ર વેપારીઓના સહયોગમાં જ છે પરંતુ કેટલીક તકેદારી વેપારીઓએ પણ રાખવી જોઇએ.

એસ.આઈ.ટી.ની રચના બાદ વેપારીઓ-ઉદ્યોગપતિઓના ફસાયેલા નાણા બાબતે અલગ અલગ રાજ્યના કુલ ૪૦૮ એકમો વિરુધ્ધ ૧૦૩ અરજીઓ એસ.આઇ.ટીને મળી હતી. જેને ધ્યાને લઈ તાત્કાલિક ધોરણે કામગીરી શરૂ કરી દેવામાં આવી અને સિરામિક ઉદ્યોગ સહિતના ઉદ્યોગોના વિવિધ નાણાકીય વ્યવહારોમાં ફસાયેલા રૂ.૧૯ કરોડથી વધુ નાણા પરત કરાવી SITએ વેપારીઓનો વિશ્વાસ જીત્યો છે. વેપારીઓને તાત્કાલીક પોલીસ મદદ મળી રહે અને વેપારીઓના રૂપિયા પરત મળતા થાય તેમજ તેમની ફરીયાદ અને રજુઆતો બાબતે ઝડપી કાર્યવાહી થાય તે માટે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ મોરબી જિલ્લા પોલીસ અધિક્ષકના અધ્યક્ષ સ્થાને એસ.આઇ.ટીની રચના તા.૧૯મી મે-૨૦૨૩ના રોજ કરી હતી. SITની રચનાથી વેપારીઓને મળેલી સલામતીને પરિણામે મોરબીના વિવિધ ઉદ્યોગ એસોસિયેશનના પ્રતિનિધિઓ તેમજ વેપારીઓ દ્વારા સૌ વેપારીઓ-ઉદ્યોગપતિઓ વતી ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી તેમજ રાજકોટ રેન્જ ડી.આઇ.જી તેમજ મોરબી એસ.પીનું અભિવાદન-સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય દુર્લભજી દેથરીયા, પ્રકાશભાઈ વરમોરા, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.કે. દાસ, રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય, રાજકોટ રેન્જ ડીઆઈજી અશોક કુમાર, મોરબી જિલ્લા પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી તેમજ વિવિધ ઉદ્યોગ એસોસિયેશનના પ્રતિનિધિઓ તેમજ વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# સટીક ઈલાજ

## ટ્રાફિક પ્રશ્ને ગૃહ મંત્રીનો આકરો મિજાજ : અધિકારીઓ...



૩૬૫ દિવસ પોલીસ ડ્રાઇવ ચલાવો, ઓવર સ્પીડિંગ, રોંગ સાઈડ ચાલતા વાહનો તથા રોડને રેસિંગ ટ્રેક સમજતા લોકોને ઝડપીને દંડ ફટકારવાને બદલે સીધા જેલ ભેગા કરો..

આ શબ્દો ગુજરાતના ગૃહરાજ્ય પ્રધાન હર્ષ સંઘવીના છે. અમદાવાદમાં ટ્રાફિક વિભાગ દ્વારા શોર્ટ ફિલ્મ સ્પર્ધા યોજાઈ હતી. જેના સમારોહમાં ડીજીપી, સીપી સહિતના ટોચના અધિકારીઓની ઉપસ્થિતિમાં અર્થ સંઘવીએ ટ્રાફિક સમસ્યા અંગે જોરદાર ફટકાર લગાવીને સટીક ઈલાજ આપ્યો હતો.

માત્ર અમદાવાદમાં જ નહીં સમગ્ર ગુજરાતમાં ટ્રાફિકનો પ્રશ્ન જડબા ફાડીને અટ્ટહાસ્ય કરે છે. ટ્રાફિક તંત્ર માત્રને માત્ર મનસ્વી કાર્યવાહી કરે છે. મનફાવે ત્યારે હેલ્મેટનું ગતકડું ચલાવે, મન ફાવે ત્યારે કાળા કાચની કાર્યવાહી કરે. મોટાભાગની કાર્યવાહીના માત્ર બે જ ઉદ્દેશ હોય છે, દંડ વસૂલવો અથવા સેટીંગ કરવું.

ટ્રાફિકની સમસ્યાનો કાયમી ધોરણે નિરાકરણ કરવાની વૃત્તિ કે ઈચ્છા શક્તિ રહી જ નથી. મનફાવે ત્યારે રૌફ જમાવવો અને રગશિયું ગાડું ચાલવા દેવું એ જ નીતિ રહી છે. આડેધડ ટ્રાફિકથી સામાન્ય લોકો ત્રાહિમામ થઈ ગયા છે. દરરોજ અકસ્માતોમાં અનેકના જીવ જાય છે.

રાજકોટમાં સ્થિતિ પણ ભયાનક છે. ટ્રાફિક સમસ્યાના નિવારણ માટે ઓવરબ્રિજ બન્યા પણ ટ્રાફિક મેનેજમેન્ટના અભાવે મોટાભાગના માર્ગો પર સમસ્યા યથાવત રહી છે. અવારનવાર આડેધડ પાર્કિંગ માટે ડ્રાઇવ થાય છે. જેમાં સામાન્ય વાહન ચાલકો જ દંડાય છે. મોટા માથા કાયમ ખુલ્લેઆમ પાર્કિંગ કરે છે તેની સામે કોઈ કાર્યવાહી થતી નથી.

આક્રમક રણનીતિના અભાવે મગજ વગરના ટાબરિયા માર્ગો પર ખુલ્લેઆમ સ્ટંટ કરે છે. ક્યારેક પકડાય તો દંડ લઈને કે સેટિંગ કરીને છોડી દેવામાં આવે છે. રાજકોટમાં ઓટો રીક્ષા ચાલકો અને ડમ્પરો માટે તો કોઈ નિયમ જ ન હોય તેમ લાગે છે. તેની પાસેથી ઓછામાં ઓછો દંડ વસૂલાય છે. સામૂહિક સેટિંગ હોઈ શકે છે.

હર્ષ સંઘવીએ જાહેરમાં અધિકારીઓને આદેશ આપતા કહ્યું કે માર્ગોને રેસિંગ ટ્રેક સમજનારા લોકોને તો પકડીને સીધા જેલમાં પૂરો. પાટી હાથમાં રખાવીને ફોટા પડાવો, દસ દિવસ અંદર રહેશે તો સુધરી જશે. આવા આદેશો દર્શાવે છે કે ગુજરાત સરકાર સમસ્યાનો ઉકેલ લાવવા સટીક રણનીતિ ઈચ્છે છે. આ માટે ગૃહ મંત્રીએ આદેશો આપ્યા છે.

સૌથી મોટો સવાલ એ છે કે અધિકારીઓ માનશે ખરા ? ગુજરાતના ટ્રાફિક તંત્રને હાઈકોર્ટે અસંખ્ય વખત ખખડાવીને આદેશો આપ્યા છે પરંતુ નીંભર તંત્ર એ ટ્રાફિક વ્યવસ્થામાં સુધારો કર્યો નથી. ટ્રાફિક તંત્ર દંડ વસૂલવા કે સેટિંગ કરવાથી વિશેષ કંઈ કરતુ નથી, તેની વૃત્તિ સામે જ મોટા સવાલો ઊઠે છે. વૃત્તિ અંગે તપાસ યોજાય તો ગામેગામ મોટા ભાંડા ફૂટે તેમ છે.

અધિકારીઓને જવાબદારી ફિક્સ કરવી જરૂરી છે. જે તે એરિયામાં ટ્રાફિક અવ્યવસ્થા થાય તો અધિકારીને જવાબદાર ગણાવીને સખત પગલા ભરવા જરૂરી છે.


॥ પ્રેમભકિતના હસ્તાક્ષરે ॥

વિશ્વાસ એવી વ્યક્તિ પર ના કરો,
જેની લાગણી સમય સાથે
બદલાય,
પણ વિશ્વાસ એવી વ્યક્તિ
પર કરો,
કે સમય બદલાય પરિસ્થિતિ
બદલાય
પરંતુ તેની લાગણી ક્યારેય ન
બદલાય...



શાસ્ત્રી ભકિતપ્રકાશ દાસજી
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ મેંદરડા / ખીરસરા
પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા




# ચીને વધાર્યું ટેન્શન : ડોકલામ આસપાસ ૨૨ ગામો વસાવ્યા

## રિપોર્ટ અનુસાર ચીને લગભગ ૭ હજાર લોકોને અહીં કર્યા છે શિફ્ટ : સિલિગુડી કોરિડોરની સુરક્ષા સામે ખતરો

નવીદિલ્હી, તા. ૧૮

ચીન પોતાની રણનીતિથી હટી રહ્યું નથી. એક તરફ, તે વાસ્તવિક નિયંત્રણ રેખા (ક્અઈ) પર ભારત સાથે કરારોને અનુસરવાની વાત કરી રહી છે. બીજી તરફ તે ડોકલામની આસપાસના ગામોને વસાવવામાં વ્યસ્ત છે. સેટેલાઇટ તસવીરોએ ચીનની આ યુક્તિનો ખુલાસો કર્યો છે. તમને જણાવી દઈએ કે ચીને છેલ્લા આઠ વર્ષમાં ભૂટાનના પરંપરાગત વિસ્તારમાં ઓછામાં ઓછા ૨૨ ગામો અને વસાહતો બનાવી છે. ૨૦૨૦ થી, ડોકલામ ઉચ્ચપ્રદેશની નજીક આઠ ગામો બનાવવામાં આવ્યા છે. ભૂટાનના પશ્ચિમ વિસ્તારમાં સ્થિત આ આઠ ગામો ડોકલામ નજીક વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ સ્થાનો પર બાંધવામાં આવ્યા છે. આ ગામો એક ખીણને અડીને આવેલા છે, જેને ચીન પોતાનો હોવાનો દાવો કરે છે. આમાંના ઘણા ગામો ચીનની સૈન્ય ચોકીઓ પાસે આવેલા છે. આ ૨૨ ગામોમાંથી સૌથી મોટા ગામનું નામ જીવુ છે, જે ત્સેથાંખા પર સ્થિત છે, જે એક પરંપરાગત ભૂટાની ઘાસની જમીન છે. આ ગામડાઓનું નિર્માણ ભારત માટે ચિંતાનું કારણ બની ગયું છે. ડોકલામમાં ચીનની સ્થિતિ મજબૂત થવાને કારણે સિલિગુડી કોરિડોરની સુરક્ષા સામે ખતરો ઉભો થઈ શકે છે, જેને 'ચિકન નેક' પણ કહેવામાં આવે છે. આ કોરિડોર મુખ્ય ભૂમિ ભારતને ઉત્તર-પૂર્વના રાજ્યો સાથે જોડે છે. તમને જણાવી દઈએ કે અત્યાર સુધી ભારતના વિદેશ મંત્રાલય તરફથી આ અંગે કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. તાજેતરના વર્ષોમાં ભૂટાનના અધિકારીઓએ ભૂટાનની પ્રાદેશિક સાર્વભૌમત્વનું ઉલ્લંઘન કરતી ચીન દ્વારા કરાયેલી વસાહતોને નકારી કાઢી છે. ૨૦૨૩ માં, ભૂટાનના ભૂતપૂર્વ વડા પ્રધાન લોટે શેરિંગે બેલ્જિયમના એક અખબારને કહ્યું હતું કે આ ચાઈનીઝ ઠેકાણા ભૂટાનમાં નથી. ભૂટાને આ મુદ્દે કોઈ પ્રતિક્રિયા આપી નથી.

સેટેલાઇટ તસવીરોથી જાણવા મળ્યું છે કે ચીને છેલ્લા આઠ વર્ષમાં ભૂટાનના આ પરંપરાગત વિસ્તારમાં ઓછામાં ઓછા ૨૨ ગામો અને વસાહતો બનાવી છે. ડોકલામની આસપાસના ગામોને વસાવવાની પ્રક્રિયા ૨૦૨૦થી ચાલુ છે. અત્યાર સુધીમાં અહીં ૮ ગામો વસાવવામાં આવ્યા છે. ભૂટાનના પશ્ચિમ વિસ્તારમાં બનેલા આ ગામો વ્યૂહાત્મક રીતે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ ગામો એક ખીણને અડીને આવેલા છે, જેના પર ચીન પોતાનો અધિકાર દાવો કરે છે. ચીનની સૈન્ય ચોકીઓ અહીંથી ઘણી નજીક છે.ચીને બનાવેલા ૨૨ ગામોમાંથી સૌથી મોટા ગામનું નામ જીવુ છે, જે પરંપરાગત ભૂટાની ઘાસના મેદાન ત્સેથાંખા પર સ્થિત છે. ચીનના આ પગલાથી ભારતનો તણાવ વધી ગયો છે. આ ક્ષેત્રમાં ચીનની સ્થિતિ મજબૂત થવાને કારણે સિલિગુડી કોરિડોર (જેને ચિકન નેક તરીકે પણ ઓળખવામાં આવે છે)ની સુરક્ષા જોખમમાં આવી શકે છે. આ કોરિડોર ભારતને ઉત્તર-પૂર્વના રાજ્યો સાથે જોડે છે.વર્ષ ૨૦૧૭માં ડોકલામમાં ભારત અને ચીનની સેનાઓ વચ્ચે ૭૩ દિવસ સુધી અથડામણ રહી હતી. રસ્તાઓ અને અન્ય સુવિધાઓના નિર્માણને રોકવા માટે ભારતે ત્યાં દરમિયાનગીરી કરી હતી. જો કે અંતે બંને દેશોની સેનાઓ પીછેહઠ કરી હતી. હવે છેલ્લા કેટલાક સમયથી ચીને ફરી એકવાર ડોકલામની આસપાસના ગામડાઓમાં બાંધકામની ગતિવિધિ વધારી છે. તાજેતરના વર્ષોમાં, ભૂટાનના સત્તાવાળાઓએ ભૂટાનના પ્રદેશમાં ચીની વસાહતોની હાજરીનો ઇનકાર કર્યો હતો. સ્કૂલ ઓફ ઓરિએન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝના રિસર્ચ ફેલો રોબર્ટ બાર્નેટના તાજેતરના અહેવાલ મુજબ, ૨૦૧૬ થી, જ્યારે ચીને પ્રથમ વખત ભૂટાનનો ભાગ ગણાતા વિસ્તારમાં એક ગામ બનાવ્યું, ત્યારે ચીની સત્તાવાળાઓએ અંદાજિત ૨,૨૮૪ રહેણાંક બાંધકામો બાંધ્યા છે. એકમો સાથે ૨૨ ગામો અને ગામો પૂર્ણ થયા છે. રિપોર્ટ અનુસાર ચીને લગભગ ૭ હજાર લોકોને અહીં શિફ્ટ પણ કર્યા છે.

## દિલ્હી વિધાનસભા ચૂંટણી પૂર્વે અરવિંદ કેજરીવાલનો હુંકાર




### અમીર અને ગરીબ દરેકની સારવાર કરવામાં આવશે, ખર્ચની કોઈ મર્યાદા નથી, જે પણ ખર્ચ થશે તે દિલ્હી સરકાર આપશે

રાજકોટ, તા. ૧૮

દિલ્હીમાં વિધાનસભા ચૂંટણી પહેલા આમ આદમી પાર્ટી (અઅ઼) એ વધુ એક મોટું વચન આપ્યું છે. અઅ઼ના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે બુધવારે પાર્ટી હેડક્વાર્ટરમાં કહ્યું કે જો ચૂંટણી પછી તેમની સરકાર બનશે તો 'સંજીવની યોજના' શરૂ કરવામાં આવશે. આ યોજના હેઠળ ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના તમામ વૃદ્ધોને મફત સારવારની સુવિધા પૂરી પાડવામાં આવશે. કેજરીવાલે પાર્ટી હેડક્વાર્ટરમાં કહ્યું કે જો તેમની પાર્ટી ચૂંટણી બાદ સરકાર બનાવે છે તો આ સ્કીમ પસાર કરવામાં આવશે. પૂર્વ સીએમએ કહ્યું, 'દિલ્હીમાં ૬૦ વર્ષથી વધુ ઉંમરના તમામ વૃદ્ધોને મફત સારવાર આપવામાં આવશે. તમે સરકારી હોસ્પિટલમાં સારવાર કરાવો કે પ્રાઈવેટ, તેનો સંપૂર્ણ ખર્ચ સરકાર ઉઠાવશે. આમાં ઇ઼઼, અ઼઼ મર્યાદા રહેશે નહીં. અમીર અને ગરીબ દરેકની સારવાર કરવામાં આવશે. ખર્ચની કોઈ મર્યાદા નથી, જે પણ ખર્ચ થશે તે દિલ્હી સરકાર આપશે.' યોજનાના નામકરણ અંગે કેજરીવાલે કહ્યું કે, રામાયણમાં એક કથા છે, જ્યારે લક્ષ્મણજી બેહોશ થઈ ગયા ત્યારે હનુમાનજી સંજીવની લઈને આવ્યા હતા.

અરવિંદ કેજરીવાલના આ પગલાને પ્રધાનમંત્રી આયુષ્માન યોજનામાં કાપ તરીકે જોવામાં આવી રહ્યું છે. તાજેતરમાં, આ યોજના હેઠળ, કેન્દ્ર સરકારે ૭૦ વર્ષથી વધુ ઉંમરના તમામ વૃદ્ધોને ૫ લાખ રૂપિયાનો સ્વાસ્થ્ય વીમો આપ્યો છે. દિલ્હીની 'આપ' સરકારે પ્રધાનમંત્રી આયુષ્માન યોજના લાગુ કરી નથી. ભાજપ આ મુદ્દે આક્રમક છે અને દિલ્હીના વડીલોને કહેવામાં વ્યસ્ત છે કે અઅ઼ સરકારે તેમને આ સુવિધાથી વંચિત રાખ્યા છે. આ પહેલા અરવિંદ કેજરીવાલે આગામી વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને બે મોટી જાહેરાતો કરી છે. એક તરફ ઓટો ચાલકોને મદદ કરવા માટે 'પાંચ ગેરંટી' આપવામાં આવી છે, તો બીજી તરફ દિલ્હીની મહિલાઓને આર્થિક સહાયની જાહેરાત કરવામાં આવી છે. અઅ઼એ વચન આપ્યું છે કે જો દિલ્હીમાં તેમની સરકાર બનશે તો દરેક મહિલાને ૨૧૦૦ રૂપિયાની માસિક સહાય આપવામાં આવશે.

પાર્ટી ફરી એકવાર દિલ્હી ચૂંટણીમાં 'ફ્રી રેવ્સ'ને મુખ્ય મુદ્દો બનાવવાનો પ્રયાસ કરી રહી છે. અરવિંદ કેજરીવાલ પોતે દરેક સભામાં ગણતરી કરવાનું ભૂલતા નથી અને તેઓ જનતાને કઈ કઈ મફત સુવિધાઓ પૂરી પાડી રહ્યા છે તેની કૂચ કરવાનું ભૂલતા નથી. તેઓ ૨૦૦ યુનિટ મફત વીજળી, મફત પાણી, મફત સારવાર જેવી ૬ સુવિધાઓને '૬ રેવડી' કહે છે અને કહે છે કે ૭મી રેવડી મહિલાઓને આર્થિક સહાય સ્વરૂપે આવી રહી છે.

જ્યાં એક તરફ અઅ઼ દિલ્હીમાં સતત ચોથી જીત માટે જનતાને નવા-નવા વાયદાઓ કરી રહી છે, તો બીજી તરફ તેણે પહેલા ઉમેદવારોની જાહેરાત પણ કરી દીધી છે. પાર્ટીએ તમામ ૭૦ સીટો પર પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે. ૧૦ વર્ષના સત્તા વિરોધી પરિબળને ઘટાડવા માટે, કેજરીવાલે તેમના ૨૦ ધારાસભ્યોની ટિકિટ પણ રદ કરી દીધી છે. તે જ સમયે, મનીષ સિસોદિયા અને રાખી બિરલાન જેવા મોટા નેતાઓએ તેમની બેઠકો બદલવામાં ખચકાટ અનુભવ્યો ન હતો.

## MSP ને લઈ ખેડૂતોએ કર્યા ધરણા : રેલ રોકી

### વિવિધ માંગણીઓના સમર્થનમાં હજુ પણ હાથ ધરાશે વિરોધ

નવીદિલ્હી, તા. ૧૮

પંજાબમાં બુધવારે ઘણી ટ્રેનોની અવરજવરને અસર થઈ હતી કારણ કે ખેડૂતોએ પાક પર એમએસપીની કાયદેસર ગેરંટી સહિતની વિવિધ માંગણીઓના સમર્થનમાં તેમના ત્રણ કલાકના 'રેલ રોકો' વિરોધના ભાગરૂપે ટ્રેક પર ધરણા કર્યા હતા. ખેડૂત નેતા સર્વન સિંહ પંઢેરના જણાવ્યા અનુસાર, સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મજદૂર મોરચા દ્વારા આયોજિત વિરોધ, બપોરે ૧૨ વાગ્યે શરૂ થયો હતો, જે રાજ્યના ૨૩ જિલ્લામાં બપોરે ૩ વાગ્યે સમાપ્ત થશે. ખેડૂતો, સંયુક્ત કિસાન મોરચા (બિન-રાજકીય) અને કિસાન મજદૂર મોરચાના બેનર હેઠળ, ૧૩ ફેબ્રુઆરીથી પંજાબ અને હરિયાણા વચ્ચેના શંભુ અને ખનૌરી બોર્ડર પોઇન્ટ પર કેમ્પ કરી રહ્યા છે, જ્યારે તેમની દિલ્હી તરફની કૂચ સુરક્ષા દળો દ્વારા અટકાવવામાં આવી હતી. ૧૦૧ ખેડૂતોના ''જાથા'' (જૂથ) એ ૬ ડિસેમ્બર, ૮ ડિસેમ્બર અને ફરીથી ૧૪ ડિસેમ્બરે દિલ્હીમાં પગપાળા પ્રવેશવાના ત્રણ પ્રયાસો કર્યા.




સદગુરૂ કૃપા હી કેવલમ્...

# ચિંતનની ક્ષણે

## હકારાત્મક જીવન માટે નરસિંહનું ''જે ગમે જગતગુરુ જગદીશ ને ! એક ઉત્તમ વિચાર



હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. નરસિંહ જાગૃતિનાં કવિ છે, અને હમણાં ગુરુવારે પ્રાર્થનાનાં દોરમાં એના પર લખવાનું હોવાથી વહેલા જગાડી દે છે. આજે પણ એના વિશે અંતરમાં જો ચિંતન થાય તો વ્યક્તિ જાગૃત થઈ શકે, એટલી તીવ્રતા તેનામાં છે. આજકાલ જીવનમાં સૌ નિરાશ થઈ ગયા છે, કારણ કે કોઈને આવતીકાલ ઉજળી દેખાતી નથી. ત્યારે હકારાત્મકતા તરફ જીવનને લઈ જવા માટે, પહેલા દરેકે પોતાના જીવનમાં હકારાત્મક અભિગમ કેળવવો પડશે. હકારાત્મક બનવા માટે વધુ એક નવીન પ્રયોગ કર્યો, આ પ્રકૃતિની નિયમિતતા અને હકારાત્મકતાને શ્વાસમાં ભરી અંદર લઈ ઉપર સુધી ખેંચી એટલે કે તાજી હવાને શ્વાસમાં લઈને પછી પાંચ પ્રાણાયામ કર્યા. ઓમકારની એ ગુંજ મન મસ્તિષ્ક બંનેને પ્રસન્ન કરવા માટે કાફી છે. નરસિંહનું એક પદ આપણે જોઈ ગયાં અને માનસ વૈષ્ણવ બન્યો. આજે આપણે હકારાત્મકતા તરફ લઈ જાય એવું નરસિંહનું એક બીજું સુપ્રસિદ્ધ પદ, જે ગમે જગત ગુરૂદેવ જગદીશને એ વિશે ચિંતન કરીશું.

નરસિંહ મહેતા

જે ગમે જગત ગુરુ દેવ જગદીશને,
તે તણો ખરખરો ફોક કરવો;
આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે,
ઊગરે એજ ઉદ્વેગ ધરવો,
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને.

જીવનને હકારાત્મકતા તરફ લઈ જવા માટે, આનાથી ઉત્તમ વિચાર બીજો એક પણ હોઈ શકે નહીં. પૂર્ણપણે અસ્તિત્વમાં સમર્પણ, એ જ શ્રેષ્ઠ ઉપાય છે. જગત જગદીશ્વરની ઈચ્છા મુજબ જ બસ અહીં બધું થઈ રહ્યું છે, માટે તેનો હર્ષ કે શોક કરવો એ વ્યાજબી નથી આપણે લાખ પ્રયત્ન કરીએ અથવા તો વિચારીએ, કે આમ થયું હોત તો સારું હતું, અથવા તો આમ થાય તો સારું. પરંતુ એવું થતું નથી, કારણ કે એ જીવની ઈચ્છા છે, જ્યારે અહીં તો શિવ એટલે કે જગદીશની ઈચ્છા મુજબ બધું થાય છે.એટલે સુખ દુખનો ઉદ્વેગ મનમાં કર્યા વગર જે કંઈ ઘટના ઘટી રહી છે તે આપણા હિત માટે જ ઘટી છે, એવું વિચારી અને જીવવું, એવું કવિ કહેવા માંગે છે.

હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા,
સકટનો ભાર જેમ શ્વાન તાણે;
સૃષ્ટિ મંડાણ છે સર્વ એણી પેરે,
જોગી જોગેશ્વરા કંઈક જાણે,
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને.

આ જગત ઈશ્વર આધીન અને ઈશ્વર ઈચ્છાથી જ ચાલતી હોવા છતાં જીવની અજ્ઞાનતા એ છે કે દરેક કાર્યમાં પોતાનું હું પણું નાખ્યા વગર તેને ચાલતું નથી, અને કુટુંબમાં હોય કે સમાજમાં હોય, તેને સતત એવું લાગે છે, કે આ બધું જ મારા થકી છે. મેં આમ કર્યું માટે આમ થયું, નહીં તો કંઈ જ થાય નહીં. એટલે કે તેના એકથી જ જગત ચાલે છે, તેઓ તેને ભાસ થાય છે, પરંતુ હકીકત તો એ છે કે સૃષ્ટિના મંડાણ જ તેના થકી છે, અને તેને કેમ જીવવું એ પણ તેના હાથમાં છે. પરંતુ જીવ ક્યાં આસાનીથી હું પણું છોડી શકે છે. ઈશ્વર વિશેનાં અને પ્રકૃતિ વિશેના આવા ગૂઢ રહસ્યનું આ સત્ય જોગી જોગેશ્વરા એટલે કે સાચા સંત મહાપુરૂષો જાણી ચૂક્યા છે.

નીપજે નરથી તો કોઈ ના રહે દુઃખી,
શત્રુ મારીને સૌ મિત્ર રાખે;
રાય ને રંક કોઈ દ્રષ્ટે આવે નહિ,
ભવન પર ભવન પર છત્ર દાખે,
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને.

જો આ બધું જ મનુષ્યના હાથની વાત હોત, તો અહીં કોઈ જ દુઃખી ન હોત અને કોઈને શત્રુ પણ નહોત. કારણ કે શત્રુ મારીને બધા મિત્ર બનાવે,તેમજ સંસારમાં ક્યાંય રાય રંકનો ભેદ નહોત, આ વાત લખી કવિ અહીં ધીરેકથી કર્મનો સિદ્ધાંત, અને પુનર્જન્મની વાત મૂકે છે, અને કહે છે કે સારું કર્મ કરીએ તો સારા ભાગ્યની પ્રાપ્તિ થાય, ઉપરાંત ભવન પર ભવનનું છત્ર એટલે સ્વર્ગની વાત પણ રાખી.

ઋતુલતા પત્ર ફળ ફૂલ આપે યથા,
માનવી મૂર્ખ મન વ્યર્થ શોચે;
જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું,
તેહને તે સમે તે જ પહોંચે,
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને.

રોજ આપણે જે વાત કરી રહ્યા છીએ, કે પ્રકૃતિ નિયત સમયે એનું કાર્ય કરી રહી છે, એટલે કે ઋતુ લતા પોતાના સમયે ફળ ફૂલ આપે છે. પરંતુ માનવી મૂર્ખ છે કે પોતાની નિયતિ અનુસાર જે કાર્ય કરવા આવ્યો છે તે કરતો નથી, અને બીજે ફાફા મારે છે, અને ભોગવાદી માનસ હજી વધુની માંગને કારણે અહીં તહીં ભટકે રાખે છે. જેના ભાગ્યમાં જે સમયે જે કંઈ મળવાનું લખ્યું હશે, તે મળશે જ પરંતુ તેને સમયનો યોગ કહે છે, એટલે કે યોગ થાય ત્યારે જ તે મળે. જીવના પ્રારબ્ધમાં જો સુખ લખ્યું હશે, તો તેને કોઈ રોકી નહીં શકે, અને દુઃખ લખ્યું હશે તો તેની આડા કોઈ હાથ રાખી શકે નહીં.

સુખ સંસારી મિથ્યા કરી માનજો,
કૃષ્ણ વિના બીજું સર્વ કાચું;
જુગલ કર જોડી કરી નરસૈંયો એમ કહે,
જન્મ પ્રતિ જન્મ હરિને જ જાચું,
જે ગમે જગત ગુરુ દેવ જગદીશને.

સંસારી માટે સુખ એ ઝાંઝવાના જળ સમાન છે, એને મિથ્યા કરી માનજો, એટલે કે તેની પાછળ દોડવાનું રહેવા દઈ, અને કૃષ્ણ ભક્તિમાં લીન થઈ રહેવું, એટલે કે ઈશ્વરની ભક્તિ કરી લેવી. નરસિંહ પોતાના ભાવને વિનમ્રતાથી મૂકતા કહે છે, કે હું તો જન્મ જન્મ હરિને જ માંગુ છું. કારણ કે જે ગમે જગત ગુરૂદેવ જગદીશને, એટલે જ પોતાનાં જીવનની એક પણ ઘટનાનો તેણે શોક કર્યો નથી.

આપણે જાણીએ છીએ કે નાગર નરસિંહને પોતાની જીવનયાત્રામાં કેટલા કેટલા સંકટો આવ્યાં. પરંતુ એ સંકટ સામે તેમણે ફરિયાદ કરી નથી, પરંતુ એ સંકટને સહન કરી અથવા તો પોતાનું ગણી સ્વીકારી લીધું, તો તેમાંથી આત્મચિંતન થયું. હકારાત્મકતાનો સંદેશ આપતી નરસૈયાની આ કૃતિ અદભૂત છે,જાગ ને જાદવા થી, જીવને જગાડી અને પછી જે ગમે જગત ગુરુ, એટલે કે જાગ્યા પછી હકારાત્મક અભિગમ સાથે જીવનમાં આગળ વધવું. સંજોગો કોઈના એકસરખાં ક્યારે રહેતા નથી. આજે સુખ તો આવતીકાલે દુઃખ, અને આજે દુઃખ તો આવતીકાલે સુખ એમ આ તડકી છાયડીમાં જ સૌના જીવન હોય છે. હા રૂપિયા પૈસાની તંગીને સુખ દુખ એવું નામ આપી શકાય નહીં, કારણકે રૂપિયા પૈસા વાળાને કોઈ દુઃખ હોતું નથી, એ વાત તદ્દન ખોટી છે. સમસ્યા તો આપણી કરતાં તેમને વધુ છે, અને સમસ્યા વગરનું જીવન આમ પણ નીરસ લાગે. જીવનમાં સંઘર્ષ આવે તો જ પાછળ પાછળ સંતોષ આવે, એ સત્ય જેટલું ઝડપથી સમજાય એટલું જીવન સરળ બને. નરસિંહ વિશે તો લખવા બેસીએ તો દિવસ-રાત ઓછા પડે, એક તો પ્રિય પાત્ર, અને આજકાલ તો સતત જહેનમાં રમતું તેનું અસ્તિત્વ, ક્ષણે ક્ષણે જીવનના નવા નવા અર્થો બતાવે છે. ક્યારેક જાગવું, ક્યારેક જાગીને ચાલવું, અને ક્યારેય ચાલતાં-ચાલતાં અંતે સમર્પણ. બિલકુલ નદીની જેમ જ તેમની જીવનયાત્રા દેખાય છે, જે અંતે કૃષ્ણ રૂપી મહાસાગરમાં સમર્પિત થઈ, અને એ મહાસાગરની પૂર્ણ ઉપલબ્ધિને પામી ગયા.

તો આજના આત્મચિંતન પદની શીખ એ છે કે જાગરણનું જીવનમાં ખૂબ જ મહત્વ છે, અને જાગ્યા પછી જાગતા રહેવું એટલે કે ક્ષણેક્ષણે આત્મનિરીક્ષણ કરતા રહેવું, જેથી જીવન નરસિંહના પદની જેમ, જે ગમે જગત ગુરુ દેવ જગદીશને તે તણો ખરેખરો ફોક કરવો, આ રીતે હકારાત્મક બનીએ તો જીવનની બધી જ ફરિયાદોનો અંત આવે. સૌ પોતપોતાના જીવનમાં હકારાત્મક વલણ અપનાવે. હું પણું ત્યાગી ને જીવનને એક નવું અજવાળું જોવા નવી દિશા એ લઈ જવાનો પ્રયત્ન કરે, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર જાણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે,તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર).

### હવસખોર માસુમનું અપહરણ કરી ઝાડીમાં લઇ જઇ હદ વટાવી ગયો

# દસ વર્ષની બાળાને છત્રીસ વર્ષના શૈતાને પીંખી નાખી

## બળાત્કારને કારણે બાળકીએ ચીસાચીસ કરી મુકતાં ભાગી ગયોઃ લોહી નીકળતી હાલતમાં બાળકી ઢસડાતી ઘરે પહોંચીઃ બાળકીના ગુપ્તાંગમાં એટલી ગંભીર ઈજા પહોંચી કે સર્જરી વખતે ડોક્ટર પણ ધ્રુજી ગયાઃ પોલીસે તત્કાળ દબોચી ખોખરો કરી નાંખ્યો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૮**

રાજકોટઃ રાજ્યમાં હવસખોરીની ઘટનાઓ રોજીંદી બની ગઇ છે. રોજબરોજ કોઇને કોઇ બાળકી, સગીરા, યુવતિ, પરિણીતા કે પછી વિધવા કે ત્યકતા હવસખોરોની શૈતાનીયતનો શિકાર બની જાય છે. ઘણીવાર તો માસુમ બાળકોને પણ વિકૃત ઢગાઓ સૃષ્ટિવિરૂધ્ધના કૃત્યથી ભોગ બનાવતાં હોય છે. વધુ એક શૈતાનીયત સામે આવી છે જેમાં એક છત્રીસ વર્ષના હવસખોરે દસ વર્ષની બાળકીનું અપહરણ કરી પીંખી નાંખી હતી. બાળકી લોહીલુહાણ થઇ જતાં ચીસાચીસ કરી મુકતાં તે ભાગી ગયો હતો. બાળા લોહી નીકળતી હાલતમાં ઢસડાતી ઢસડાતી પોતાના ઘરે પહોંચી હતી. દિકરીની હાલત જોઇ પરિવાર ફફડી ગયો હતો. ગુપ્તાંગની ઇજાઓ જોઇ ઓપરેશન કરતી વખતે ડોક્ટર પણ ફફડી ગયા હતાં. જો કે તબિબે જટીલ સર્જરી કરી હતી અને બાળકીનો જીવ બચાવી લીધો હતો. હવસખોરને પોલીસે તત્કાળ પકડી ખોખરો કર્યો હતો.

આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો બનાવ ભરૂચ જિલ્લાના ઝઘડિયા જીઆઇડીસીમાં બન્યો છે. અહિ દસ વર્ષીય બાળકી સાથે અપહરણ અને દુષ્કર્મની ઘટના બની છે. જેમાં તેની બાજુમાં જ રહેતા છત્રીસ વર્ષીય હવસખોરે આ સમગ્ર ઘટનાને અંજામ આપ્યો હોવાનો ઘટસ્ફોટ થયો છે. હાલમાં પોલીસે આરોપીને દબોચી અપહરણ, પોકસો અને દુષ્કર્મ સહિતની કલમો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુ માહિતી જોઇએ તો ઝઘડિયાવિસ્તારમાં મજૂરીકામ કરી પોતાનો જીવનનિર્વાહ ચલાવતા પરિવાર પર જાણે આભ ફાટયું હોય એવો કિસ્સો સામે આવ્યો છે. એમાં પોતાના મકાન નજીક રમી રહેલી માસૂમ દસવર્ષીય બાળકીને તેની જ બાજુમાં રહેતો છત્રીસ વર્ષીય શખ્સ અપહરણ કરીને મકાનની પાછળ આવેલી ઊંચી દીવાલ પાર ઊંચકી ઝાડીઓમાં લઇ ગયો હતો.

ત્યાં આ નારાધમે તેને માર મારીને તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ નરાધમની વિકૃતિ એટલી હદ વટાવી ગઈ હતી કે બાળકીના ગુપ્તાંગમાં ગંભીર ઇજાઓ પહોંચતાં માસૂમ દર્દને કારણે કણસી રહી હતી, એમ છતાંય હવસખોરે દયા વગર પોતાની હવસ સંતોષી તેને લોહીલુહાણ હાલતમાં મૂકીને ભાગી ગયો હતો. આ બાળકીને એટલી ગંભીર ઇજાઓ પહોંચી હતી કે તેનાથી ઊભું પણ થવાતું ન હતું, જેથી તે ત્યાંથી ઢસડાતી ઢસડાતી તેના મકાન પાસેની દીવાલ સુધી પહોંચીને પોતાની માતાને બૂમો પાડવા લાગી હતી. આ સમયે ત્યાં




**નગ્ન ફોટાને આધારે બ્લેકમેઈલ કરી બે સગા ભાઇનું પરિણીતા સાથે વારંવાર દૂષ્કર્મ!**

વાસણ માજી રહેલી તેની માતાએ પોતાની પુત્રીનો અવાજ સાંભળતાં જ ઉપર ચઢીને જોતાં જ ચોંકી ઊઠી હતી. માતાએ તાત્કાલિક બાજુમાં રહેતા અન્ય લોકોને બોલાવી તેને સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં લઈને પહોંચી હતી.

જ્યાં હાજર તબીબો બાળકીની હાલત જોઈ તેની સારવાર કરતી વખતે તેમના પણ હાથ ધ્રૂજવા લાગ્યા હતા, જોકે તેને વધુ સારવારની જરૂર પડતાં વડોદરાની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. બીજી બાજુ ઘટનાની જાણ થતાં અંકલેશ્વર ડીવાયએસપી ડો.કુશલ ઓઝા સહિતના પોલીસકર્મીઓએ હોસ્પિટલમાં દોડી આવી બાળકીની માતાની ફરિયાદના આધારે અલગ અલગ ટીમો બનાવી તપાસ હાથ ધરી હતી. આ સમય દરમિયાન પોલીસે માહિતીના આધારે તેની બાજુમાં રહેતા હવસખોરને ઝડપી પાડ્યો હતો, જેની કડક પૂછપરછ કરતાં તે ભાગી પડ્યો હતો અને પોતાના ગુનાની કબૂલાત કરી હતી, જેથી ઝઘડિયા પોલીસે તેની સામે અપહરણ, પોક્સો અને દુષ્કર્મ સહિતનો કલમો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે ડીવાયએસપી ડો.કુશલ ઓઝાએ જણાવ્યું હતું કે હાલ બાળકીની તબિયત સ્થિર છે. પોલીસની ટીમે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી લીધો હતો. આરોપી ઝારખંડનો છે અને બાળકીની બાજુમાં રહે છે અને મજૂરી કરીને ગુજરાન ચલાવતો હતો. હવસખોરના હાલ પોલીસે બગાડી નાંખ્યા હતાં. તેના રિમાન્ડની કાર્યવાહી હાથ ધરાઇ હતી.

રાજકોટઃ દૂષ્કર્મના બીજા બનાવમાં બે સગા ભાઇઓએ હદ વટાવી એક પરિણીતાને ફસાવી હતી અને ચાર મહિના સુધી હવસનો શિકાર બનાવી હતી. આ ઘટના સુરતના મોટા વરાછા વિસ્તારમાં બની છે. અહિ રહેતા બે સગા ભાઈએ પરિણીતાને તેના અર્ધનગ્ન ફોટા બતાવી ઘરે અને હોટલમાં લઈ જઈ સતત ચાર મહિના સુધી હવશનો શિકાર બનાવી હતી. પરિણીતાને તેના પતિને છૂટાછેડા આપી દેવા પણ દબાણ કરવામાં આવતું હોય અને દુષ્કર્મ ગુજારવામાં આવતા આખરે આ મામલે ઉત્રાણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

વધુ માહિતી જોઈએ તો મોટા વરાછા રિવરફ્રન્ટની બાજુમાં શ્રેયસ રો-હાઉસમાં રહેતા પરેશ મનજીભાઈ મિયાણી અને તેના ભાઈ નરેશ મનજીભાઈ મિયાણી વિરૂદ્ધ ઉત્રાણ વિસ્તારની એક પરિણીત મહિલાએ બળાત્કારનો ગુનો નોંધાવ્યો છે. જેમાં જણાવ્યા મુજબ પરિણીતાનો અર્ધનગ્ન ફોટો પરેશ પાસે હોવાથી ફોટો બતાવીને તેને બદનામ કરવાની ધમકી આપી દુષ્કર્મ ગુજારતો હતો. પરેશે તેના ભાઈ સાથે પણ શરીર સંબંધ રાખવા માટે પરિણીતાને દબાણ કર્યું હતું.

પરેશના ભાઈ નરેશે પરિણીતાને બ્લેકમેઇલ કરી હોટલમાં લઈ જઈ શરીર સુખ માણ્યું હતું. ત્યાર બાદ પણ તેણીને અવારનવાર શરીર સંબંધ રાખવા તેમજ પતિને છૂટાછેડા આપી દેવા દબાણ કરવામાં આવતુ હતુ. લાચાર બનેલી પરિણીતાએ આખરે આ બાબતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# સાયબર સિક્યોરિટી : સરકારી કર્મીઓ માટે અવેરનેસ પ્રોગ્રામ

## હેકર્સ દ્વારા સાયબર થ્રેટ્સથી બચવા સાવચેતીના પગલાં અંગે માહિતગાર કરાયા





રાજકોટ તા. ૧૮

રાજકોટ કલેક્ટર કચેરીના સહયોગથી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના નિયામક આઈ.સી.ટી. અને ઈ-ગવર્નન્સ દ્વારા સરકારી અધિકારીઓ, કર્મચારીઓ માટે સાયબર સિક્યોરિટી અંગે પ્રમુખ સ્વામી ઓડિટોરીયમ ખાતે અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેશનમાં દીપેન દલસાણીયા અને ભૂમિ ડાંગર દ્વારા સાયબર સિક્યોરિટી વિશે સમજણ, સાયબર એટેકના વિવિધ પ્રકારો, સાયબર થ્રેટ્સ અને થ્રેટ્સના સ્રોતો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત, આ પ્રકારના એટેકથી બચવા માટેનાં ઉપાયો, જેમ કે ડેસ્કટોપ સુરક્ષા, ઈ-મેઈલ સુરક્ષા અને પાસવર્ડ સુરક્ષા સહિતના મુદ્દાઓની પણ ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને હેકર્સ દ્વારા વાયરસ, માલવેર ફિશિંગ સ્ફૂફિંગ લિંક્સનો ઉપયોગ કરવામાં આવતો હોય છે. જેમાં અજાણી લિંક્સ કે સોફ્ટવેર દ્વારા વાઈરસ ઈન્જેક્ટ કરવામાં આવે છે. જે ડેટા સિક્યોરિટી માટે નુકશાનકારક હોય છે તેમજ મહત્વના ડેટા થેફ્ટ કરવામાં આવે છે. આ ઉપરાંત સોશિયલ મીડિયાના માધ્યમથી તેમજ એ.આઈ. ટેક્નોલોજીના ઉપયોગથી ડીપ ફેકનો શિકાર બની શકે છે, કેટલાક કિસ્સામાં ઈમોશનલ બ્લેકમેઈલિંગ કરવામાં આવતું હોઈ છે.

આ પ્રકારે થતા એટેક્સથી બચવા અજાણી લિંક કે મેસેજ પર ભરોસો ન કરવો, તેમજ ઓપન ન કરવા, કોમ્પ્યુટરમાં એન્ટી વાઈરસ સોફ્ટવેર સતત અપડેટ કરવા, પેન ડ્રાઈવ સ્કેન કરીને જ ઉપયોગમાં લેવા, ઓથોરાઇઝ સોર્સ પરથી જ સોફ્ટવેર કે એપ ઇન્સ્ટોલ કરવા તેમજ પાસવર્ડ મજબૂત રાખવા અને સતત બદલાવતા રહેવા સહિતના ઉપયોગી સૂચનો તજજ્ઞ દ્વારા કરવામાં આવ્યા હતાં.

આ ઉપરાંત સત્રમાં IT Act અને ઉડઉડઅ (ડિજિટલ વ્યક્તિગત ડેટા સુરક્ષા અધિનિયમ) અંગે પણ મહત્વની માહિતી આપવામાં આવી હતી.

કલેકટર ઓફિસ રાજકોટના આઈ.સી.ટી. અધિકારીઓ નમ્રતા નથવાણી, હાર્દિક નારિયા દ્વારા સત્રનું સંચાલન કરવામાં આવ્યું હતું જયારે સમગ્ર આયોજન નાયબ નિયામક ડો દેવેન પંડ્યા તથા મદદનીશ નિયામક સંજય ભાભોરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

આ પ્રોગ્રામમાં રાજકોટ શહેર, જિલ્લાના વિવિધ સરકારી વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### ઐતિહાસિક સીમચિહ્નનોને યાદગાર બનાવવા

# ૨૦૨૫માં રાજ્યમાં વિવિધ ઉજવણી

## ભવ્યાતિભવ્ય ઉજવણી માટે મુખ્યમંત્રીની અધ્યક્ષતામાં સંચાલન સમિતિ અને મુખ્ય સચિવની અધ્યક્ષતામાં કારોબારી સમિતિની રચના

રાજકોટ, તા. ૧૮

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળ ગાંધીનગર ખાતે મળેલી રાજ્ય મંત્રી મંડળની બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, આગામી વર્ષ ૨૦૨૫માં ભારતના બંધારણને ૭૫ વર્ષ પૂર્ણ થઇ રહ્યા છે. આ નિમિત્તે ગુજરાતભરમાં સંવિધાનનો અમૃત મહોત્સવની ઉજવણી કરાશે. સાથે જ, કટોકટીના ૫૦ વર્ષ પૂર્ણ થવા સંદર્ભે પણ ઉજવણી કરવામાં આવશે.

આ ઉપરાંત આવતા વર્ષે એક ભારત, શ્રેષ્ઠ ભારતના વિઝન સાથે ગુજરાતના પનોતા પુત્ર સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતીની તેમજ ભારતના પૂર્વ પ્રધાનમંત્રી સ્વ. અટલ બિહારી વાજપેયીના ૧૦૦માં જયંતી વર્ષની પણ ભવ્ય ઉજવણી કરાશે. સાથે જ, ભગવાન બિરસામુંડાની ૧૫૦મી જયંતી નિમિત્તે ગુજરાતમાં આગામી વર્ષ ૨૦૨૫ને જનજાતિય ગૌરવ વર્ષ તરીકે ઉજવવાનો નિર્ણય કરાયો હોવાનું પ્રવક્તા મંત્રીએ ઉમેર્યું હતું.

મંત્રીએ વધુમાં જણાવ્યું કે, આગામી વર્ષે સંવિધાનના અમૃત મહોત્સવ, સરદાર વલ્લભ પટેલની ૧૫૦મી જન્મ જયંતી, અટલ બિહારી વાજપેયીની ૧૦૦મી જન્મ જયંતી તેમજ જનજાતિય ગૌરવ વર્ષની ભવ્યાતિભવ્ય ઉજવણી માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતા હેઠળની સંચાલન સમિતિ તેમજ મુખ્ય સચિવની અધ્યક્ષતા હેઠળ કારોબારી સમિતિની રચના કરાઇ છે.



**ભારતના બંધારણને ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે સંવિધાનનો અમૃત મહોત્સવ થીમ અંતર્ગત વિવિધ કાર્યક્રમ યોજાશે**

**ભગવાન બિરસામુંડાની ૧૫૦મી જયંતી સંદર્ભે ગુજરાતમાં આગામી વર્ષ ૨૦૨૫ને જનજાતિય ગૌરવ વર્ષ તરીકે ઉજવાશે**

### કહેવાતા તાંત્રીકે વિધીના બહાને સવા સત્તર લાખ પડાવી લીધાઃ આધેડે કંકાસ દૂર કરવા, ધંધા રોજગારમાં બરકત લાવવા અને માલદાર થવા વિધી કરાવતાં છેતરાઇ ગયા

# દાટેલો ચરૂ કાઢ્યો તો ધનને બદલે ધૂળ નીકળી!

## પાંચ શખ્સોએ આવી કહેવાતી વિધી કરી આધડેના વતનના ઘરના રસોડામાં ખાડો કરી ચરૂ દાટ્યોઃ જે નદી કિનારે લઇ જઇ ખોલતાં રેતી-ધુળ નીકળ્યા : સત્તર લાખ ગુમાવ્યા

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૮**

રાજકોટઃ અવાર નવાર લોકોને કહેવાતા તાંત્રીકો, જ્યોતિષીઓ વિધીના બહાને છેતરી જતાં હોય છે. ઘરમાંથી કલેશ કંકાસ દૂર કરવાના બહાને, ગુપ્તધન શોધી આપવાના બહાને તેમજ બીજી લાલચો આપી ઠગાઇઓ કરવામાં આવતી હોય છે. આવો વધુ એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. જેમાં કહેવાતા જ્યોતિષ તાંત્રીક અને તેની ટોળકીના ચાર શખ્સોએ મળી એક આધેડને ધંધો રોજગાર જામી જાય, ઘરમાંથી કલેશ નીકળી જાય અને દાટેલુ ગુપ્ત ધન મળી જાય તેવી વિધી કરી આપવાને બહાને લાખોમાં છેતરી લીધા હતાં. વિધી બાદ એક ચરૂ રસોડામાંથી કાઢી નદી કાંઠે લઇ જઇ ખોલવામાં આવ્યો હતો. પરંતુ તેમાંથી ગુપ્તધનને બદલે ધૂળ અને રેતી નીકળ્યા હતાં.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ વડોદરાના વાસણા-ભાયલી રોડ પર રહેતા આધેડ સાથે બન્યો છે. તેમણે ઘરમાં કંકાશ વધુ હોવાથી તથા ધંધો રોજગાર સારો ચાલતો ન હતો. જેથી તાંત્રિક વિધિ દ્વારા જ્યોતિષનો સંપર્ક કર્યો હતો. ત્યારે તેમની પાસે તાંત્રિક વિધિ કરી તમામ સમસ્યાઓનું સમાધાન કરવા માટેનું કહીને રૂપિયા ૧૮.૮૧ લાખ પડાવી લીધા હતા. આ ઉપરાંત તેમના વતન ખાતે આવેલા મકાનના રસોડામાંથી ખાડો ખોદીને ચરૂ પણ બહાર કાઢી આપ્યો હતો.

જે ચરૂ અમદાવાદ સાબરમતી નદીના કિનારે લઈ જઈ ખોલતા તેમાંથી રેતી નીકળી હતી. વારંવાર માંગણી કરતા માત્ર ૧.૨૦ લાખ રૂપિયા પરત કર્યા હતા, જ્યારે બાકીના ૧૭.૨૫ લાખ પરત નહીં કરીને છેતરપિંડી આચરી હોવાથી પાંચ તાંત્રિક વિરુદ્ધ ફરિયાદ જીપી રોડ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવી છે.

પોલીસે જાહેર કરેલી વિગતો પર નજર



કરીએ તો વાસણા ભાયલી રોડ ઉપર આવેલા પંચમુખી વુડાના મકાનમાં રહેતા અભેસિંહ વજાભાઈ ચૌહાણએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે તેમને કામધંધો બરાબર ચાલતો ન હતો અને ઘરમા ઘરકંકાસ થતો રહેતો હતો. દરમિયાન મેં ન્યૂઝ પેપરમાં એક જાહેરાત વાંચી હતી કે, જ્યોતિષ તાંત્રિકવિધિથી કોઈપણ સમસ્યા, નડતર, ઘરકંકાસ તેમજ ગુપ્તધન વગેરેનો ઈલાજ કરી આપવામાં આવશે.

જેથી મેં જાહેરાતમાં આપેલા મોબાઈલ નંબર પર ફોન કરતા દિનેશ જોષીએ જણાવેલું કે, તેમની ઓફિસ કુંજલ એપાર્ટમેન્ટ ઈન્ડિયન પેટ્રોલપંપની બાજુમાં ગેંડા સર્કલ વડોદરા ખાતે આવેલી છે.

મારે કામ ધંધો ચાલતો ન હતો જે બાબતે જણાવતા તેઓએ મને અમારા ઘરે આવી વિધિ કરવાનું જણાવ્યું હતું. ત્યારબાદ પાંચેય શખ્સોએ મારા પરિવારના સભ્યો પર, ઘરમાં તથા મારા ગામ વતન પર આવેલા મકાનમાં પણ વિધિ કરી હતી. મારા વતન વાંગરવા ગામના મકાનમાં ખાડો ખોદીને તેમાંથી એક ચરૂ કાઢવામાં આવ્યો હતો. જે ચરૂની મહિના સુધી પૂજા કરવા માટે કહ્યું હતું. ત્યારબાદ આ ચરૂ લઈને અમદાવાદ સાબરમતી નદીના કિનારે બોલાવ્યા હતા. જેથી અમે ભાડાની ગાડી કરીને નદી કિનારે પહોંચ્યા હતા, ત્યારે કળશ ખોલતા તેમાંથી રેતી અને ધૂળ નીકળી હતી. જેથી કળશ નદીમાં પધરાવી દીધો હતો.

વિવિધ મુશ્કેલીઓમાંથી તાંત્રિક વિધિ કરીને સમાધાન કરવાના બહાને ઠગોએ અમારી પાસેથી રૂપિયા ૧૮.૮૧ લાખ તાંત્રિક વિધિ કરવાના લીધા હતા. તે પૈકીના રૂપિયા ૧.૨૦ લાખ પરત કર્યા હતા. જ્યારે બાકીના ૧૭.૨૫ લાખ ઉપરાંતની રકમ પરત વારંવાર કહેવા છતાં પરત આપતા ન હતા. જેપી રોડ પોલીસે તેમની ફરિયાદના આધારે દિનેશ જોષી, જીતેન્દ્ર જોશી, સતીશ જોશી, રાકેશ જોષી અને વિનોદ જોશી વિરૂધ્ધ ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે. આ પ્રકારની છેતરપીંડીથી બચવા ગમે તેવા કહેવાતા જ્યોતિષ તાંત્રીકો પર ભરોસો કરવો જોઈએ નહિ. આ કિસ્સો દરેક લોકો માટે ચેતવણીસમાન અને લાલબત્તી સમાન છે.

### રાજકોટમાં કાળચક્ર ફર્યુઃ પોલીસની તૈયારી કરતી યુવતીને માતા-પિતાએ લગ્નનું કહેતાં રકઝક બાદ જીવ દીધોઃ પરિણીતાએ અકળ કારણોસર દુનિયા છોડી દીધી

# યુવતિ-પરિણીતાના આપઘાત સહિત અપમૃત્યુની ૭ ઘટના

## વાહન અકસ્માતની ઘટનાઓમાં યુવાન સહિત ત્રણના જીવ ગયાઃ એક યુવાનનું દાઝી જતાં મોતઃ પ્રૌઢને હૃદય દઈ ગયું દગો

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૮**





રાજકોટઃ જે માણસ જન્મ લે છે તેનું મૃત્યુ નિશ્ચીત હોય છે પરંતુ મૃત્યુ કેવી રીતે આવી જાય, કયા સ્થળે આવી જાય અને ક્યારે આવી જાય તેની ખબર પડતી નથી. મહામુલી જિંદગીને અમુક લોકો અકાળે પોતાની જાતે તરછોડી દઇ ફાની દુનિયા છોડી જતાં હોય છે. દુઃખ, તકલીફ, મુશ્કેલીઓ, કઠીન પરિસ્થિતિઓ દરેકના જીવનમાં આવતી જતી રહે છે. દુઃખ આવે તો પછી સુખ પણ આવતું હોય છે. પરંતુ તકલીફો સામે હારી જઇ ઘણા લોકો ટૂંકો માર્ગ અપનાવી લેતાં હોય છે. તો અમુક કિસ્સાઓમાં આકસ્મિક ઘટનાઓમાં મોત થતાં હોય છે. અપમૃત્યુની રાજકોટ શહેરમાં વધુ ૭ ઘટનાઓ બની છે. જેમાં એક કિસ્સામાં રાજકોટ બહેન બનેવી સાથે રહી પોલીસ ભરતીની તૈયારી કરતી યુવતિએ લગ્ન મામલે માતા-પિતા સાથે રકઝક થતાં આપઘાત કર્યો હતો. બીજા બનાવમાં પરિણીતાએ અળક કારણે ઝેર પી જીવ દીધો હતો. તો વાહન અકસ્માતના બનાવોમાં ચાર લોકોના, દાઝી જવાથી એકનું અને હૃદય રોગના હુમલાથી એકનું મોત થયું હતું.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો શહેરના કોઠારીયા રોડ પર તીરૂપતી બાલાજી પાર્કમાં બહેન-બનેવી સાથે રહેતી યુવતીએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ ઉનાની ત્રીસ વર્ષિય રેણુકા કરશનભાઇ પરમાર હાલ રાજકોટ બહેન બનેવી સાથે રહી પોલીસ ભરતીની તૈયારી કરતી હતી. બહેન-બનેવી નોકરી પર ગયા હોઇ બહેન નોકરીએથી ઘરે આવતા નાની બહેનને લટકતી હાલતમાં જોઇ દેકારો મચાવતા આસપાસના લોકો એકઠા થઇ ગયા હતા.

બનાવની જાણ થતાં ૧૦૮ની ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરતા તેણી મૃત્યુ પામ્યાનું જણાતાં પોલીસને જાણ કરતાં ભકિતનગર પોલીસ મથકના હેડ કોન્સ. પ્રશાંતસિંહ તથા રાઇટર કુલદીપસિંહ સહિતે સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. તપાસમાં બહાર આવ્યા મુજબ આપઘાત કરનાર રેણુકાના પિતા ઉનામાં ખેતી કરે છે. તે ત્રણ બહેન અને એક ભાઇમાં ત્રીજા નંબરની હતી. તે પોલીસની તૈયારી માટે છેલ્લા એક વર્ષથી રાજકોટમાં બહેન-બનેવી સાથે રહેતી હતી. ગઇકાલે તેના માતા-પિતા સાથે ફોનમાં તેણીના લગ્ન બાબતે રકઝક થયા બાદ તેણીએ આ પગલુ ભર્યુ હતું.

જ્યારે બીજી તરફ શહેરના કોઠારીયા સોલવન્ટ નજીક સિતારામ સોસાયટીમાં રહેતી તેત્રીસ વર્ષિય હેમાલીબેન મનોજભાઇ ગુજરાતી નામની પરિણીતાએ ઝેરી દવા પી આપઘાત કરી લેતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. હેમાલીબેને સાંજે ઝેર પી લીધા બાદ પોતાને ગભરામણ થાય છે તેમ કહ્યું હતું અને બાદમાં ઉલ્ટીઓ કરવા માંડતાં તેણે ઝેર પીધાની ખબર પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. પરંતુ અહિ આજે સવારે દમ તોડી દીધો હતો. આપઘાત કરનાર હેમાલીબેનના માવતર ધોરાજી રહે છે. તેણીના પિતાનું નામ રજનીકાંતભાઇ સોલંકી છે. તેણીના લગ્ન પંદર વર્ષ પહેલા થયા હતાં. સંતાનમાં બે પુત્રી છે. પતિ મનોજભાઇ રિક્ષા હંકારે છે અને છુટક મજૂરી કરે છે. તેણે કહ્યું હતું કે પત્નિ પણ ઘરમાં મદદરૂપ થવા પેકેજીંગના કારખાનામાં નોકરીએ જતી હતી. સાંજે તેણે ઘરે આવી કોઇપણ કારણોસર આ પગલુ ભરી લીધુ હતું. આજીડેમ પોલીસ વધુ તપાસ કરે છે.

અન્ય બનાવોમાં અલગ અલગ વાહન અકસ્માતોમાં ત્રણ લોકોના મૃત્યુ થયા હતાં. જેમાં પડધરીના રંગપરના પાટીયા નજીક ચાલીને જઇ રહેલા ચોટીલાના ચિરોડા ગામના ધનજીભાઇ ઉકાભાઇ ચાવડા નામના પચાવસ વર્ષના પ્રૌઢ ગઇકાલે સાંજે એક કારની ઠોકરે ચડી જતાં ગંભીર ઇજા થતાં પડધરી સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. અહિ મોડી રાતે મૃત્યુ થતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. ધનજીભાઇ છ ભાઇ અને એક બહેનમાં બીજા હતાં અને સંતાનમાં બે પુત્રી તથા બે પુત્ર છે. તેઓ કેટલાક સમયથી પડધરીના રંગપર ખાતે રેતીના પ્લાન્ટમાં મજૂરી કરતાં હતાં. ગત સાંજે પોતાના ઘરે ચિરોડા જવું હોઇ પ્લાન્ટ ખાતેથી ચાલીને નીકળ્યા હતાં. આગળ રોડ પરથી વાહન પકડવાનું હતું. પરંતુ રંગપરના પાટીયા પાસે પહોંચ્યા ત્યારે કારની ઠોકરે ચડી ગયા હતાં. કાર ચાલકે ઉભા રહી ૧૦૮ બોલાવી હતી અને તેમને હોસ્પિટલે ખસેડ્યા હતાં. પણ સારવારમાં મૃત્યુ થયુ હતું.

બીજા બનાવમાં ચોટીલા નજીક રોઝડુ આડે આવતાં બાઇક સ્લીપ થઇ જતાં બાઇકસવાર ખેરાણા ગામના જગુભાઇ સવાભાઇ માલકીયા નામના પિસ્તાલીસ વષીય આધેડને ગંભીર ઇજાઓ થતાં ચોટીલા સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ આજે સવારે મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર જગુભાઇ ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. તેઓ બે ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર છે. પરિવારજનોના કહેવા મુજબ ગઇકાલે જગુભાઇ મોટરસાઇકલ લઇ ચોટીલા ખાતર લેવા ગયા હતાં. પરત ઘરે આવી રહ્યા હતાં ત્યારે ચોટીલા નજીક ઓચીંતુ રોઝડુ આડુ આવી જતાં બાઇક સ્લીપ થઇ જતાં આ અકસ્માત સર્જાયાનું પરિવારના લોકોએ કહ્યું હતું.

ત્રીજા બનાવમાં આટકોટ નજીક ચાર દિવસ પહેલા એક યુવાન વાહન અકસ્માતમાં ઇજાગ્રસ્ત થતાં તેને સારવાર માટે જસદણ અને ત્યાંથી રાજકોટ ખસેડાયો હતો. આ યુવાન શાપર ખાતે જયદિપ ક્વાર્ટર નજીક રહેતો મુળ ઉત્તર પ્રદેશનો ત્રીસ વર્ષનો રણજીત લાલસિંગ પાલ હોવાનું ખુલ્યું હતું. આ યુવાનનું સારવાર દરમિયાન મોત થયું છે. મુળ યુપીની રણજીત કેટલાક દિવસો પહેલા શાપર વેરાવળ ખાતે તેના કુટુંબી ભાઇને ત્યાં આવ્યો હતો અને કંપનીમાં નોકરીએ રહ્યો હતો. ગત ૧૪મીએ તે કામ હોવાનું કહીને નીકળ્યા બાદ આટકોટ પાસે કોઇ વાહનની ઠોકરે ચડી ગયો હતો. અજાણ્યા તરીકે સારવાર માટે ખસેડાયા બાદ તેની ઓળખ થઇ હતી. ગઇકાલે તેણે સારવારમાં દમ તોડી દીધો હતો. તે ચાર ભાઇમાં ત્રીજો હતો અને કુંવારો હતો. તે આટકોટ શું કરવા ગયો હતો? તે અંગે કુટુંબી ભાઇ જાણતો નથી.

જ્યારે અપમૃત્યુની વધુ ઘટનામાં જેમાં દેવભુમિ દ્વારકા તાબેના ભાણવડના જસાપર ગામે રહેતાં ત્રીસ વર્ષના વિજય માથુરભાઇ ધંધુકીયા નામના યુવાનને ગત ૮મીએ તે નજીકના જાંબુસર ગામે અજયભાઇ લાખાભાઇ કોળીની વાડીએ હતો ત્યારે વિજકરંટ લાગતાં દાઝી જતાં સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. અહિ દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. વિજય ત્રણ ભાઇમાં મોટો અને કુંવારો હતો. તે જાંબુસર ગામે અજયભાઇની વાડીએ થોડા સમયથી રહીને ત્યાં જ મજુરી કરતો હતો. આઠમી તારીખે લાઇટ જતાં તે ડીઓ બદલાવી રહ્યો હતો તે વખતે જ ઓચીંતો પાવર આવી જતાં ઝાટકો લાગતાં દાઝી ગયો હતો. સારવાર દરમિયાન તેનો જીવ ગયો હતો.

આ ઉપરાંત કુવાડવા રોડ પર માલિયાસણ બાયપાસ પાસે ઝૂપડામાં પરિવાર સાથે રહેતાં સત્તાવન વર્ષના રામાભાઇ વીરાભાઇ રાઠોડ એકાએક ઢળી પડતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ ટૂંકી સારવાર બાદ મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનારા રામાભાઇ છુટક ફુલ વેંચવા સાથે મજૂરી કરતાં હતાં. તે ચાર ભાઇ અને ચાર બહેનમાં વચેટ હતાં. સંતાનમાં ચાર પુત્ર અને ત્રણ પુત્રી છે. તેમને હાર્ટએટેક આવી ગયો હતો. તમામ ઘટનાઓમાં સિવિલ હોસ્પિટલની પોલીસ ચોકીના સ્ટાફે જે તે પોલીસ સ્ટેશનોમાં જાણ કરી હતી.

# બોલો લ્યો : ગોંડલમાં લાખો કટ્ટા ડુંગળી ઠલવાઈ પણ ભાવમાં ખેડૂતોને રડાવ્યા



**સપ્તાહમાં જ મણે રૂ.૨૫૦-૩૦૦નું ગાબડું :**

રાજકોટ મિરર, ગોંડલ તા.૧૮

ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં એકજ દિવસમાં ડુંગળીની રેકોર્ડબ્રેક આવક નોંધાઈ હતી.માર્કેટ યાર્ડમાં ડુંગળીનાં અંદાજે ત્રણલાખ કટ્ટાની આવક થઇ હતી. ગઈકાલ સવારથી સૌરાષ્ટ્રભરમાંથી ખેડૂતો પોતાની જણસી લઈને આવી પોહચ્યા હતા અને રાત ૯ વાગ્યા સુધીમાં અંદાજે ૨૫૦૦ થી વધુ વાહનોની ૧૦ થી ૧૨ કિલોમીટર લાંબી કતારો લાગી હતી. માર્કેટ યાર્ડમાં જગ્યા ન હોવાને કારણે હજુ પણ યાર્ડની બહાર ડુંગળી ભરેલ ૪૦૦ જેટલા વાહનોની લાઈનો લાગી છે. ત્યારે યાર્ડના સત્તાધીશો દ્વારા ડુંગળીની આવકને લઈને અન્ય કોઈ જાહેરાત ના કરવામાં આવે ત્યાં સુધી ડુંગળીની આવક બંધ કરવામાં આવી હોવાનું જણાવાયું હતું.ડુંગળીનાં ભાવ માં રુ.૨૫૦ થી ૩૦૦ નું ગાબડુ પડતા ખેડુતોને રડવાનો સમય આવ્યો છે.

ગોંડલ માર્કેટિંગ યાર્ડના સુત્રોનાં જણાવ્યાં અનુસાર માર્કેટિંગ યાર્ડમાં ડિસેમ્બર મહિનામાં માત્ર ડુંગળીના ૧૦ લાખ થી વધુ કટ્ટાની આવક થવા પામી હતી. ત્યારે ખેડુતો ને ઉંચા ભાવ મળ્યાં હતા.દરમિયાન ડુંગળીની રેકોર્ડબ્રેક આવક થતા હરાજીમાં ડુંગળીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો. જેનું એકમાત્ર કારણ સમગ્ર ભારતમાં ડુંગળીની પુષ્કળ આવકને કારણે ભાવમાં ઘટાડો થવા પામ્યો હતો. ગોંડલ યાર્ડમાં સાત દિવસ પહેલા હરાજીમાં ડુંગળીના ૨૦ કિલોના ભાવ રૂ. ૨૦૦ થી ૮૫૦ સુધી બોલાયો હતો. ત્યારે આજે યાર્ડમાં ડુંગળીની રેકોર્ડબ્રેક આવક વચ્ચે ભાવમાં તોતિંગ ઘટાડો જોવા મળ્યો હતો. આજે ડુંગળીની હરાજીમાં ૨૦ કિલોનો ભાવ માત્ર રૂ.૧૦૦ થી રૂ. ૪૮૧ સુધીનો બોલાયો હતો. માત્ર સાત દિવસની અંદર જ હરાજીમાં ડુંગળીનો ભાવ અડધો થઈ જવા પામ્યો છે. માર્કેટિંગ યાર્ડમાં ડુંગળીની પુષ્કળ આવક સાથે હરાજીમાં ડુંગળીની બજાર અડધી થઈ જતા ખેડૂતોને ડુંગળીના ઉત્પાદનમાં સોના કરતા ઘડામણ મોંઘુ જેવો ઘાટ ઘડાયો છે.

(ફોટો જીતેન્દ્ર આચાર્ય )

# ગોંડલની પરિણીતાને દહેજની માંગણી કરી પતિ સહિતના સાસરિયાએ માર્યો માર

## રાજકોટ માવતરે આવેલી સગર્ભાએ સાસરિયા વિરુદ્ધ નોંધાવી ફરિયાદ



રાજકોટ મિરર, તા.૧૮

રાજકોટના ગંજીવાડામા માવતરે આવેલી ગોંડલની પરણીતાને પતિ સહિતના સાસરીયાઓએ માર મારી ઘરમાથી કાઢી મુકતા સાસરીયાઓ વિરૂધ્ધ ત્રાસ અંગેની પોલીસમા ફરીયાદ નોંધવામા આવી છે. આ ઘટના અંગે ગોંડલ સિટી પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

હાલ ગંજીવાડા પાસે મેરામબાપાની વાડી નજીક રહેતા મુશ્કાનબેન શાહરૂખભાઈ ધંધુકીયા નામના મહિલાએ ફરીયાદમા પતિ શાહરૂખ ઈકબાલ ધંધુકીયા, સસરા ઈકબાલ કાસમ, સાસુ નરસીમબેન અને દીયર રીઝવાનભાઈ ઈકબાલભાઈ વિરૂધ્ધ ત્રાસ, મારકુટ અંગેની ફરીયાદ નોંધાવી છે.

મુશ્કાનબેને ફરીયાદમા જણાવ્યુ હતુ કે તેમના આ બીજા લગ્ન છે. તેમને સંતાનમા ૩ વર્ષનો દિકરો છે. તેમજ પોતે ૪ મહીનાથી સગર્ભા છે. પતિ ડુંગળી વેચે છે.

મુશ્કાનબેને વધુમાં જણાવ્યુ હતુ કે ૨૦૨૦ની સાલમા તેઓએ શાહરૂખ સાથે જ્ઞાતિના રીવાજ મુજબ લગ્ન કર્યા હતા. લગ્નના ૩ મહીના બાદ સાસુ, સસરા અને દીયર પતિની ચડામણી કરી કહેતા કે તુ ધંધે જવાનુ બંધ કરી દે અને તારી ઘરવાળીને કહે કે માવતરેથી દહેજ લઈ આવે. જેથી મુશ્કાન બેન અને તેના પતિ વચ્ચે ઝઘડાઓ થતા હતા અને પતિ ક્યારેક ક્યારેક કામ ધંધો કરતો હતો. તેમજ તેમને કામધંધે જવાનુ કહેતા પોતે ગુસ્સે થઇ મુશ્કાનબેનને માર મારતો હતો.તા.

ગત તા.૧૦/૧૨ ના રોજ રાત્રીના સમયે મુશ્કાનબેન ઘરે એકલા હતા ત્યારે તેનો પતિ બહારથી ઘરે આવ્યો અને તારા માવતરના ઘરેથી તુ બે લાખ રૂપિયા દહેજ પેટે લઈ આવ. તેમ કહેતા મુશ્કાબેને પોતે માવતર નહી જાય તેમ કહ્યુ હતુ. ત્યારબાદ તેમને ઢીકાપાટુનો મુંઢ માર માર્યો હતો. દરમિયાન પાછળથી સાસુ અને દીયર તેમજ સસરા આવી ગયા હતા અને તેઓએ એકસંપ થઈ કહેવા લાગ્યા કે તારે અહીં રહેવુ હોય તો તારા માવતરેથી કીધુ એટલુ દહેજ લઈ આવ નહીંતર તારે અહીં નથી રહેવાનુ.

ત્યારબાદ સાસુ સસરા અને દીયરએ મુશ્કાનબેનને ઢીકા પાટુનો માર માર્યો હતો. જેથી તેઓને પાડોશમા રહેતા જુમ્માભાઈ અને હાજુબેન બંનેએ વચ્ચે પડી તેમને બચાવ્યા હતા. ત્યારબાદ સાસરીયાઓએ આ વાત કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને બાદમા રાજકોટ ગંજીવાડા પાસે રહેતા માવતર ગોંડલ આવી મુશ્કાનબેનને પોતાના ઘરે લઈ ગયા હતા. જયા મુશ્કાનબેનની તબીયત બગડતા તેઓને રાજકોટની સરકારી હોસ્પિટલમા સારવાર માટે ખસેડયા હતા. આ ઘટના અંગે મુશ્કાનબેને ગોંડલ સીટી પોલીસ મથકમા ફરીયાદ નોંધાવી હતી.

# કોટડા સાંગાણીના નાના માંડવા પ્રા. શાળાના આચાર્યને અપાયું વિદાયમાન




રાજકોટ મિરર, ગોંડલ તા.૧૮

કોટડા સાંગાણી તાલુકાના નાના માંડવા પ્રા. શાળામાં આચાર્ય તરીકે ફરજ બજાવતા છગનભાઇ સોલંકી વય મર્યાદાના કારણે નિવૃત થતાં તેઓના વિદાય સમારંભનુ આયોજન કરાયું હતું. નાના માંડવા પ્રા. શાળામાં છેલ્લા ૨૬ વર્ષથી આચાર્ય તરીકે ફરજ બજાવતાં પોતાના કાર્યકાળ દરમિયાન વિધાર્થીઓ ઘડતરમાં મહત્વનો ફાળો રહ્યો હોય ગ્રામજનો દ્વારા ધામધૂમ પૂર્વક વિદાય આપવામાં આવી હતી તેમજ મહેમાનો દ્વારા મૂવમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે કો. સાંગાણી ભાજપ અગ્રણી ગોપાલભાઈ રાઠોડ તાલુકા શિક્ષણ અધિકારી કેરાળીયા, ગોંડલ યુવા ભાજપ ઉપપ્રમુખ કુલદીપસિંહ જાડેજા, સર્વ કર્મચારીગણ સહિત મોટી સંખ્યામા ગ્રામજનો હાજર રહયા.

(ફોટો : કુલદીપસિંહ જાડેજા )

# મકરસંક્રાંતિ નિમીતે સમગ્ર રાજ્યમાં કતલખાનાઓ બંધ રાખવા માંગણી

## ગુજરાત સહીત તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને કરાઈ રજૂઆત



રાજકોટ મિરર, તા.૧૮

હિન્દુ ધર્મના અતિ પવિત્ર તહેવાર મકરસંક્રાંતિ નિમીતે સમગ્ર રાજ્યમાં કતલખાનાઓ બંધ રાખવા, માંસ મટન, ઈંડા, ચીકન, મચ્છીનાં વેચાણ બંધ રાખવા અંગે તમામ રાજ્યના મુખ્યમંત્રીને મિતલ ખેતાણીની રજૂઆત

મકરસંક્રાંતિ હિન્દુ ધર્મનો મહત્વપૂર્ણ તહેવાર છે. તેને શુભ કાર્યો માટે શ્રેષ્ઠ ગણવામાં આવે છે. આ સમયગાળો દાન, પુણ્ય અને યાત્રાઓ માટે ઉત્તમ માનવામાં આવે છે. આ પવિત્ર તહેવાર નિમિત્તે લોકોની ભાવનાઓને હાનિ ન પહોચે તે માટે હિન્દુ ધર્મના અતિ પવિત્ર તહેવાર મકરસંક્રાંતિ નિમીતે સમગ્ર રાજ્યમાં કતલખાનાઓ બંધ રાખવા, માંસ મટન, ઈંડા, ચીકન, મચ્છીનાં વેચાણ બંધ રાખવા અંગે તમામ રાજ્યના મુખ્યમંત્રીને મિતલ ખેતાણી દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

આ સાથે જ માંસ, મટન, ઈંડા, ચીકન, મચ્છીનાં વેચાણ પર પ્રતિબંધ ફરમાવવા, તેનું કડક અમલીકરણ કરાવવા અને આ જાહેરનામાની બહોળી પ્રસિધ્ધિ કરાવવા ભારત સરકારના પશુપાલન મંત્રાલયનાં માનદ સલાહકાર સમિતિ સભ્ય મિતલ ખેતાણી દ્વારા તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓને રજૂઆત કરવામાં આવી છે.

# ગોંડલમાં નળથી જળ યોજનામાં ભ્રષ્ટાચારના આક્ષેપોની વિજિલન્સ તપાસનો ધમધમાટ શરુ

## વિજિલન્સ અધિકારીઓએ અરજદારોને સાથે રાખીને મોવિયા ગામમાં કર્યુ ચેકિંગ



રાજકોટ મિરર, ગોંડલ તા.૧૮

સરકાર દ્વારા દરેક નાગરિકોને શુદ્ધ પીવાનું પાણી પૂરું પાડવા માટે શરૂ કરવામાં આવેલી નલ સેજલ યોજના ભ્રષ્ટાચારની ગંગોત્રી સાબિત થઈ છે. આ યોજનામાં અનેક જગ્યાએ નળ તો લાગી ગયા છે પરંતુ તેમાંથી જળ આવવાના બદલે ભ્રષ્ટાચારની ગંધ આવી રહી છે. આવો જ એક કિસ્સો ગોંડલના મોવિયા ગામથી પ્રકાશમાં આવ્યો છે.

ગોંડલ તાલુકાના મોવિયા ગામે નલસે જલ યોજનામાં ભ્રષ્ટાચારના આક્ષેપોને લઈને તપાસનો ધમધમાટ શરૂ થયો છે. મોવિયા માં એન.આર. ડી.ડબ્લ્યુ.પી યોજના ''નલસે જલ''ના કામોમાં ભ્રષ્ટાચારની ઉચ્ચક્ષાએ માજી સરપંચની લેખિત રજૂઆતને લઈને તપાસના આદેશ થયા છે. માજી સરપંચ વાઘજીભાઈ પડારીયા અને ગામના આગેવાન શૈલેષભાઈ ઠુંમર દ્વારા યોજનામાં ભ્રષ્ટાચાર અંગે તપાસની માંગ કરી હતી. જેને લઇ ને વિજિલન્સ દ્વારા તપાસ નો ધમધમાટ શરુ થયોછે. મોવિયામાં રૂપિયા ૩,૩૬,૭૩,૭૧૩/- ના ખર્ચે સાકાર થઈ રહેલ યોજનામાં ભ્રષ્ટાચાર થયા ની ગાંધીનગર સુધી રજૂઆત થતા મોવિયા માં છેલ્લા ત્રણ દિવસથી વિજિલન્સના અધિકારીઓનો તપાસનો ધમધમાટ શરૂ થયો છે. અધિકારીઓએ અરજદારોને સાથે રાખીને ગામમાં અનેક વિસ્તારમાં જમીનમાં દાટેલ પાઈપલાઈનોની ખોદીને પણ તપાસ કરી રહ્યા છે.

યોજનામાં સરપંચ અને તેમના મળતીયા દ્વારા ખોટી માહિતી આપીને ગ્રામજનોને વિશ્વાસમાં લીધા વિના વધારો કર્યો હોવાના અરજીમાં આક્ષેપો થયા છે. કરોડોની યોજનામાં ભ્રષ્ટાચાર સાબિત થશે તો ગ્રામ પંચાયત સતાધીશો સામે આકરા પગલાની શક્યતાઓ છે.

(ફોટો : જીતેન્દ્ર આચાર્ય)

### દરેક ક્ષેત્રે પુરૂષ સમોવડી અને ક્યાંક પુરૂષ કરતાં પણ આગળ નીકળી ગયેલી મહિલા આમાં'ય પાછળ નથી!

# ચોવીસ વર્ષની નાર એક્ટીવામાં દારૂની બાટલીઓ સાથે પકડાઇ!

## ખોડિયારપરાની યુવતિને કોઠારીયા રોડ પર નંબર વગરના વાહનમાં પાંચ બોટલ સાથે પકડી લેવાઇ: પોલીસથી બચવા બૂટલેગરો હવે યુવતિઓનો ઉપયોગ કરતાં થયા!

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૮**

રાજકોટ: પુરૂષ સમોવડી બની ગયેલી અને અમુક ક્ષેત્રોમાં તો પુરૂષ કરતાં પણ નારી આગળ વધી ચુકી છે. સારા કામોમાં ઉદ્યોગો, નોકરીઓમાં નારીઓ આગળ વધે તો તે ગૌરવની વાત ગણી શકાય. પરંતુ ડ્રગ્સ કે દારૂ કે બીજા પદાર્થોની હેરાફેરી અને બીજા ગેરકાયદે કૃત્યોમાં પણ જો નારીઓ સામેલ થઇ જાય તો ચકચાર મચતી હોય છે. રંગીલા રાજકોટ શહેરમાં અગાઉ પોલીસે એવી યુવતિઓ, મહિલાઓને પકડી હતી જે માદક પદાર્થના હેરાફેરીમાં પેડલર, સપ્લાયર તરીકે કામ કરતી હતી. દરમિયાન હવે મહિલાઓ વિદેશી દારૂની બોટલોની ડિલીવરી કરવા વાહન લઇને નીકળતી થઇ ગઇ છે! આવી એક યુવતિને ભક્તિનગર પોલીસે પાંચ બોટલ દારૂ સાથે પકડી લીધ હતી.

વિગતો પર નજર કરીએ તો દારૂ તેમજ માદક પદાર્થની હેરાફેરીમાં મહિલાઓ, સગીરોનો પણ ઉપયોગ થવા માંડ્યો છે એ સૌ જાણે છે. દારૂની વાત આવે તો મહિલાઓ મોટે ભાગે દેશી દારૂ જ વેંચતી હતી અને ઘર બેઠા તે આવુ કરતી હતી. પરંતુ હવે ઇંગ્લીશ દારૂની બોટલોની હેરાફેરી પણ મહિલાઓ કરતી થઇ થઇ ગઇ છે. શહેરના ભક્તિનગર પોલીસની ટીમે કોઠારીયા રોડ પર માનવ ધર્મ આશ્રમ પાસેથી એક યુવતિને નંબર વગરના એક્ટીવામાં દારૂની પાંચ બોટલ સાથે પકડી લીધી હતી. વધુ માહિતી અનુસાર ભક્તિનગર પોલીસની ટીમ વાહન ચેકીંગમાં હતી ત્યારે માનવ ધર્મ આશ્રમ પાસે નંબર વગરના એક્ટીવા પર એક યુવતિ શંકાસ્પદ રીતે પસાર થતાં તેને અટકાવી તેના વાહનની તલાસી લેતાં રૂા. ૩ હજારની કિંમતની મેકડોવેલ્સ નંબર-૧ બ્રાન્ડની પાંચ બોટલ મળતાં ગુનો નોંધાયો હતો. પુછતાછમાં તેણીએ પોતાનું નામ શિતલ કાળુભાઇ ડાભી જણાવ્યું હતું. ચોવીસ વર્ષની આ યુવતિએ પોતે પુનિતનગર પાણીના ટાંકા પાસે ખોડિયારપરા-૪માં મજબુતસિંહ ઉર્ફ હકાભાઇ દરબારના મકાનમાં રહેતી હોવાનું પણ કહ્યું હતું.



PCBએ દેશીદારૂના ધંધાર્થીઓ પર બોલાવી ધોંસ: એક ડોસી સહિત પાંચ પકડાયા: દારૂની ભઠ્ઠીઓ પણ મળી

પોલીસે આ યુવતિ પાસેથી દારૂની બોટલો, એક્ટીવા, મોબાઇલ ફોન મળી રૂા. ૪૩ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ યુવતિ ચાર ભાઇ બહેનના પરિવારમાં રહે છે. તેણીના પિતા હયાત નથી. અગાઉ હાર્ડવેરના કારખાનામાં તે કામ કરતી હતી. હાલમાં કોઇ કામ ન હોઇ અને પૈસાની જરૂર હોઇ હેરાફેરીમાં સામેલ થયાનું તેણીએ રટણ કર્યુ હતું. આ બોટલો તે કોની પાસેથી લઇ આવી અને કોને પહોંચાડવા જતી હતી? તે અંગે યોગ્ય ખુલાસો ન કરતાં મહિલા પોલીસ કર્મચારીની હાજરીમાં તેની વિશેષ પુછતાછ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. ભક્તિનગરના પોલીસ ઇન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ સરવૈયાની સુચના અનુસાર ડી. સ્ટાફની ટીમ વાહન ચેકીંગની કાર્યવાહીમાં હતી ત્યારે પીએસઆઇ વસાવા, હેડકોન્સ. નરેન્દ્રભાઇ ગઢવી, નિખીલભાઇ પીરોજીયા સહિતે વાહન ચેકીંગ દરમિયાન આ કામગીરી કરી હતી. યુવતિની પુછતાછમાં સપ્લાયર અને મંગાવનારના નામ બહાર આવશે.

બીજી તરફ દારૂની બદ્દી નાબુદ કરવાની અને જૂગારની પ્રવૃતિ ડામવાની જેની ખાસ જવાબદારી છે તે પીસીબીએ વિદેશી દારૂના ધંધાર્થીઓ બાદ દેશી દારૂના ધંધાર્થીઓ ઉપર ત્રાટકવાનું ચાલુ રાખ્યું છે. દારૂની ભઠ્ઠી તથા તૈયાર દારૂના પાંચ કેસ એક જ રાતમાં કર્યા હતાં. કોઠારીયા કોલોની ક્વાર્ટર નં. ૧૪ પવનપુત્ર ચોક સોરઠીયાવાડી બગીચા પાસેથી બેબીબેન પ્રવિણભાઇ પરમાર પાંસઠ વર્ષની વૃધ્ધાને રૂા. ૧૦૦૦ના પાંચ લિટર દારૂ સાથે પકડવામાં આવી હતી. કોઠારીયા રોડ સ્વાતિ પાર્ક મેઇન રોડ વિવેક રેફ્રીજરેશન સામે રહેતાં બેતાલીસ વર્ષના રામજી જગુભાઇ વાઘેલાના ઘરમાં દરોડો પાડી દેશી દારૂની ભઠ્ઠી પકડી લઇ દારૂ, આથો, સાધનો મળી ૧૯૨૫૦નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. આ ઉપરાંત યુવરાજનગર મફતીયાપરા-૨માંથી પિસ્તાલીસ વર્ષના પ્રેમજી રવજીભાઇ સાડમીયાને રૂા. ૨૦૦૦ના ૧૦ લિટર દેશી દારૂ સાથે પકડી લેવાયો હતો. યુવરાજનગર-૧માં એકવીસ વર્ષના શૈલેષ મુન્નાભાઇ પરમારને ઘરમાં દારૂની ભઠ્ઠી ચલાવતાં પકડી દારૂ, આથો, સાધનો મળી ૩૭૨૫નો મુદ્દામાલ કબ્જે કરાયો હતો. જ્યારે માંડા ડુંગર પાસે પીઠડઆઇ સોસાયટી-૧માં આડત્રીસ વર્ષના સંજય કરમશીભાઇ ડાભીના ઘરમાં દરોડો પાડી તેને રૂા. ૩૦૦૦ના ૧૫ લિટર દારૂ સાથે પકડી લેવાયો હતો. પીસીબીના પોલીસ ઇન્સ્પેક્ટર એમ.આર. ગોંડલીયા, પીએસઆઇ હુણ, ત્રાજીયા, એએસઆઇ મયુરભાઇ, સંતોષભાઇ, મહિપાલસિંહ, હરદેવસિંહ, હેડકોન્સ. ઘનુભા, કરણભાઇ, કિરતસિંહ, વિરૂભા, હરદેવસિંહ, કુલદિપસિંહ, રાહુલગીરી, ગિરીરાજસિંહ, યુવરાજસિંહ, વિજયભાઇ, નગીનભાઇ, દેવરાજભાઇ, વાલાભાઇ, હિરેનભાઇ, મનિષાબેને આ તમામ દરોડાની કામગીરી કરી હતી.

# નામચીન બૂટલેગર વિપુલ બગથરિયાને પાસા જેલમાં ધકેલાયો

### અગાઉ ૧૬ ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચૂક્યો છે વિપુલ : અમદાવાદની જેલમાં મોકલાયો



રાજકોટ મિરર, તા.૧૮

અગાઉ ૧૬ ગુન્હામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા મવડી વિસ્તારમાં નામચીન બુટલેગરને માલવીયા પોલીસે પાસા તળે પકડી પાડી અમદાવાદ જેલ હવાલે કર્યો છે.

પોલીસ કમીશનર બ્રજેશ ઝા, ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવા, એસીપી બી.જે. ચૌધરી દ્વારા શરીર સંબંધી ગુનાની ટેવવાળા શખ્સો ગુનો કરતા અચકાય અને ગુનાઓ પર અંકુશ આવે માટે માલવીયા પોલીસ મથકનાં પીઆઇ જે.આર. દેસાઇ દ્વારા આવા શખ્સો વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમીશનર બ્રજેશ ઝા દ્વારા પાસા દરખાસ્ત મંજુર કરતા મવડીના વિશ્વનગર આવાસ યોજના કવાર્ટર બ્લોક નં.૨૮ ત્રીજા માળે રહેતા વિપુલ પ્રવિણભાઇ બગથરીયાને અમદાવાદ જેલમાં ધકેલી દેવામાં આવ્યો હતો. વિપુલ વિરૂધ્ધ હત્યાના પ્રયાસ, આર્મસ એકટ, મારામારી, કાવતરૂ ઘડવું સહીત ૧૬ ગુન્હા પોલીસમાં નોંધાયા છે.

વિપુલને દબોચવા માટે માલવીયા પોલીસના પીઆઇ જે. આર. દેસાઇ, પીએસઆઇ ડી.એસ. ગજેરા, એએસઆઇ દિપકભાઇ રાઠોડ, હિરેનભાઇ પરમાર અને પીસીબીના પીઆઇ ગોંડલીયા, પીએસઆઇ એમ.જે. હુણ, રાજુ દહેકવાળ સહીતનો સ્ટાફ જોડાયો હતો.

**હત્યા માટે જુનાગઢના લાલાને રૂ. ૫૦ લાખની સોપારી આપી હોવાની ફરિયાદ કરનાર**

# રાજકોટના વિજયસિંહ જાડેજાએ માગ્યું રક્ષણ, હત્યાની દર્શાવી આશંકા

### માલવિયાનગર પોલીસ અગાઉની સોપારીવાળી ફરિયાદમાં પણ ફીફા ખાંડતી હોવાનો વિજયસિંહ જાડેજાનો આક્ષેપ

રાજકોટ મિરર, તા.૧૮

જુનાગઢના લાલા મુસ્લિમ નામનાં ભાડુતી માણસને રૂ. ૫૦ લાખની સોપારી આપી હત્યા કરવાના કારસાની થોડા દિવસો પહેલા પોલીસમાં ફરિયાદ કરનાર શહેરના વિજયસિંહ જાડેજાએ હવે પોતાને રીબડાના શખ્શો મારી નાખશે તેવી શંકા વ્યક્ત કરી પોલીસ પાસે રક્ષણ માંગ્યું છે.



શિવનગરમાં રહેતા પિતૃકૃપા ટ્રાવેલ્સના સંચાલક વિજયસિંહ ભરતસિંહ જાડેજાને હરિફ ટ્રાવેલ્સ માતૃકૃપાના સંચાલક સાથે ચાલતી તકરારમાં વિજયસિંહ જાડેજાને મારી નાખવા માટે જૂનાગઢના એક ભાડુતી હત્યારાને ૫૦ લાખની સોપારી આપવામાં આવી હોય જે મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ હોય ભાડુતી હત્યારાએ સમગ્ર પ્રકરણનો ભાંડો ફોડી દીધો હોય આ મામલે પિતૃકૃપા ટ્રાવેલ્સના સંચાલકે પોલીસ કમિશનર સમક્ષ હરિફ ધંધાર્થી સામે પોલીસ રક્ષણ માંગી આ મામલે માલવિયાનગર પોલીસે કાર્યવાહીમાં ઢીલીનીતિ રાખી હોવાનો આક્ષેપ કર્યો છે.

પિતૃકૃપા ટ્રાવેલ્સના વિજયસિંહ ભરતસિંહ જાડેજાએ પોલીસ કમિશનરને કરેલી રજૂઆતમાં જણાવ્યા મુજબ તેઓ કોંગ્રેસના વોર્ડ નં. ૧૩ના પ્રમુખ હોય અને રાજકોટ ટ્રાવેલસ એસોસીએશનના પ્રમુખ પણ હોય તેમના હરિફ ધંધાર્થી પિતૃકૃપા ટ્રાવેલ્સના સંચાલક રિબડાના માથાભારે માતૃકૃપા ટ્રાવેલ્સવાળા મેહુલસિંહ જાડેજા, રાહુલસિંહ જાડેજા વચ્ચે રાજકોટથી પોરબંદર ટ્રાવેલ્સ ચલાવવા બાબતે તકરાર ચાલુ હોય અગાઉ પણ આ ટ્રાવેલ્સ વાળાઓએ વિજયસિંહની ટ્રાવેલ્સની બસના કાંચ તોડી નાખ્યા હતાં.

ગત તા. ૧૪-૧૨ના રોજ મેહુલસિંહ અને રાહુલસિંહના કહેવાથી જૂનાગઢના લાલા નામના શખ્સે વિજયસિંહને મારી નાખવા માટે કાવતરુ રચ્યું હોય આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ હોય અને માલવિયાનગર પોલીસ તેની તપાસ કરી રહી છે.

આ ઘટના બાદ વિજયસિંહ જાડેજાએ માતૃકૃપા ટ્રાવેલ્સના સંચાલકો તેમની હત્યા કરશે તેવી દહેશત વ્યક્ત કરી પોલીસ રક્ષણ માંગ્યું છે. તેમજ આ અંગેની તપાસ ક્રાઈમ બ્રાંચને સોંપવા પણ માંગ કરી છે.

# જેતપુરમાં જુગાર દરોડો ૪ પત્તાપ્રેમીઓ ઝડપાયા

રાજકોટ મિરર, તા.૧૮

રાજકોટ રૂરલ એલસીબીએ બાતમીના આધારે જેતપુરના ભોજાધાર વિસ્તારમાં જુગાર દરોડો પાડીને ૪ તાસપ્રેમીને રોકડ-મોબાઈલ મળી રૂ.૩૦,૦૫૦ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા.

પ્રાપ્ત વિગતો મુજબ રાજકોટ રેન્જના પોલીસ મહાનીરીક્ષક અશોકકુમાર યાદવ તથા રાજકોટ ગ્રામ્ય જીલ્લાના પોલીસ અધિક્ષક હિમકરસિંહએ પ્રોહિબિશન-જુગારની બદીઓ નાબુદ કરવા કરવા સુચના આપી હતી. જે અન્વયે રાજકોટ રૂરલ એલસીબીના પીઆઈ વી.વી.ઓડેદરા, પીએસઆઈ એચ.સી.ગોહિલના માર્ગદર્શન મુજબ એલ.સી.બી. સ્ટાફ જેતપુર સીટી વિસ્તાર પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન હેડ કોન્સ. દિવ્યેશ સુવા, નિલેશ ડાંગર, રાજુભાઇ સાંબડા, હરેશ પરમારને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે જેતપુર સીટી પોલીસ સ્ટેશનના ભોજાધાર વિસ્તારમાંથી જાહેરમાં જુગાર રમતા ચાર શખ્શોને રોકડ તેમજ ૪ મોબાઈલ મળી રૂ. ૩૦,૦૫૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પકડાયેલા શખ્સોમાં પીન્ટુ ઉર્ફ પીન્ટો ચીનાભાઈ ગોહેલ (રહે. જેતપુર ભોજાધાર ખોડીયાર માતાના મંદીર પાસે), કીશોર ઉર્ફ ટોની મનસુખભાઈ બારૈયા (રહે. જેતપુર બાપુની વાડી અભીસેક સ્કુલ પાસે જેતપુર), હરેશ ઉર્ફ મુનો ધુસાભાઈ ધામેચા ( રહે. ચાંપરાજપુર ગામ હુડકો સોસાયટી જેતપુર) તેમજ અરવિદભાઈ છગનભાઈ મકવાણા (રહે. જેતપુર ભોજાધાર વિસ્તાર હનુમાન મંદીર પાસે)નો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતું. જુગાર દરોડા દરમિયાન રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. રાજકોટ ગ્રામ્ય પોલીસ ઈન્સ.શ્રી વી.વી.ઓડેદરા પો.સ.ઇ.શ્રી એચ.સી.ગોહિલ તથા એ.એસ. આઇ. અનિલભાઇ બડકોદીયા, તથા બાલકૃષ્ણભાઇ ત્રિવેદી તથા પો.હેડ કોન્સ. દિવ્યેશભાઇ સુવા, નિલેષભાઇ ડાંગર, રાજુભાઇ સાંબડા, હરેશભાઇ પરમાર, શક્તિસિંહ જાડેજા, અરવિંદસિંહ જાડેજા, કૌશિકભાઇ જોષી, તથા ડ્રા.પો.કોન્સ. અબ્દુલરસીદ શેખ રોકાયા હતા.

# માધાપરના પિતા-પુત્ર સામે રૂ.૧૭.૭૧ લાખની ઠગાઈની ફરિયાદ

### ડીસ્પોઝલ વાટકા બનાવવાનો કાચો માલ આપવાના બહાને અનેક પાસેથી ડીપોઝીટ ઉઘરાવી કરી છેતરપીંડી

રાજકોટ મિરર, તા.૧૮

શહેરના જુનો ગોપ વંદના સોસાયટી શેરી નંબર-૩, મિલન હોલ પાસે નહેરુનગર ૮૦ ફૂટ રોડ રહેતા સુરેશભાઈ દેવાભાઈ જોગરાણા નામના યુવાને પોતાને તેમ જ અન્ય સાથે રૂપિયા ૧૭,૭૧,૦૦૦૪૦૯ ની છેતરપિંડી થયાની ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે તેમજ આરોપી તરીકે હેમલ બીપીન વાસાણી અને બિપિન વાસાણીના નામ આપ્યા છે. પોલીસ ફરિયાદમાં સુરેશ દેવા જોગરાણાએ જણાવ્યું છે કે આજથી એકાદ વર્ષ પહેલા પોતાને ડિસ્પોઝલ વાટકા બનાવવા માટેનું મશીન લેવાનું હોવાથી તેમણે મોટાભાઈ સંજય જોગરાણા સાથે રાખીને બંને કેવલ એન્ટરપ્રાઇઝ માધાપર ગામ, મેઈન ગેટની અંદર, શેરી નંબર ૨ માં આવેલ હોય ત્યાં ગયા હતા. અહીં હેમલભાઈ બીપીનભાઈ વાસાણી તેમજ તેમના પિતા બીપીનભાઈ વાસાણી રહેવાસી બંને સિલિનિયમ સેટી, ડી-૩૦૧, પરેશભાઈ શેઠના મકાનમાં ભાડેથી માધાપર ચોકડી) વાળા બંને હાજર હતા અને મશીન બતાવ્યું હતું.

આ સમયે બાપ-દીકરાએ કહ્યું હતું કે હું તમને કાચો માલ આપીશ જે તૈયાર કરીને મને જ આપવો પડશે અને જેની મજૂરી હું તમને ચૂકવી દઈશ. પરંતુ તેની સામે ડિપોઝીટ રૂપિયા એક લાખ પૂરા આપવા પડશે તમારે મશીન લેવાના હોય તો મશીન ૨ લાખ ૫૦ હજાર પુરા આપવા પડશે તેવી વાત કરેલ. આવી વાત થયા બાદ ફરિયાદી યુવાને અઢી લાખ રોકડા આપ્યા હતા. બાદમાં બે દિવસ પછી તેઓને મશીન મોકલાવેલ હતા

એક મહિના સુધી પિતા-પુત્ર એ કાચો માલ મોકલાવતા ફરિયાદી યુવાન માલ તૈયાર કરીને તેમને મોકલી દેતા હતા. પરંતુ પાછળથી કાચો માલ મોકલવાનો બંધ કરી દેતા આ પિતા પુત્રનો સંપર્ક કરવા અનેક વખત કોશિશ કરવામાં આવી હતી. પરંતુ સંપર્ક થતો ન હતો, બીજી બાજુ એવું જાણવા મળ્યું હતું કે પિતા-પુત્ર એ અન્ય સાથે પણ આવી રીતે છેતરપિંડી કરીને પોતાનું માધાપર ખાતે આવેલું ગોડાઉન બંધ કરી દીધું હતું. પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ આ પિતા પુત્ર એ રાજકોટના રમેશભાઈ દિનેશભાઈ ગોસ્વામી પાસેથી રૂ. ૧.૩૦ લાખ, વિશાલ હરેશભાઈ ગોધાણીયા પાસેથી રૂ. ૪૩૪૦૯, ધવલ વિનોદ ભંડેરી પાસેથી રૂપિયા ૨ લાખ, પારસભાઈ પ્રવીણભાઈ સોજીત્રા પાસેથી રૂપિયા ૧.૬૦ લાખ, ઘનશ્યામભાઈ સવજીભાઈ સોજીત્રા પાસેથી રૂપિયા ૧.૫૦ લાખ, બાબુભાઈ માવજીભાઈ મકવાણા પાસેથી રૂપિયા ૧.૩૦ લાખ, જયપાલસિંહ નીરુભા જાડેજા પાસેથી રૂપિયા ૨ લાખ, અનિલભાઈ કેશવજીભાઈ ઝાલા પાસેથી રૂપિયા ૧.૩૩ લાખ, દીપકભાઈ ચમનભાઈ ખૂટ પાસેથી રૂ. ૩ લાખ, કમલેશભાઈ દિનેશભાઈ ગોસ્વામી પાસેથી રૂ.૨.૨૫ લાખ એમ આ બધા મળીને કુલ રૂપિયા ૧૭,૭૧,૪૦૯ ની છેતરપીંડી કરી કોઈ જાતનો કાચો માલ ના આપી, ડિપોઝિટ પેટેના પૈસા પણ પરત ન આપતા આ બારાની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસે તપાસ હાથ ધરી છે.

**રાજકોટની યુંનીકેર હોસ્પીટલના ડો.જીગીશ દોશીની ગંભીર બેદરકારી**

# દોલતપરાની યુવતીના ડાબા પગને બદલે જમણા પગનું કરી નાખ્યું ઓપરેશન

### ગાંધીગ્રામ પોલીસે તબીબ સામે નોંધ્યો ગુન્હો : તબીબી આલમમાં ચકચાર

રાજકોટ મિરર, તા.૧૮

દોલતપરા વિસ્તાર જુનાગઢની યુવતીએ પોતાની સાથે રાજકોટના ડોક્ટરે બેદરકારી દાખવીને ડાબા પગને બદલે જમણા પગનું ઓપરેશન કરીને ગંભીર ભૂલ દાખવવાનો ગુનો કરવા બદલ શહેરના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં સપનાબેન મહેશભાઈ પટોડીયા (ઉં. વર્ષ ૨૦) એ જણાવ્યું છે કે પોતે જુનાગઢના દોલતપરા વિસ્તારમાં તેમના માતા-પિતા સાથે રહે છે અને હાલ મારુતિ ફોરવીલ પરફેક્ટના શોરૂમમાં નોકરી કરે છે. આજથી ૧૦ વર્ષ પહેલાં જૂનાગઢ ખાતે ગણેશ વિસર્જન સમયે ટ્રક પલટી જતા તેમને ડાબા પગે સામાન્ય ઈજા થઈ હતી. જે તે વખતે કોઈ સારવાર કરાવી ન હતી. ત્યારબાદ ડાબા પગે ગોઠણથી નીચેના ભાગે દુ:ખાવો થયા કરતો હતો. જેથી જુનાગઢ ખાતે ડોક્ટર નિકુંજ ઠુંમરને બતાવતા સોનોગ્રાફી કરાવતા પગમાં લોહીની ગાંઠ થઈ ગઈ હોવાનું બહાર આવતા સારવાર માટે કોઈ વાસ્ક્યુલર સર્જન-ડોક્ટરને બતાવવું પડે તેવી સલાહ આપી હતી,

દરમિયાન મોબાઈલમાં ગુગલ ઉપર સર્ચ કરતા યુનિકેર હોસ્પિટલ રાજકોટનું સરનામું આવતા સપના બેને અહીં ત્રીજી એપ્રિલના રોજ જામનગર રોડ ઉપર આવેલ નાગેશ્વર વિસ્તારમાં આવેલી યુનિકેર હોસ્પિટલમાં પોતાના પગની સારવાર માટે મુલાકાત લીધી હતી. અહીંના ડોક્ટર જીગીશ દોશીએ પગ જોઈ-તપાસીને ડાબા પગમાં ઓપરેશન કરવાનું હતું તેને બદલે જમણા પગમાં દર્દીને કોઈપણ મંજૂરી લીધા વગર ઓપરેશન કરી નાખ્યું હતું. પરિણામે ડોક્ટરની ગંભીર બેદરકારી બહાર આવતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં અરજી કરી હતી. આવી અરજી બાદ તબીબી તપાસ કમિટીનો રિપોર્ટ આવી જતા અને કમિટીએ અભિપ્રાય આપ્યો હતો કે સપનાબેન પટોળિયાના જમણા પગમાં પોપલીટીલ આર્ટરી એન્ટરમેન્ટ સિન્ડ્રોમની તકલીફને લીધે ઓપરેશન કરવા બદલ ડોક્ટરની બેદરકારી નકારી શકાય નહીં અને આવું ઓપરેશન શંકાસ્પદ લાગતા આ બારાની ફરિયાદ નોંધાવી ફરજ પડી છે ગાંધીગ્રામ પોલીસે ડોક્ટર જીજ્ઞેશ દોશી સામે ગંભીર બેદરકારીનો ગુનો નોંધી તેમની ધરપકડ કરવાની તજવીજ શરૂ કરી.

# દારૂના ૪ દરોડામાં ૧૦.૧૪ લાખના મુદ્દામાલ સાથે ૩ ઝડપાયા: ૧ની શોધખોળ

### આજીડેમ, ગાંધીગ્રામ-૨ યુનિ., ભક્તિનગર પોલીસના દરોડા : દારૂની ૧૭૨ બોટલ કબજે




રાજકોટ મિરર તા.૧૮

આજીડેમ, ગાંધીગ્રામ-૨ યુનિ. તેમજ ભક્તિનગર પોલીસે શહેરમાં જુદીજુદી ૪ જગ્યાએ દરોડા પડી, ત્રણ શખ્સણે રૂ. ૧૦.૧૪ લાખના મુદ્દામાંલ સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. દરોડા દરમિયાન એક શખ્સ નાસી જતા પોલીસે તેમની શોધખોળ આદરી છે. પ્રાપ્ત વિગત મુજબ ગાંધીગ્રામ-૨ યુનિ.પોલીસના કોન્સ્ટેબલ વનરાજભાઈ લાવડીયા તેમજ કોન્સ્ટેબલ ગોપાલસિંહ જાડેજા પેટ્રોલિંગ દરમિયાન સાધુવાસવાણી રોડ દર્શન પાર્ક પાસે આવતા બાતમી મળી હતી કે ત્રિલોક પાર્ક આવાસ યોજના ક્વાર્ટર બ્લોક નંબર ૧૭ ની પાછળ ખુલ્લી જગ્યામાં એક શખ્શ પાસે વિદેશી દારૂના જથ્થા સાથે ઉભો છે.

પોલીસે બાતમી વાળી જગ્યાએ પોલીસે ત્રાટકી એક શકમંદ શખ્સની પૂછપરછ દરમિયાન પોતે વનરાજ ઉર્ફે વનું હિતેશભાઈ પરમાર (રહે. ત્રિલોક પાર્ક આવાસ યોજના, બ્લોક નંબર ૧૭ ક્વાર્ટર નંબર ૯૮૦, સાધુ વાસવાની રોડ હોવાનું જણાવ્યું હતું. પોલીસે થેલો તપાસતા તેમાં વિદેશી દારૂની ૬ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ. ૪,૪૩૬નો મુદ્દામાલ કબજે કરી ધોરણસર કાર્યવાહી કરી હતી.

બીજા દરોડામાં આજીડેમ પોલીસના કોન્સ્ટેબલ હરપાલસિંહ જયુભા જાડેજા, કોન્સ્ટેબલ દિવ્યરાજસિંહ જાડેજા, વિરેન્દ્રસિંહ જાડેજાણે પેટ્રોલિંગ દરમિયાન આજીડેમ ચોકડી પાસે બાતમી મળી હતી કે માંડાડુંગર, સુંદર પાર્ક પાસે આવેલ સુંદરેશ્વર મહાદેવ મંદિરના કમ્પાઉન્ડમાં જીજે ૦૩ એમઇ ૯૮૪૨માં વિદેશી દારૂની બોટલનો જથ્થો ભરેલ છે. પોલીસે આ બાતમી વાળી જગ્યા પહોચી તપાસતા ગાડીમાંથી પ્લાસ્ટિકના પડેલા બાચકામાંથી દારૂની ૮૪ બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ સાથે કાર સહીત રૂ. ૪,૪૭,૨૦૮નો મુદ્દામાલ કબજે કરી બિનવારસી હાલતમાં મળેલ કારના માલિકની શોધખોળ હાથ ધરી.

ત્રીજા દરોડામાં આજીડેમ પોલીસના કોન્સ્ટેબલ દેવાભાઈ જાદવભાઈ ધરજીયા તેમજ સંજયભાઈ બારોટ સહિતના સ્ટાફ પેટ્રોલિંગ દરમિયાન માંડા ડુંગર મેઈન રોડ પાસે એક બાઈક ચાલક શંકાસ્પદ લાગતા પોલીસે તેની પૂછપરછ દરમિયાન પોતે જયદીપ પ્રાગજીભાઈ સાકરીયા રહે. તુલસી પાર્ક મેઈન રોડ માંડા ડુંગર આજીડેમ ચોકડી પાસે હોવાનું જણાવ્યુ હતું. પોલીસે તેના પેન્ટના નેફામાંથી વિદેશી દારૂનું ચપલું મળી આવ્યું હતું. પોલીસે આ દારૂના ચપલા અને બાઈક સાથે રૂ.૩૦,૧૫૫નો મુદ્દામાલ કબજે કરી ધોરણસર કાર્યવાહી કરી હતી.

ચોથા દરોડામાં ભક્તિનગર પોલીસના કોન્સ્ટેબલ વાલજીભાઈ જાડા તેમજ હેડ. કોન્સ. કિરતસિંહ વિક્રમસિંહ ઝાલા સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે જંગલેશ્વર મેઈન રોડ પર આવતા બાતમી મળી હતી કે જંગલેશ્વર મેઈન રોડ હુસેની ટી સ્ટોલ પાસે એક શખ્શ કારમાં વિદેશી દારૂ સાથે ઉભો છે.

દરમિયાન પોલીસે બાતમીવાળી જગ્યાએ પહોચી તપાસતા કારમાં બેઠેલા શખ્સની પૂછપરછ કરતા પોતે મયંક ઘનશ્યામભાઈ બગથરીયા (રહે. આવાસ ક્વાર્ટર બ્લોક નંબર ૩૦૭ કોટેચા ચોક ટવિન્સ ટાવર પાછળ, મૂળ ગોકુલધામ સોસાયટી શેરી નંબર ૨ બ્લોક નંબર ૪ જામ કંડોરણા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે કાર તપાસતા તેમાંથી વિલાયતી શરાબની ૮૧ બોટલ મળી હતી. પોલીસે દારૂ અને કાર સાથે રૂ.૫,૩૨,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# આધારકાર્ડ પ્રશ્ન હવે ભૂતકાળ

## રાજકોટ મહાનગરપાલિકાના નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ ચાર્જ સંભાળતા જ લીધો મહત્વનો નિર્ણય : એક સાથે શરૂ કરવામાં આવી ૨૦ કીટ




રાજકોટ, તા. ૧૮

છેલ્લા ઘણા સમયથી મહાનગરપાલિકામાં આધાર કાર્ડ ને લઈને ઘણા પ્રશ્નો ઊભા થયા છે ત્યારે મહાપાલિકામાં છેલ્લા ઘણા મહિનાથી લોકોને હેરાનગતિ વેચવી પડતી હતી ત્યારે નવ નિયુક્ત મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા આવતાની સાથે જ જે પ્રજાનો હાર્દ સમા પ્રશ્ન હતો તેને દૂર કર્યો છે છેલ્લા ઘણા મહિનાથી જે ઈ કેવાઈસી, વિદ્યાર્થીઓના અપાર કાર્ડ, રોજિંદા ને જરૂરિયાત મુજબના ફેરફારો માટે જે આધાર કેન્દ્રમાં આવતા લોકોની જે લાંબી લાઈનો લાગતી તે હવે ભૂતકાળ બની જશે કારણકે મહાનગરપાલિકા દ્વારા ત્રણેય જોનલ કચેરી ખાતે આધાર કાર્ડ કાઢવાની તમામ પ્રકારની કામગીરી માટે ટોકન સિસ્ટમ શરૂ કરી દેવામાં આવી છે જેના માટે ત્રણેય જોનલ ઓફિસ ખાતે એકસાથે ૨૦ કીટ ચાલુ કરવામાં આવી હોવાનું માલુમ પડ્યું છે.

મનપાના આધાર કેન્દ્ર ખાતે છેલ્લા ઘણા સમયથી અરજદારો લાઈનો માં ઊભા રહેતા અને યોગ્ય વ્યવસ્થા ન હોવાના કારણે અરજદારોનો ઘસારો પણ જોવા મળતો હતો ત્યારે ફરજદારોમાં ભારે રોષ વ્યાપી ઊઠ્યો છે જેને લઈને ડેપ્યુટી કમિશનર દ્વારા અધિકારીઓ સાથે ચર્ચા હાથ ધરવામાં આવી અને યોગ્ય વ્યવસ્થા ઉભી થાય તે માટેની તૈયારીઓ હાથ ધરવામાં આવી. આ વાતની ગંભીરતાને ધ્યાને લેતા સેન્ટ્રલ ઝોન ખાતે ૭કીટ, ઈસ્ટ ઝોન ખાતે ૬ કીટ અને વેસ્ટ ઝોન ખાતે ૭કીટ સહિત કુલ ઓપરેટરો આધાર કાર્ડની કામગીરી શરૂ કરશે.

ત્રણેય ઝોનમાં એક કીટ બીટ ૩૦ થી ૪૦ ટોકન આપવામાં આવશે જેનો પ્રારંભ ગઈકાલે સેન્ટ્રલ ઝોન કચેરી ખાતે શરૂ કરી દેવામાં આવ્યો હતો. હાલ જે વિગતો સામે આવી રહી છે તેમાં સેન્ટ્રલ ઝોન કચેરીએ ૧૪૦ અરજદારોને ટોકન ફાળવવામાં આવ્યા હતા જે બાદ જો સમય હશે તો વધારાના અરજદારોને પણ ટોકનનો લાભ આપવામાં આવશે.

મહાપાલિકામાં છેલ્લા મહિનાથી ઇ-કેવાયસી, વિદ્યાર્થીઓના અપાર કાર્ડ, રોજિંદા અને જરૂરીયાત મુજબના ફેરફારો માટે આધાર કેન્દ્રમાં આવતા લોકોની લાઇન વધી જતા અંધાધૂંધી જેવો માહોલ છે.થોડા સમય અગાઉ ત્રણે ઝોનમાં કામ બંધ કરવાની ફરજ પડયા બાદ હવે નિયમિત કામમાં પણ તંત્ર પહોંચી શકતું ન હોય અને લોકોની લાઇન કેન્દ્રથી ગેટ સુધી પહોંચી જતી હોય અંતે આજથી આ કામ માટે ટોકન વ્યવસ્થા ફરી લાગુ કરી દેવામાં આવી છે. બે દિવસ પહેલા આધાર કેન્દ્ર બહાર અરજદારો વચ્ચે રકઝક થઇ હતી. સ્ટાફ સાથે પણ માથાકૂટ થતા અને ઘણા લોકોના વારા પૂરા દિવસના વેઈટીંગ છતાં ન આવતા હોવાની ફરિયાદ ઉઠી હતી. દરમ્યાન આજે સવારે પણ નાગરિકો સેન્ટ્રલ ઝોન (ઢેબર રોડ) કચેરીએ આધાર કાર્ડના કામ માટે ગયા હતા.

આ સમયે સ્ટાફ દ્વારા ટોકન આપવાની શરૂઆત કરવામાં આવી હતી. ક્રમમાં ઉભેલા લોકોને નિયત સંખ્યામાં ટોકન આપવામાં આવ્યા હતા. આથી બાકી રહી ગયેલા લોકોને પરત જવાનો વખત આવ્યો હતો. અધિકારી સુત્રોએ જણાવ્યું હતું કે, રોજ લોકોનો સમય બગડતો હોવાની અને કયારેક ધકકો થતા હોવાની ફરિયાદ પરથી ફરી ટોકન આપીને આધાર કાર્ડની કામગીરી કરવા વ્યવસ્થા અમલમાં મૂકાઇ છે. ડે.કમિશ્નરે આજે આ સૂચના આપી હતી. હાલ સેન્ટ્રલ ઝોનમાં ૭, વેસ્ટમાં ૭ અને ઈસ્ટમાં ૬ કીટથી કામ ચાલે છે.

આજે સેન્ટ્રલ ઝોનમાં ૧૪૦ ટોકન આપવામાં આવ્યા હતા. આવતીકાલથી પૂર્વ અને પશ્ચિમ ઝોનમાં પણ ટોકન પધ્ધતિ લાગુ થઇ જશે. વહેલા તે પહેલાના ધોરણે અરજદારોને ટોકન આપી દેવામાં આવશે. હાલની વ્યવસ્થા મુજબ પ્રતિ કીટ રોજ સરેરાશ ૩૦ થી ૪૦ ટોકન આપવામાં આવશે. સર્વર કે અન્ય કોઇ ટેકનીકલ પ્રશ્ન ન હોય તો ૨૦ કીટમાં આટલુ કામ થઇ શકશે. આમ આધાર કેન્દ્ર બહાર સર્જાતી અંધાધૂંધી નિવારવા અરજદારોને ટોકન આપવા નિર્ણય તો લેવાયો છે, પરંતુ તેનાથી કામગીરીના સરવાળામાં કોઇ વધારો થવાનો નથી. કીટની પણ મર્યાદા હોય છે.મનપા અને જિલ્લા કલેકટર રાજકોટમાં વધુ કીટની વ્યવસ્થા થાય, વધુ કેન્દ્રો ખુલે તે માટે ચૂંટાયેલા લોકો મારફત પણ ઉપર સુધી રજુઆત કરે તે અનિવાર્ય બન્યું છે.

# કેબલ બ્રિજ માટે બેકબોને ભર્યા સૌથી ઓછા ભાવ

## ચકાસણી સમિતીની મંજુરી મળતા તૂર્તમાં શરૂ થશે કામ : ચાર એજન્સી આવી મેદાને



રાજકોટ, તા. ૧૮

હાલ રાજકોટ દરેક દિશામાં વિકાસ કરી રહ્યું છે ત્યારે કાલાવડ રોડ પર ટ્રાફિકના પ્રશ્નને નિવારવા માટે કટારીયા ચોક પર બ્રિજ બનાવવાની જે દરખાસ્ત મુકવામાં આવી હતી તેને મંજૂર કરી દેવાય છે એટલું જ નહીં બજેટમાં મુકાયેલી જોગવાઈ મુજબ આ કટારીયા ચોકડી ખાતે રાજકોટના સર્વપ્રથમ કેબલ બ્રિજ માટેનું ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું જેના ભાવ આવી ગયા છે. મળતી માહિતી મુજબ ગઈકાલે અભાવ ખોલ્યા હતા અને ૧૨૪ કરોડના ટેન્ડર સામે ૧૪.૨૪% ફોન એટલે ૧૪૧ કરોડના ભાવની એલ વન ઓફર આવી હતી. ત્યારે ૧૨૪ કરોડનું ટેન્ડર જીએસટી સાથે ૧૪૧ કરોડ એ પહોંચ્યું છે. કટારીયા ચોકમાં સામાન્ય દિવસોમાં પણ ટ્રાફિક સમસ્યા અત્યંત વિકરાળ બનતી હોય છે ત્યારે રાત્રે વધુ અવરજવરના સમયે પસાર થતા યાત્રિકોને ઘણી ખરી તકલીફ પડતી હોવાનું માલુમ પડતા અહીં બ્રિજની જરૂરિયાત ઊભી કરવા ની રજૂઆત મહાનગરપાલિકાને કરવામાં આવી હતી જેને ગ્રાહ્ય રાખવામાં આવી છે.

કટારીયા ચોકડીએ જે ફલાય ઓવરબ્રિજ બનશે તેની કુલ લંબાઈ પોણો કિલોમીટર થી વધુ એટલે ૮૦૦ મીટરની છે અને મળતી માહિતી મુજબ ફૂટપાથથી તેની પહોળાઈ ૨૪ મીટર રાખવામાં આવી છે. જે ડિઝાઈન મૂકવામાં આવી છે તેમાં પ્લાન્ટેશન પણ છે અને મધ્ય ભાગ ૧૬૦ મીટર નો રાખવામાં આવ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આ બ્રિજ જલારામ ફૂડ કોર્ટ થી શરૂ થશે અને કોસ્મોપ્લેક્સ પાસે પૂરો થશે ત્યારે આ બ્રિજ હેઠળ ગેમઝોન બનાવવાનું પણ આયોજન મહાનગરપાલિકા દ્વારા હાલ થઈ રહ્યું છે.

બે-ત્રણ આપણે સોશિયલ મીડિયા માટે મળતી માહિતી મુજબ અન્ડરબ્રીજ ની હાલ ઘંટેશ્વર સાઈડના ફૂલ તરફથી શરૂ થશે અને રંગોલી આવાસના ૧૮ મીટરના ટીપી રોડ કે જે ગોંડલ રોડ તરફ પૂરો થશે ત્યારે આ કામ અપાય એટલે ૩૦ મહિનામાં પૂરું કરવાનું આયોજન મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. મહાનગરપાલિકા દ્વારા મળતી માહિતી મુજબ આ કેબલ બ્રિજ માટે ચાર એજન્સીઓ મેદાને આવી હતી જેમાં બેકબોનના સૌથી નીચા ૧૪૧.૭૩ કરોડનો ભાવ આવ્યો છે તો ઈન્ફ્રાટેક કંપનીના ૧૪૨ કરોડ, મંગલમ બિલ્ડકોના ૧૫૩ કરોડ અને વિજય મિસ્ત્રી કન્સલ્ટન્સી કંપનીના ૧૪૭ કરોડના ભાવની ઓફર આવી હતી. ત્યારે તમામ ચાર ટેન્ડરો જે એજન્સી દ્વારા મળ્યા છે તેની ચકાસણી સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવશે અને ત્યારબાદ જ યોગ્ય નિર્ણય લેવાશે.




બિલ વગરનો માલ વહેંચતો હોવાનું માલુમ પડતા વિભાગે હાથ ધરી કાર્યવાહી

# યાજ્ઞિક રોડ પરના સીમંધર ટોયઝમાં SGST ત્રાટક્યુ

## કુલ છ સ્થળ પર હાથ ધરાયું સર્ચ ઓપરેશન : દુકાન કરી સીલ, અન્ય વેપારીઓ પર બરોડા પાડવામાં આવે તો નવાઈ નહીં

રાજકોટ, તા. ૧૮

છેલ્લા ઘણા સમયથી સમગ્ર રાજ્યમાં જીએસટીના દરોડા જોવા મળી રહ્યા છે તેની પાછળનું સૌથી મોટું કારણ જો કોઈ હોય તો એ છે કે ગુજરાતમાં જીએસટી ચોરીનું પ્રમાણ પણ સતત વધ્યું છે ત્યારે ભવિષ્યમાં આ તમામ મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત થાય અને જીએસટી ચોરી અટકે તે હેતુસર હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. બીજી તરફ જીએસટીમાં હાલ વેપારીઓ બિલ વગર નો માલ વેચી દે છે અને એ મુજબ ખૂબ મોટી જીએસટી ચોરી પણ આચરે છે આ અંગેની ફરિયાદો જીએસટી વિભાગને મળતા તંત્ર સફાળે જાગ્યું છે એટલું જ નહીં હાલ આ તમામ ફરિયાદોનો ઝડપભેર નિવારણ લાવવા માટે ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે પરિણામ સ્વરૂપે ગઈકાલે રાજકોટના યાજ્ઞિક રોડ ઉપર આવેલી રમકડાની દુકાન પર સ્ટેટ જીએસટીએ દરોડા પાડ્યા હતા અને દુકાનને સીલ કરવામાં આવી હતી.

રાજ્યમાં બિલ વગર માલ સમાન વેચાણ કરીને અને સરકારની તિજોરીને નુકસાન પહોંચાડતા અલગ અલગ એકમો સામે સ્ટેટ જીએસટી કાર્યવાહી કરી રહ્યું છે. માત્ર રમકડા જ નહીં પરંતુ વિવિધ ક્ષેત્રના વેપારીઓ દ્વારા હાલ આ પગલું લેવામાં આવી રહ્યું છે જેના ભાગરૂપે આ ઝુંબેશ ચલાવવામાં આવી છે બીજી સૌથી મોટી વાત એ છે કે જે વેપારીઓ દ્વારા યોગ્ય જીએસટી ભરવામાં આવતો ન હોય અને જીએસટી ચોરી કરવામાં આવતી હોય તેનાથી રાજ્યની અને દેશની આવકને ફટકો પણ પડે છે ભવિષ્યમાં આ પ્રકારની વિકટ પરિસ્થિતિ ઉભી ન થાય તે માટે હાલ તમામ જરૂરી પગલાઓ વિભાગ દ્વારા લેવામાં આવી રહ્યા છે.

રાજકોટમાં યાજ્ઞિક રોડ આવેલ સીમંધર ટોયઝમાં રમકડાની પેઢી પર GST વિભાગે દરોડા પાડ્યા છે. GST વિભાગે શોરૂમ, ગોડાઉન મળી કુલ ૬ સ્થળોએ તપાસ હાથ ધરી છે. રાજકોટમાં GST વિભાગે રમકડાની પેઢી કાર્યવાહી હાથ ધરી છે. યાજ્ઞિક રોડ ઉપર આવેલા સીમંધર ટોય્સ ઉપર સ્ટેટ જીએસટીની ટીમ દ્વારા દરોડા પાડ્યા છે. પેઢી અને ગોડાઉન સહિત અડધો ડઝન સ્થળોએ તપાસનો ધમધમાટ આદરવામાં આવ્યો છે. GST વિભાગ દ્વારા રમકડાની પેઢીઓમાં હિસાબી સાહિત્યની ચકાસણી કરવામાં આવી છે. GST વિભાગે યાજ્ઞિક રોડ ,સાધુવાસવાણી રોડ ભક્તિનગર સર્કલ, સહિતના સ્થળોએ શોરૂમ અને ગોડાઉનમાં મળી કુલ ૬ સ્થળોએ તપાસ કરી છે. અને દુકાનને સીલ પણ કરવામાં આવી છે.

રમકડાના વેપારી દ્વારા મોટી કર ચોરી કરવામાં આવતી હોવાની બાતમીના આધારે GST વિભાગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. સ્ટેટ GST દ્વારા મોડી રાત્રિ સુધી કાર્યવાહી બાદ દુકાન એક દિવસ માટે સીલ કરવામાં આવી છે. ગઈકાલે પણ GST વિભાગ તપાસ હાથ ધરવામાં આવી રહી છે. અલગ-અલગ બ્રાન્ચ પર પણ તપાસ કરવામાં આવશે. જો કોઇ ગેરરીતિ જણાશે તો કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. માત્ર રાજકોટ જ નહીં પરંતુ આ રમકડાના વેપારી સાથે અન્ય કયા વેપારીઓ જોડાયા છે તેની પણ હાલ તપાસ શરૂ કરી દેવામાં આવી છે અને તેના ભાગરૂપે જ આગામી દિવસોમાં વધુ તીવ્ર પગલાં લેવામાં આવે તો નવાઈ નહીં.

સ્ટેજ જીએસટી વિભાગ અને સેન્ટ્રલ જીએસટી છેલ્લા એક સપ્તાહથી વધુ સમય દરમિયાન રાજકોટના વિવિધ વેપારીઓ પર તવાઈ બોલાવી હતી અને ખૂબ મોટા પ્રમાણમાં કરચોરી પણ પકડી પાડી છે ત્યારે રમકડા ના વેપારીઓ દ્વારા આચરવામાં આવતી જીએસટી ચોરીનો પડદા પાસ થયો છે માત્ર એક જ વેપારી નહીં પરંતુ અન્ય વેપારી પર પણ નજર રાખવામાં આવી રહી છે અને તમામ જે આંકડાઓ છે અને જે ડેટા છે તે એકત્રિત કરવામાં આવી રહ્યો છે જે બાદ કાર્યવાહી હાથ ધરવામાં આવે તો નવાઈ નહીં.

### મોટે ભાગે પતિ-સાસરિયા બનતાં હોય છે ત્રાસરૂપ, અહિ ઉલ્ટીગંગા વહી...પત્નિ અને સાસરિયાએ ગુજાર્યો ત્રાસ!

# અર્ધાંગિની, સસરા, સાળાઓનો ત્રાસ યુવાનને ભરખી ગયો

## કાલાવડ રોડ ઈસ્કોન મંદિર પાછળ રહેતાં અઠ્ઠાવીસ વર્ષના યુવાનને દોઢ વર્ષથી રિસામણે ગયેલી પત્નિ, બે સાળા અને સસરાએ એટલો ત્રાસ આપ્યો કે ગળાફાંસો ખાઇ મરવા મજબુર થયો: ચારેય વિરૂધ્ધ યુનિવર્સિટી પોલીસે FIR દાખલ કરી

**દર્શનસિંહ જાડેજા દ્વારા**
**રાજકોટ મિરર, તા. ૧૮**

રાજકોટ: સમાજમાં એવુ ઘણીવાર બને છે જેમાં ઉલ્ટી ગંગા જેવી ઘટના સામે આવતી હોય છે. મોટે ભાગે પરિણીતાઓ પતિ કે સાસરિયાના ત્રાસ સામે આપઘાત કરતી હોય છે. પણ શહેરમાં એક એવો બનાવ સામે આવ્યો છે જેમાં યુવાને પોતાની પત્નિ, સસરા અને બે સાળાના ત્રાસથી કંટાળી મોત મેળવી લીધુ છે. દોઢ વર્ષથી રિસામણે જતી રહેલી પત્નિએ ભરણપોષણનો કેસ કર્યો હતો અને દિકરીને પણ મળવા દેતી નહોતી. સસરા, સાળા સતત ધમકાવતાં હતાં કે તને છુટાછેડા નથી દેવા, તને તો સજા કરાવવી છે, તારી જિંદગી ખરાબ કરી નાખવી છે. આ પ્રકારના સતત ત્રાસને કારણે તે મરી જવા માટે મજબૂર થઇ ગયો હતો અને ગળાફાંસો ખાઇ લીધો હતો.

ચોંકાવનારી અને અરેરાટીભરી આ ઘટના કાલાવડ રોડ પર ઈસ્કોન મંદિર પાછળ પરિવાર હાઉસીંગ સોસાયટી એપાર્ટમેન્ટ બી વીંગ ફ્લેટ નં. ૧૦૦૩માં રહેતાં બની છે. અહિ રહેતાં મહેશભાઇ કરસનભાઇ વિંઝુડા નામના અઠ્ઠાવીસ વર્ષના યુવાને પંખામાં લટકી જઇ આત્મહત્યા કરીલીધી હતી. દોઢ વર્ષથી વડવાજડી ગામે રિસામણે ગયેલી પત્નિ હેતલ, બે સાળા કમલેશ, વિમલ અને સસરા કરસનભાઇ બાટાના ત્રાસથી તે મરી જવા મજબુર થયાનું તેણે લખેલી સ્યુસાઇડ નોટને આધારે યુનિવર્સિટી પોલીસે આપઘાત કરનાર મહેશભાઇ વિંઝુડાના નાના ભાઇ પિયુષભાઇ ઉર્ફ પોલાભાઇ રામજીભાઇ વિંઝુડની ફરિયાદ પરથી લોધીકાના વડવાજડી ગામે રહેતી મહેશભાઇની પત્નિ હેતલબેન મહેશભાઇ વિંઝુડા, સસરા કરસનભાઇ બાટા, સાળા કમલેશ કરસનભાઇ બાટા અને વિમલ કરસનભાઇ બાટા વિરૂધ્ધ બીએનએસની કલમ ૧૦૮, ૫૪ મુજબ ત્રાસ ગુજારી મરી જવા મજબૂર કર્યાની એફઆઇઆર દાખલ કરી છે. પિયુષભાઇ ઉર્ફ પોલો વિંઝુડાએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પ્રાઇવેટ નોકરી કરુ છુ અને મારા મોટા ભાઇ મહેશભાઇ સાથે રહુ છું. મારા પિતા પાંચ વર્ષ પહેલા ગુજરી ગયા છે. મારા માતા ધર્મિષ્ઠાબેન ઉપલેટાના ઢાંક ગામે રહે છે.તેણે આગળ જણાવ્યું હતું કે અમે બે ભાઇ અને એક બહેનમાં મહેશભાઇ મોટા હતાં. બેહન સુરત સાસરે છે. મારા લગ્ન થયા નથી. મહેશભાઇના




**યુવાન સમાધાનની વાત કરતો તો સાળા-સસરા કહેતાં કે-છુટાછેડા તો થશે જ નહિ, તને તો સજા કરાવવી છે, તારી જિંદગી ખરાબ કરવી છે...અંતે કોર્ટ મુદ્દતના દિવસે જ યુવાને મોત મેળવી લેતાં પરિવારમાં અરેરાટી**

લગ્ન પાંચ વર્ષ પહેલા વડવાજડી ગામના કરસનભાઇ બાટાની દિકરી હેતલ સાથે થયા હતાં. તેને સંતાનમાં ૩ વર્ષની દિકરી છે. હાલ મારા ભાભી હેતલબેન તેના માવતરે છે. મહેશભાઇના લગ્ના બાદ હું અને મારા ભાભી તથા ભાઇ એમ ત્રણેય મેટોડામાં રહેતાં હતાં. મારા ભાઇ અને હું કારખાનામાં કામ કરતાં હતાં. લગ્ન બાદ મારા ભાભી મારા ભાઇ સાથે નાની નાની વાતે ઝઘડો કરતાં હતાં. છેલ્લા બે વર્ષથી અમે ઇસ્કોન મંદિર પાછળ પરિવાર સોસાયટીમાં રહીએ છીએ. મારા બા અમારા ગામમાં નોકરી કરતાં હોઇ તેઓ રજાના દિવસોમાં અમારે ત્યાં આવતાં જતા રહે છે.

પિયુષભાઇએ વધુમાં કહ્યું હતું કે દોઢેક વર્ષ પહેલા મારા ભાઇનો ફોન ખરાબ થઇ જતાં મારા ભાભી પાસે પડેલો ફોન માંગતા તેણે ફોન ન આપી ઝઘડો કર્યો હતો અને મારા બાને ઝાપટો મારી દીધી હતી. એ પછી ભાભી રિસામણે તેના માવતરે જતાં રહ્યા હતાં. ત્યારબાદ ભાભીએ મારા ભાઇ મહેશભાઇ ઉપર ભરણપોષણનો કેસ કર્યો હતો. જેની રકમ મારા ભાઇ નિયમીત ભરપાઇ કરતાં હતાં. મારા ભાભી મારા ભાઇને દિકરીને પણ મળવા દેતા નહોતાં. તેમજ ભાઇ તેના પત્નિ અને દિકરીને લેવા વડવાજડી જતાં તેમના સાળા કમલેશ, વિમલ તથા સસરા કરસનભાઇએ તેમજ મારા ભાભી મળી ચારેયએ મારા ભાઇને માર માર્યો હતો અને ક્યારેય પણ અહિ આવવું નહિ તેમ કહી મકી આપી હતી. આ કારણે મારા ભાઇ મહેશભાઇ ખુબ ડરી ગયા હતાં. મારા ભાઇને તેના સાળા, સસરા નાની નાની વાતે હેરાન કરી ઝઘડો કરતાં હતાં અને શાંતિથી જીવવા દેતાં નહોતાં. મારો ભાઇ મેટોડા કામે જાય તો ત્યાં પણ તેને હેરાન કરવા પહોંચી જતાં હતાં. સસરા, સાળા અતિશય ત્રાસ આપતાં હોવાની વાત મારા ભાઇએ મને કરી હતી. ત્રાસને કારણે તેણે ત્યાંની કારખાનાની નોકરી મુકી દીધી હતી અને ડ્રાઇવીંગ કરવાનું ચાલુ કર્યુ હતું. પિયુષભાઇએ આગળ જણાવ્યું છે કે મારા ભાઇએ એવી પણ વાત કરી હતી કે તેના પત્નિ હેતલબેનના લગ્ન અગાઉ થાન ખાતે થયા હતાં. તેના પ્રથમ પતિએ પણ ગળાફાંસો ખાઇ આપઘાત કર્યો હતો. મારા ભાઇ છેલ્લા કેટલાક દિવસથી ખુબ ટેન્શનમાં રહેતાં હતાં. તેને દિકરી ખુબ વ્હાલી હતી પણ મારા ભાભી તેને મળવા દેતાં નહોતાં. આ કારણે પણ તે સતત દુઃખી રહેતાં હતાં. મારા ભાઇ મહેશભાઇ મને અવાર-નવાર કહેતાં કે-મારી પત્નિ, સાળા, સસરા મને ભેગા મળી જીવવા દેશે નહિ. પણ હું તેને બધુ સારુ થઇ જશે તેમ કહી સમજાવતો હતો અને તે કામે લાગી જતાં હતાં. આજથી ત્રણેક દિવસ પહેલા મારા ભાઇ વિરડાવાજડી ગામે ગયેલ ત્યારે તેના સસરા, પત્નિ અને સાળા ત્યાં ભેગા થતાં આ ત્રણેય સાથે મારા ભાઇએ પત્નિ હેતલ બાબતે સમાધાનની વાત કરતાં આ ત્રણેયએ ઉશ્કેરાઇ જઇ તારે ભરણ પોષણ આપવું પડશે અને તને છુટાછેડા પણ આપવા નથી. તારી જિંદગી ખરાબ કરી નાખવાની છે, હજુ તો તને સજા કરાવવાની છે, તને જીવવા જેવો રહેવા દેવો નથી...તેમ કહી મકી આપી હતી. આ વાત મારા ભાઇએ મને કરી હતી.

દરમિયાન ૧૭મીએ મંગળવારે મારા ભાઇને કોર્ટમાં મુદ્દત હતી. સવારે હું મારા કામે જતો રહ્યો હતો. મારો ભાઇ ઘરે એકલો હતો. સાંજે પોણા સાતેક વાગ્યે હું ઘરે આવ્યો ત્યારે દરવાજો અંદરથી બંધ હતો. મેં દરવાજો ખખડાવવા છતાં નહિ ખોલાતાં પાટા મારતાં નકુચો તૂટી ગયો હતો. અંદર જોતાં મારા ભાઇ મહેશભાઇએ પંખામાં દોરી બાંધી ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધાનું જણાતાં મેં રાડારાડી કરતાં પડોશીઓ ભેગા થઇ ગયા હતાં. કોઇએ જાણ કરતાં ૧૦૮ આવી હતી. તેના ડોક્ટરે મારા ભાઇને મૃત જાહેર કર્યા હતાં. આપઘાત પુર્વે મારા ભાઇ મહેશભાઇએ સ્યુસાઇડ નોટ લખી હતી જે રૂમમાં વોશીંગ મશીન પરથી મળી હતી. જેમાં મારા ભાઇએ લખ્યું હતું કે-હું મારી પત્નિ હેતલ, સસરા કરસનભાઇ, સાળા કમલેશ અને વિમલના ત્રાસથી આત્મહત્યા કરુ છું, આ બધા જાનથી મારી નાખવાની ધમકી આપે છે, મારી દિકરીને પણ મળવા દેતા નથી. મને મરવા મજબૂર કર્યો છે. મારી પત્નિ ખરાબ રસ્તે ચડી ગઇ છે, મને ખોટી રીતે ફસાવી હેરાન કરે છે. તે સહિતની વિગતો લખી હતી. મારા ભાઇને તેના પત્નિ, સસરા અને બે સાળાએ સતત ખોટી રીતે હેરાન કરવાનું ચાલુ રાખ્યું હોઇ અને મરી જવું પડે તેવા સંજોગો ઉભા કર્યા હોઇ તેણે આપઘાત કરી લીધો હતો. તેમ વધુમાં પિયુષભાઇ ઉર્ફ પોલાએ જણાવતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શનમાં પીએસઆઇ ડી. આર. રત્નુએ ફરિયાદ દાખલ કરી આરોપીઓની ધરપકડ કરવા તજવીજ આદરી હતી.

# માનવીનો ભાવનાત્મક વિકાસ જરૂરી છે : સ્વામી પરમાત્માનંદજી

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીમાં મનુભાઈ વોરા ઓપન એર થિયેટર ખુલ્લું મુકાયું




રાજકોટ મિરર, તા.૧૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીમાં સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટ નિર્મિત ઓપન એર થિયેટરને ખુલ્લું મૂકતા સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજીએ જણાવ્યું હતું કે, '' માનવીનો ભાવનાત્મક વિકાસ થાય એ આવશ્યક છે. આજે સમાજમાં ત્યાગનો , સંવેદનશીલતાનો દુકાળ છે. પેહલા સંસાધન ઓછા હતા પણ એકબીજાને મદદ કરવાની ખેવના વધુ હતી અને આજે સમૃદ્ધિ વધી છે પણ માનવીનો ભાવનાત્મક વિકાસ થતો નથી. ભારતની ઓળખ બને એવા ભાવનાત્મક વિકાસની જરૂરી છે.'' સ્વામીજીએ આ પ્રસંગે મનુભાઈ વોરાનાં પરિવારનાં સમાજ પ્રત્યેનાં અભિગમને બિરદાવતા કહ્યું હતું કે, ''હું રાજકોટમાં આવ્યો ત્યારથી એટલે કે ૩૫ વરસથી આ પરિવાર પાસે કોઈ જાય તો ખાલી હાથે પાછું ના ફરે એવું સાંભળતો આવ્યો છું અને આજે પણ પરિવારમાં એ ભાવના અકબંધ છે. અલ્કાબેન વોરા અને અજયભાઈ જોશી હરદમ સેવા માટે તત્પર રહે છે. વોરા પરિવારના મોભી મનુભાઈ વોરાના નામે આજે ઓપન એર થિયેટર બન્યું છે એ આનંદની વાત છે કારણ કે, કળા અને સાહિત્ય વિના માનવી પશુ બનીને રહી જાય છે. ''

આ પ્રસંગે રાજકોટ પશ્ચિમના ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહે કહ્યું હતું કે,'' મનુભાઈ વોરા પરિવાર સાથે અમારા પરિવારનો વર્ષોનો નાતો છે. એમનું ઘર અમારા માટે બીજું ઘર છે. એમણે પોતાની મોટાભાગની સંપત્તિ સમાજ માટે અર્પણ કરી છે એ પ્રેરણાદાયી છે.''

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં પૂર્વ કુલપતિ ડો. કલ્પકભાઈ ત્રિવેદીએ મનુભાઈને યાદ કરતા કહ્યું હતું કે, ''અમે ગમે ત્યારે કોઈ કામ માટે એમની ઓફિસે જતા હોઈએ તો એ અમને જોઈ તુરંત કહેતા કે, બોલો શું મદદ જોઈએ છે? અને આજેય એમનો પરિવાર સેવા ક્ષેત્રે એટલો જ સક્રિય છે.'' કલ્પકભાઈએ આજના કાર્યક્રમને પંચામૃત સમાન ગણાવી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીના નિર્માણનાં સમયને અને સોસાયટીની સ્થાપનામાં જેમની ખૂબજ મહત્વની ભૂમિકા રહી છે એવા આર. ડી. આરદેશણા, સ્વ . વી. એચ. જોશી, , યુ. એન. પંડ્યા અને તેઓની સમગ્ર ટીમને યાદ કર્યાં હતા. અને સમાજ તરીકે સૌ સાથે મળી જીવીએ , સમાજ માટે કૈક કરી છૂટીએ એવો અનુરોધ પણ ડો. કલ્પકભાઈ ત્રિવેદીએ કર્યો હતો.

આ પ્રસંગે રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષના દંડક અન વાયબ્રન્ટ નગર સેવક શ્રી મનીષભાઈ રાડીયા અને કરુણા ફાઉન્ડેશનનાં અધ્યક્ષ શ્રી મિતલભાઈ ખેતાણી પણ ઉપસ્થિત હતા. મનુભાઈ વોરા પરિવારનાં મહેન્દ્રભાઈ વોરા અને અન્યો પણ ઉપસ્થિત હતા. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કર્મચારી સોસાયટીના પ્રમુખ પ્રો. જયદીપસિંહ ડોડિયાએ મહેમાનોનું શબ્દોથી સ્વાગત કર્યું હતું અને સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી અલ્કાબેન વોરાએ ઋણ સ્વીકાર કરેલો. આ કાર્યક્રમમાં સોસાયટીનાં ઉપાધ્યક્ષ સજી મેથ્યુ , સોસાયટીનાં મંત્રી અને સીઝન્સ સ્ક્વેર ચેરીટેબલ ટ્રસ્ટનાં ચેરમેન અજયભાઈ જોશી ઉપસ્થિત હતા. અને વાઈસ ચેરમેન અને વરિષ્ઠ પત્રકાર કૌશિક મહેતાએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

આ કાર્યક્રમમાં જાણીતા કવિ સંજુ વાળા, દિલીપ જોશી, આર. પી. જોશી, ડો. સુનીલ જાદવ,અને શ્રી દીપક ત્રિવેદી ઉપરાંત એન. એસ. ઉપાધ્યાય, પૂર્વ પ્રમુખ પ્રો. પી. એચ. પરસાણીયા, દિનેશભાઈ ભુવા, ડો.સેજલબેન ભટ્ટ , જાણીતા પેઈન ફીજીશિયન ડો. ચેતનાબેન જાડેજા, ડો. ધર્મેન્દ્રસિંહ ગોહિલ, વિમીબેન અજયભાઈ જોશી, રાગિણીબેન દિનેશભાઈ ભુવા તેમજ સોસાયટીના વરિષ્ઠ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સોસાયટીના પ્રમુખ પ્રો .જયદીપસિંહ ડોડિયા , ઉપપ્રમુખ સજી મેથ્યુ, મંત્રી અજયભાઈ જોશી, સહમંત્રી અજયસિંહ એમ. પરમાર, સહમંત્રી રમેશ સભાયા, પ્રો. ડો. અનામિકભાઈ શાહ, ઉદ્યોગપતિ શૈલેષ પટેલ, જિતેશકુમાર એમ. પંડિત, કૈલેશકુમાર તન્ના,ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ભરતભાઈ વાજા, ડો. દર્શન ભટ્ટ, શ્રી ડી.પી. ત્રિવેદી, ઉદ્યોગપતિ નાયર, મૌલિકસિંહ ભટ્ટી, એચ. એમ. રાજા, વગેરેએ જહેમત ઉઠાવી હતી. ઉદઘાટન સમારોહ પૂર્ણ થયા બાદ જીગીશાબેન રાવલ, મુનિષભાઈ ગુસાણી, જયેશભાઈ જાદવ અને ઉપસ્થિત અન્ય કલાકારો દ્વારા જૂના ફિલ્મી ગીતો રજૂ કરવામાં આવ્યા હતા.

# ગૌશાળા, પાંજરાપોળોને મળતી દૈનિક સબસીડીની રકમ રૂ.૧૦૦ કરવા માંગ

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને રૂબરૂ કરીને કરાઈ માંગ

રાજકોટ મિરર, તા.૧૮

સદભાવના વૃદ્ધાશ્રમના વિજય ડોબરિયા, મિત્તલ ખેતાણી, ધીરુભાઈ કાનાબાર દ્વારા ગુજરાતના જીવદયા પ્રેમી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને ગૌશાળા- પાંજરાપોળો પ્રત્યેક પશુ દીઠ મળતી દૈનિક સબસીડીની રકમ વધારવા માટે રૂબરૂ રજૂઆત કરવામાં આવી હતી. ગુજરાત સરકાર તેની ગૌમાતા પોષણ યોજનાના ભાગરૂપે ગૌશાળા/પાંજરાપોળોને પશુ દીઠ, દૈનિક, કાયમી મળતી સબસીડી પ્રતિ પશુ ₹૩૦ આપે છે, જે એક પ્રશંસનીય પગલું છે.

જો કે, વર્તમાન પરિસ્થિતિઓ, વધતી જતી મોંઘવારી, દાનનો ઘટતો જતો પ્રવાહ, વધતી જતી પશુઓની સંખ્યાને ધ્યાનમાં રાખીને અને હાલમાં જયારે એક પશુના નિભાવનો દૈનિક ખર્ચ ₹૧૦૦થી પણ વધારે આવી રહ્યો હોય ત્યારે મુખ્યમંત્રીને આ સહાય ન્યુનત્તમ રૂપિયા ૧૦૦ પ્રત્યેક પશુ દીઠ, દૈનિક, કાયમી સબસીડી આપવા અંગે સકારાત્મક પગલા લેવા વિનંતી કરવામાં આવી હતી તેમજ મહારાષ્ટ્ર રાજ્યની જેમ ગુજરાતમાં પણ ગૌમાતાને રાજ્યમાતા નો દરજ્જો મળે તે માટેની રૂબરૂ રજૂઆત કરવામાં આવી હતી.

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આ મુદ્દાઓ ધ્યાનથી સાંભળી, જીવદયા અને ગૌસેવા પ્રવૃત્તિઓ માટે પોતાના હૃદયની સંવેદનાઓ વ્યક્ત કરી હતી અને આ દિશામાં અબોલ પશુઓના હિતમાં શક્ય તેટલી મદદ કરવાની ખાતરી આપી હતી. અત્રે ઉલેખ્ખનીય છે કે સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા વિવિધ જીવદયા પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા બળદ આશ્રમ ચલાવવામાં આવે છે જેમાં હાલમાં ૧૬૦૦ બળદોને આશ્રય અપાઈ રહ્યો છે. ગુજરાતના કોઈપણ ગામ-શહેર, હાઈવે પર બળદ છુટા, રખડતા, લાચાર-બીમાર કે વયોવૃધ્ધ અવસ્થામાં, અનાથ, નિરાધાર જોવા મળે તો તરત જ સદભાવના વૃધ્ધાશ્રમને જાણ કરવા વિનંતી કરવામાં આવી છે. કોઈ નિરાધાર, નિરાશ્રીત, બીમાર કે રસ્તે રખડતા, કતલખાને જતાં કે ભૂખ-તરસ-બિમારીથી કમોતે મરતા ભવિષ્યમાં ૧૦,૦૦૦ જેટલા બળદોને સદભાવના વૃધ્ધાશ્રમ (રાજકોટ) દ્વારા નિઃશુલ્ક, આજીવન, આશરો આપવામાં આવશે. સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા શ્વાન આશ્રમ પણ ચલાવવામાં આવે છે.

જેમાં હાલમાં ૧૫૦ શ્વાનોને આશ્રય અપાઈ રહ્યો છે. અહી ચાલી ન શકતા, ઊભા ન થઈ શકતા, પેરેલિસીસવાળા, કમર ભાંગેલા ,ફ્રેકચરવાળા, અંધ, અપંગ શ્વાનો ને કાયમી આશરો મળશે તેમજ તેમને જરૂરી સારવાર,સુવીધાઓ મળશે. સંસ્થા દ્વારા નિત્ય જરૂરી સારવાર,વેકસીનેશન,ઓપરેશન વગેરે કરવામાં આવશે અને એક પરિવારના સભ્યની જેમ નિર્વાહ કરવામાં આવશે.

શ્વાન આશ્રમમાં પ્રથમ તબક્કે ૧૦૦૦ શ્વાનોને આશરો અપાશે. હાલમાં જોઈ ન શકતા હોય એવા ૧૦, ઉંમરવાળા ૧૦, અનાથ ૨૧, પેરેલિસીસવાળા ૬૪, અન્ય ૩૦ એમ ૧૫૦ શ્વાનો આશ્રય લઇ રહ્યા છે. આ શ્વાનોને દરરોજ મ્યુઝીક થેરાપી આપવામાં આવે છે. દરેક બીમાર શ્વાનોનું દરરોજ ચેકઅપ અને સારવાર થાય છે.

સદભાવના વૃદ્ધાશ્રમ દ્વારા નિઃશુલ્ક પશુ - પક્ષી દવાખાનું, પાંજરાપોળ પણ ચલાવવામાં આવે છે. જેમાં ઘાયલ, બીમાર પશુ - પક્ષીઓની નિઃશુલ્ક સારવાર કરવામાં આવે છે. જ્યાં ઓપેરેશન થિયેટર, પશુ - પક્ષી રહેવાસ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે.

# રાજ્યકક્ષાના યુવા ઉત્સવમાં પ્રથમ નંબર મેળવતો અક્ષય

## અક્ષય ગરૈયા હવે દિલ્હી ખાતે આયોજિત થનાર રાષ્ટ્રીય કક્ષાના યુવા ઉત્સવમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે




રાજકોટ મિરર, તા.૧૮

ગુજરાત સરકારના યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ના વિભાગ દ્વારા પ્રતિવર્ષ રાજ્યના યુવાઓમાં રહેલી કલા અને કૌશલ્યને બહાર લાવવા માટે યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા, પ્રદેશ કક્ષા તેમજ રાજ્યકક્ષા એમ કુલ ચાર કક્ષાએ યુવા ઉત્સવનું આયોજન કરવામાં આવેલ હતું.

આ સ્પર્ધામાં સુરેન્દ્રનગર યુનિવર્સિટીના વિદ્યાર્થી અક્ષય ઘનશ્યામભાઈ ગરૈયાએ તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા તેમજ પ્રદેશ કક્ષાએ વિજેતા થયા બાદ રાજકોટ ખાતે આયોજિત થયેલ રાજ્ય કક્ષા યુવા ઉત્સવમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આગામી દિવસોમાં પ્રધાનમંત્રીની પ્રત્યક્ષ હાજરીમાં ભારત મંડપમ ન્યુ દિલ્હી ખાતે આયોજિત થનાર રાષ્ટ્રીય કક્ષાના યુવા ઉત્સવમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરશે.

અગાઉના વર્ષોમાં પણ તેઓ નિબંધ સ્પર્ધા, વકૃત્વ સ્પર્ધા, શિઘ્ર વક્તૃત્વ સ્પર્ધા તેમજ કાવ્ય લેખન વગેરે સ્પર્ધાઓમાં વિવિધ કક્ષાએ વિજેતા થયેલ. સંસદ ભવન ખાતે આયોજિત થતી રાષ્ટ્રીય યુવા સંસદ તેમજ રાષ્ટ્રીય યુવા ઉત્સવમાં પણ તેઓ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે. સાથોસાથ તેઓએ યુવા સ્વયંસેવક તરીકે કાર્યરત રહેવા માટે એનએસએસ રાજ્ય પુરસ્કાર પણ પ્રાપ્ત કર્યો છે.

# હિન્દી નાટક ''આખરી લોકલ'' રવિવારે ભજવાશે

## રેલ્વે પ્લેટફોર્મ પર થતી બે અજાણી વ્યક્તિઓની મુલાકાત પરનું નાટક પ્રમુખસ્વામી ઓડીટોરીયમમાં યોજાશે







રાજકોટ મિરર, તા.૧૮

ભારતદેશના રેલવે પ્લેટફોર્મ એ વાર્તા અને લાગણીઓના ભંડાર છે. અનેક લોકોની સુખદ યાત્રાઓ તેમજ કેટલીક દુઃખદ યાતનાઓના સાક્ષી આ પ્લેટફોર્મ રહ્યા હોય છે. ટ્રેનના આવવા જવાના સમય સિવાય મહદ અંશે ખાલી રહેતા પ્લેટફોર્મ ઉપર બે અલગ જ ઉંમર અને વિચારોના વ્યક્તિ એક લોકલ ટ્રેનની પ્રતિક્ષા કરતા હોય છે અને એ સંજોગોમાં બંને વચ્ચે વાતચીતની શરૂઆત થાય છે જેમાં જીવનના તમામ ઈમોશન્સ આવે છે અને આ રીતે ભજવાય થાય છે હિન્દી નાટક આખરી લોકલ.

રાજકોટમાં પ્રથમ જ વખત અલાઈટ ક્રાફટ સ્ટુડિયો પ્રસ્તુત કરવા જઈ રહ્યું છે એક જાણીતું હિન્દી નાટક આખરી લોકલ જેનું આયોજન કરી રહ્યા છે શહેરના જાણીતા અભિનેતા, ઉદઘોષક એવા ચેતસ ઓઝા. આ નાટકમાં મુખ્ય પાત્ર ભજવી રહ્યા છે.

ફિલ્મના અભિનેતા દર્શિલ સફારી કે જેમણે આમિર ખાન, જેવા અનેક જાણીતા દિગ્ગજો સાથે પણ કામ કર્યું છે. આ નાટકમાં એમની સાથે અભિનેતા આર્યન દેશપાંડે. મુંબઈમાં કાર્યરત આ બંને યુવા કલાકારો દ્વારા મંચન થનાર આ નાટક રાજકોટમાં રહેતા નાટ્યપ્રેમીઓ તેમજ હિન્દી ભાષાના ભાવકો માટે એક અનોખો લ્હાવો રહેશે, કારણકે કોમેડીથી લઈને ટ્રેજેડી સુધીના તમામ રસ પ્રેક્ષકોને અનુભવવા મળશે. આ નાટકનો શો આગામી ૨૨ ડિસેમ્બર,૨૦૨૪ ના રોજ રવિવાર ખાતે પ્રમુખસ્વામી ઓડીટોરિયમ,રૈયા રોડ,ખાતે યોજાનાર છે.

# નૂતન દિક્ષીત અમર રહોના નારા સાથે કાંદિવલીમાં ત્રણ નવ યુવાનોની દીક્ષા સંપન્ન

## ત્રણ પ્રોફેશનલ નવ યુવાનોની દીક્ષા હજારો ભાવિકોના નૂતનદિક્ષીત અમર રહોના નારા સાથે મહામંગળકારી રીતે સંપન્ન



પરમ આચાર્ય ભગવંત મુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પંન્યાસ પ્રવર વીતરાગવલ્લભ વિજયજી મહારાજના શિષ્ય તરીકે શ્રી સૂરેન્દ્રનગરના એન્જિનયર વિશ્વેષભાઈનું નૂતન નામ મુનિ ઉપશમતીર્થવિજયજી, સુરેન્દ્રનગરમાં સી.એ.નો અભ્યાસ કરી રહેલા કલ્પકભાઈનું નામ મુનિ કરુણાતીર્થવિજયજી અને પૂજ્ય આચાર્ય ભગંવત મેઘદર્શનસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન મુનિરાજ નિર્મળપુન્ય વિજયજીના શિષ્યરત્ન તરીકે હુબલીના ૨૧ વર્ષના નવયુવાન કલ્પભાઈનું નામ મુનિ કૃપામેઘવિજયજી રાખવામાં આવ્યું હતું.

પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબના પ્રવેશના દિવસે હજારો ભાગ્યશાળીની હાજરીમાં ખૂબ ઉલ્લાસપૂર્વક ૧૦૮ શુકન સાથે સામૈયું કરવામાં આવ્યું હતું. દહાણુકરવાડી જૈન સંઘના યુવાનો કેસરિયાનું નાટક હજારો ભાગ્યશાળીઓએ આંખમાં આસુ સાથે શૌર્યરસને ઉજાગર કરીને નિહાળ્યું હતું. મૌન એકાદશીના શુભ દિવસે સંઘમાં વર્ષીતપના ૫૦૦થી અધિક આરાધકો અને અન્યા ૫૦૦ આરાધકોએ મળીને કુલ ૧૦૦૮ આયંબિલ દ્વારા પ્રસંગ મંગળ કર્યું હતું.

આચાર્ય ભગંવત મહાબોધિસૂરીશ્વરજી મહારાજાએ ૨૧ ગચ્છાધિપતિ ઓના જીવન કમળને અદભુત રીતે વર્ણવીને નમામિ ગચ્છ નાયકમ્ ના ગુણાનુવાદ પ્રસંગથી ત્રિદિવસીય મહોત્સવનો મંગળ પ્રારંભ કર્યો હતો. તે જ દિવસે બપોરે કાંદિવલી પૂર્વના બહેનોના મંડળ દ્વારા વસ્ત્ર રંગવાનો કાર્યક્રમ અદભુત રીતે સંપન્ન કર્યો હતો અને રાત્રે સંયમ સ્પર્શના નેમરસના કાર્યક્રમમાં સંગીતકાર પારસભાઈ ગડા અને નિરવભાઈ સંમકિત યુવક મંડળવાળાએ સાથે મળીને હજારોનીની મેદનીને ભક્તિભાવમાં રસતરબોળ કરી હતી.

મહોત્સવના બીજા દિવસે કાંદિવલીના રાજમાર્ગો પર ત્રણેય મુમુક્ષુઓની શોભાયાત્રા સેંકડો સાધુ-સાધ્વીજી ભગવંતોની હાજરીમાં નીકળી હતી અને કાંદિવલીના રાજમાર્ગો પર પ્રવ્રજ્યા ધર્મની પતાકા ફરકાવતો પસાર થતી હતી. બપોરે મુમુક્ષુઓના અંતિમ વાયણા બાદ સંધ્યા સમયે વિદાયનો પ્રસંગ હકડેઠઠ મેદનીમાં પ્રારંભ થયો હતો.

પ્રતીકભાઈ શાહે શબ્દ સંચાલન દ્વારા વિરતી ધર્મનો જયજયકાર કર્યો હતો અને મુમુક્ષુ કલ્પકભાઈએ કહ્યું હતું કે હું એકનો એક દિકરો હોવા છતાં મારી માતાએ પોતાની ટેકણ લાકડીને શાસનને સમર્પિત કરીને મારા ત્યાગને પણ શરમાવે તેવો મહાત્યાગ કર્યો હતો. હું ભગવાનને પ્રાર્થના કરું છું ત્યાં સુધી આ જ માતાની કુક્ષી પ્રાપ્ત થાઓ. સ્થાનકવાસીમાં જન્મ લીધો હોવા છતાં શ્રી વિશ્વેષભાઈએ પોતાના કલ્યાણ મિત્ર શ્રી કલ્પકભાઈનો આભાર માન્યો હતો કે તેમની પ્રેરણાને કારણે આજે મને ચારિત્ર ધર્મની પ્રાપ્તિ થઈ છે. ત્રણેય મુમુક્ષુઓએ પોતાના ઉપકારીઓને યાદ કરીને આભારદર્શન કરીને સંયમ જીવન નિષ્કંટક બને તે માટે આશીર્વાદ માંગ્યા હતા.

૧૪ ડિસેમ્બર ૨૦૨૪, દીક્ષાના અંતિમ દિવસે સ્વંયભૂ ગાર્ડન કાંદિવલી (પૂર્વ) ખાતે હજારો ભાવિકોની મેદનીથી સમગ્ર મંડપ વહેલી સવારે ભરાઈ ગયો હતો અને શ્રી સંજયભાઈ વખારિયાના સંચાલન હેઠળ સેંકડો પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં શ્રી જતીનભાઈ (બીડ)ના સૂરસ્થવારે ચતુર્મુખ ભગવાનને પ્રદક્ષિણા આપીને દીક્ષાવિધિનો મંગળ પ્રારંભ થયો હતો. ગચ્છાધિપતિ, અનેક આચાર્ય ભગવંતો અને મુનિભગવંતોના વરદ હસ્તે રજોહરણ હર્ષોલ્લાસપૂર્વક અર્પણ કરવામાં આવ્યું હતું અને ત્યાગ ધર્મનો જયજયકાર, શ્રમણ ધર્મનો જય જય કારના નારાથી સમગ્ર સભામંડપ ગુંજી ઊઠ્યું હતું.

સુરેન્દ્રનગર, વઢવાણ લખ્તર, જૂનાગઢ, અમદાવાદ, હુબલી, બેંગ્લોર વગેરે અનેક જગ્યાએથી ૫૦૦ જેટલા ત્રણ મુમુક્ષુઓના મહેમનાનો પધાર્યા હતા અને શાંતિનાથ ઝાલાવાડ જૈન સંઘના ઘરેઘરે આ મહેમાનોને ઊતારો આપવામાં આવ્યો હતો. સંઘના ૧૨૫ જેટલા કાર્યકર્તાઓએ સાધુ-સાધ્વીજી ભગંવોતની વૈયાવચ્ચનથી લઈને ભોજન વ્યવસ્થા સુધીના અનેક કાર્યો સફળ રીતે પાર પાડ્યા હતા. હવે પછી સંઘમાં ૫૪૦ જેટલા વર્ષીતપના આરાધકોની પારણાના મંગલ પ્રસંગની છડી પોકારાઈ રહી છે અને લોકોના હૈયામાં અનેરો આનંદ -ઉલ્લાસ-ઉમંગ પ્રવર્તી રહ્યો છે.



### રેશનકાર્ડ ધારકોને સમયસર અનાજ પહોચાડવા રાજ્ય સરકાર કટીબદ્ધ

# રાજ્યના ૧૦૦ ટકા રેશનકાર્ડ આધાર સાથે લિંક

## ઓગસ્ટ-૨૦૨૨ થી જુલાઇ- ૨૦૨૩ સુધીમાં ફાળવેલ કુલ ૨૧.૬૨ લાખ મે. ટન અનાજની સામે ૨૧.૧૩ લાખ મે.ટન અનાજનું લાભાર્થીઓને વિતરણ : ૧૦ લાખથી નાગરિકોએ 'MY RATION' એપ ડાઉનલોડ કરી

રાજકોટ, તા. ૧૮

રાજ્યના જરૂરીયાતમંદ નાગરિકોને ગુણવત્તાયુક્ત અનાજ આપવાની નેમ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી શરૂ કરી છે. જેને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા છે. અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના નેતૃત્વમાં રાજ્યના રેશનકાર્ડ ધારકોને સમયસર અનાજ પહોચાડવાનો ઉમદા કાર્ય નિરંતર કરવામાં આવી રહ્યું છે.

રાજ્યમાં વસવાટ કરતા રેશનકાર્ડ ધારકોને સમયસર અને પૂરતા પ્રમાણમાં અનાજ મળે તેવા શુભાશયથી ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા- FCI દ્વારા ઓગસ્ટ-૨૦૨૨ થી જુલાઇ-૨૦૨૩ સુધીમાં કુલ ૨૧.૬૨ લાખ મે.ટન અનાજ આપવામાં આવ્યું છે. જેમાં ૯.૬૧ લાખ મે.ટન ઘઉં અને ૧૨.૦૧ લાખ મે.ટન ચોખાનો સમાવેશ થાય છે, જે પૈકી કુલ ૨૧.૧૩ લાખ મે.ટન અનાજનું રાજ્ય સરકાર દ્વારા લાભાર્થીઓને સમયસર વિતરણ કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, Household Consumption Expenditure Survey -HCES અને FCIના ઓગસ્ટ-૨૦૨૨ થી જુલાઇ-૨૦૨૩ માસિક ઉપાડના ડેટાનું એનાલીસીસ કરી ૨૦ મીલીયન ટન ઘઉં અને ચોખા લાભાર્થીઓ સુધી પહોંચ્યા નથી, જે સમગ્ર ભારતની સ્થિતિ દર્શાવે છે, તેમાં બફર, ટ્રાન્ઝીટ અને ઓપરેટીવ રીઝર્વ સ્ટોક બાદ કર્યા સિવાયના આંકડા છે જે બાબતે કેન્દ્ર સરકાર દ્વારા જે તે સમયે સ્પષ્ટતા કરવામાં આવી હતી.

HCES દ્વારા ભારતના ૮,૭૨૩ ગામડાંઓ તથા ૬,૧૧૫ શહેરી બ્લોકના કુલ ૨.૬૧ લાખથી વધુ લાભાર્થી જેમાં ૧.૫૫ લાખથી વધુ ગ્રામીણ વિસ્તારના તેમજ ૧.૦૬ લાખથી વધુ શહેરી વિસ્તારના લાભાર્થીઓનો સરવે કરાયો હતો. આ સરવેમાં NFSAct-૨૦૧૩ હેઠળ આવરી લેવાયેલ લાભાર્થીઓ કે Non- NFSA લાભાર્થીઓ તેની સ્પષ્ટતા કરવામાં આવી નથી.

રાજ્યમાં જાહેર વિતરણ વ્યવસ્થાને વધુ સુદ્રઢ અને પારદર્શી બનાવાના ઉમદા હેતુથી રાજ્ય સરકાર દ્વારા ટેકનોલોજીની મદદથી વિવિધ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યા છે. જે અંતર્ગત રાજ્યમાં રેશનકાર્ડનું ૧૦૦ ટકા e-KYCની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. આ ઉપરાંત લાભાર્થી ઘરે બેઠા e-KYC કરી શકે તે માટે Face Authentication આધારિત ય-ઊંઢઈની સુવિધા ખુ છ્કશિંક્ષક્ષ એપ્લિકેશનમાં તેમજ ગ્રામીણ સ્તરે ગ્રામ પંચાયત કચેરીમાં VCE Üpfp e-gram centre પર e-KYC કરાવવામાં આવે છે. ઉપરાંત e-KYC માટે ૧૦ લાખથી નાગરિકોએ "MY RATION' એપ પણ ડાઉનલોડ કરી છે. રાજ્યમાં આધાર આધારિત વિતરણ વ્યવસ્થા અમલમાં છે. જે અંતર્ગત રેશનકાર્ડની સેવાઓ માટે તમામ સભ્યોના આધારકાર્ડ નંબરનું સીડીંગ ફરજીયાત કરવામાં આવ્યું છે. રાજ્યના ૧૦૦ ટકા રેશનકાર્ડ આધાર કાર્ડ સાથે લિંક કરવામાં આવ્યા છે.

રાજ્યમાં ૧૭,૦૦૦ જેટલી વાજબી ભાવના સંચાલકોની ઓળખ માટે દરેક દુકાનદારના આધાર બેઈઝ્ડ e-KYC કરીને e-Profile દ્વારા ખરાઈ માટેની કાર્યવાહી પ્રગતિમાં છે. ગુજરાતમાં તમામ વાજબી ભાવની દુકાનો eFPS વેબ એપ્લિકેશન દ્વારા કાર્યરત છે. જે રીઅલ ટાઇમ વિતરણ એપ્લિકેશન છે, જે આધાર આધારિત બાયોમેટ્રિક પ્રમાણીકરણનો ઉપયોગ કરીને અથવા O.T.P દ્વારા લાભાર્થી ઓને ઓળખ પ્રસ્થાપિત કરે છે.

નાગરિક પુરવઠા નિગમની વડી કચેરી ગાંધીનગર ખાતે અદ્યતન સુવિધા સાથેનું કમાન્ડ અને કંટ્રોલ સેન્ટર કાર્યરત છે. જેમાં નિગમના તમામ ગોડાઉન કેન્દ્રો ખાતે અંદાજે ૬,૦૦૦ CCTV કેમેરા વડે રાજ્યના તમામ ૨૫૦થી વધુ ગોડાઉન કેમ્પસ તેમજ ૬૫૦થી વધુ ગોડાઉન બિલ્ડીંગનું સઘન મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. સપ્લાય ચેઈન મેનેજમેન્ટના મોનીટરીંગ માટે ICT લોજિસ્ટિક સિસ્ટમ અમલી છે, જેના દ્વારા FCI તરફથી અનાજના જથ્થાનું પરિવહન કરતા ટ્રક તથા નિગમોના ગોડાઉનથી વ્યાજબી ભાવની દુકાનો સુધી ડોર સ્ટેપ ડીલીવરી કરતા ટ્રક/વાહનોનું G.P.S. દ્વારા Tracking કરીને દરેક વાહનની મુવમેન્ટ પર નજર રાખવામાં આવે છે, તેમ અન્ન અને નાગરિક પુરવઠા- ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.